
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
માર્ચ : ૨૦૨૦ ● અંક : ૯
પાના નં. ૧ ● કુલ પેજ :૫૨

૧૫ માર્ચ, ૨૦૨૦ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૩-૨૦૨૦ કિંમત : રૂા. ૧૮/-





**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારજનોના અભ્યાસ કરતાં સર્વે બાળકોને શાળાની વાર્ષિક પરીક્ષાની શુભેચ્છાઓ....**

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

તંત્રીલેખ

# આઝાદીના ૭૩ વર્ષ બાદ પણ કચ્છની ખેતીનો વિકાસ રૂંધાય છે



અશોક મહેતા

વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટ અગાઉ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો માટે ભુજના જળસિંચાઈ વિભાગે ગુજરાત સરકારશ્રી પાસે રૂા. ૫૬૫ કરોડ ફાળવવા દરખાસ્ત મૂકેલ હતી. કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ ઓછામાં ઓછા રૂા. ૨૦૦૦ કરોડ ફાળવવા મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રીને પણ વિનંતી કરતા પત્રો લખેલ હતા. કચ્છના ખેતીની સિંચાઈના પાણીના પ્રશ્ને તાજેતરમાં જ અસ્તિત્વમાં આવેલ "કચ્છ નર્મદા જળ અભિયાન" સંસ્થાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી (નાણાંમંત્રી તથા નર્મદા મંત્રી પણ) શ્રી નીતિનભાઈ પટેલ તથા જળસિંચાઈ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા પર પત્રો લખી ચાલુ વર્ષના બજેટમાં રૂા. ૨૫૦૦ કરોડ ફાળવવાની માંગણી કરેલ હતી. ત્યારબાદ આ માંગણીના સમર્થનમાં તાજેતરમાં જ જેની રચના કરવામાં આવેલ છે તે "કચ્છ ભારતીય કિસાન સંઘ" પણ જોડાઈ ગયેલ હતું.

ઉપરોક્ત પત્રોના લખાણ બાદ ત્રણે મંત્રીશ્રીઓને રૂબરૂ મળવાનો અને કચ્છના પાણીના પ્રશ્નની રજુઆત કરવા માટે સમય માંગવામાં આવેલ હતો. આ બાબત તેઓને પત્રો લખવામાં આવેલ હતા અને તેઓ સાથે મુલાકાત કરાવવા કચ્છના રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીર, કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા તથા આદરણીય શ્રી દિનેશભાઈ ત્રિવેદીને વિનંતી કરવામાં આવેલ હતી કે જે મુલાકાતો આજ દિન સુધી શક્ય બનેલ નથી. તારવણ એ કાઢી શકાય કે ગાંધીનગરને રાજકારણ સિવાય કચ્છના પ્રશ્નોની રજુઆત સાંભળવા સમય નથી તેમજ કચ્છના પ્રબુદ્ધ નાગરિકો અને ખેડૂતોને મળવાનો સમય નથી. અન્ય તરફ કાં તો કચ્છના રાજકારણીઓની વાત સાંભળવામાં આવતી નથી, મતલબ કે તેઓનું ગાંધીનગરમાં ઉપજતું નથી અથવા તો આ રાજકારણીઓની પ્રામાણિક નિષ્ઠા નથી.

કચ્છને વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના ૩.૦૦ M.A.F. પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવેલ હતા. વર્ષ ૨૦૦૦ના પ્રથમ દસકામાં તેના કાર્યોનો અંદાજિત ખર્ચ રૂા. ૪૮૧૨ કરોડ નક્કી કરવામાં આવેલ હતો. આજે વર્ષ ૨૦૨૦માં એ અંદાજ કદાચ રૂા. ૧૦,૦૦૦ કરોડ થઈ શકે છે. જેની સામે ચાલુ બજેટમાં માત્ર રૂા. ૧૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે અને એ પણ બન્ની જળાશયની યોજના માટે, કે જે કેનાલ દૂધઈ બ્રાંચના અંત પછી તેમાંથી નીકળે છે અને દૂધઈ બ્રાંચના કામોને પરિપૂર્ણ થતાં હજુ કદાચ બે વર્ષ લાગે અને ત્યારબાદ જ બન્ની જળાશય માટેની કેનાલમાં પાણી વહાવી શકાશે. પરંતુ સારણ જળાશય, નોર્થર્ન લિંક કેનાલ, સધર્ન લિંક કેનાલ, હાઈ કન્ટુર લિંક કેનાલ વગેરેની કેનાલો અને તેના પમ્પિંગ સ્ટેશન કે જેના કામો તરતમાં ચાલુ થઈ શકે, તે માટે એક પણ રૂપિયાની ફાળવણી કરવામાં આવેલ નથી. દેખીતી રીતે આ પ્રશ્ને કચ્છને અન્યાય કરવામાં આવી રહેલ છે.

બન્ની જળાશયની યોજના સારી છે અને તેનો જરૂર અમલ થવો જોઈએ કે જેના માટે કચ્છનો એકેએક નાગરિક સહમત થશે પરંતુ જ્યારે સરકારશ્રીએ સમગ્ર કચ્છની યોજનાઓનું વિચારવાનું હોય ત્યારે તેની કઈ યોજનાને અગ્રીમતા આપવાથી વધુ ફાયદો થશે તે પણ વિચારવું જરૂરી છે. બન્ની જળાશયની યોજનાના રૂા. ૩૧૨ કરોડના અંદાજની સામે માત્ર રૂા. ૧૦૦ કરોડની ફાળવણી પણ યક્ષપ્રશ્ન બની રહે છે. તેનાથી એ યોજનાનું કાર્ય પણ પરિપૂર્ણ થવાનું નથી.

એક તરફ વધારાના પાણીના ઉત્તર ગુજરાતના કાર્યોને પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. સૌરાષ્ટ્રના કામો લગભગ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬ ઉપર)



www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99



અંગ્રેજી શીખવા માટેનાં શ્રેષ્ઠ પ્રકાશનો...
રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક અભ્યાસાર્થીઓને લક્ષમાં રાખીને ખાસ આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.
સ્પીકવેલ ઇંગ્લિશ
NAVNEET IMPROVE Your English
NAVNEET START SPEAKING ENGLISH NOW
અંગ્રેજી શીખો પાકું પાકું
અંગ્રેજી બોલો સાચું સાચું
EASY ENGLISH PATHMALA PART 1
EASY ENGLISH PATHMALA PART 2
EASY ENGLISH PATHMALA PART 3
ડિક્શનરીઓ
શબ્દોના ખજાનારૂપ 'ગાલા'ની અતિ ઉપયોગી
GALA'S COMBINED DICTIONARY
English-Gujarati & Gujarati-English
ગાલા પૉકેટ ડિક્શનરી
GALA'S POCKET DICTIONARY
(English - Gujarati)
NAVNEET GLOBAL DICTIONARY
NAVNEET GLOBAL DICTIONARY
A Complete Dictionary
GALA'S LITTLE DICTIONARY
(English - Gujarati)
Navneet English Dictionary
Navneet English Dictionary
Navneet English Dictionary
Pocket Edition
અંગ્રેજી – ગુજરાતી
અને
ગુજરાતી – અંગ્રેજી
NAVNEET
દરેક બુકસેલરને ત્યાં મળે છે.

વર્ષ-૩૩ ● અંક - ૯
૧૫ માર્ચ, ૨૦૨૦



**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર



**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**


●


**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.



'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


## આ અંકમાં....


**તંત્રી લેખ**
- આઝાદીના ૭૩ વર્ષો બાદ પણ કચ્છની ખેતીનો વિકાસ રૂંધાય છે .......... **અશોક મહેતા**....૨

**કચ્છ**
- પાણીદાર પ્રદેશ કચ્છનો પાણી પ્રશ્ન
  નર્મદા નદીના પાણી તેનો એકમાત્ર ઉકેલ .......... **અશોક મહેતા**....૭
- કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૨
  ભુજપુર - મોટી ખાખરનાં જિનાલયો.......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૧૧
- તવારીખે શ્યામજી .......... **ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'**....૧૩

**ઐતિહાસિક વાર્તા શ્રેણી**
- અદૃશ્ય પાત્રો - ૪ : લંઘો .......... **હરેશ ધોળકિયા**...૧૫

**ઇતિહાસ**
- સરસ્વતી નદીનો ઇતિહાસ.......... **ડૉ. જયનારાયણ વ્યાસ**....૨૧

**મહિલા જગત**
- મહિલા સશક્તિકરણ – સમગ્ર માનવ સમુદાય માટે ચિંતનનો વિષય.... **ડૉ. કિશોર સાધુ**...૨૨
  **મદદનીશ પ્રકાશન અધિકારી, ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

**પર્યાવરણ**
- વિશ્વ વન દિવસ : માર્ચ ૨૧ .......... **ડૉ. મિહિર એમ. વોરા**...૨૫

**પક્ષી જગત**
- વિશ્વ ચકલી દિવસ.......... **ગુલાબચંદ ધારશી રાંભિયા**...૨૬

**જીવન**
- જીવનનો સુવર્ણકાળ : વૃદ્ધાવસ્થા .......... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૨૭

**ગુજરાતી કથાગીતો**
- ગુજરાતી સાહિત્યની અમરકથા : નેમ રાજુલ.......... **સંકલન : જીના વીરેન શેઠ**...૨૯

**અતીતના ઝરૂખેથી**
- કાગળ પત્રની રંગબેરંગી દુનિયા.......... **રમીલા મહેતા**...૩૨

**બોધ કથા**
- ફકરા અસત્યના હોય, સત્ય બે લીટીનું હોય .......... **ભોલાભાઈ ગોલીબાર**....૩૩

**લઘુકથા**
- આચાર્ય .......... **ભટ્ટ ધીમંત પ્રાણશંકર**....૩૪
- ઘરડાઘર .......... **અમિત ચૌહાણ**....૩૪

- **અન્ય સંસ્થાઓના સમાચાર** .......... ૩૬-૪૦
- **પ્રતિભાવ** .......... ૪૦

**વિવિધતા**
- ભારતની પ્રથમ મહિલા ગેમ .......... **ભાવના એ. ઝવેરી**...૪૧
- **શબ્દ શોધ** : ક્રમાંક-૯૨ .......... **પ્રદીપ જોશી**...૪૪
- કાવ્યો.......... ...૪૫

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૮) .......... **તુલસીદાસ કંસારા**...૪૬

**સંસ્થા સમાચાર**
- પરિણય મિલન ● અવસાન નોંધ .......... ...૪૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ...૪૮

## તંત્રીલેખ

(અનુસંધાન : પાના નં.-૨ (કવરપેઇજ-૨) ઉપરથી ચાલુ)

*પૂર્ણાહુતિના આરે આવીને ઊભા છે કે જ્યારે કચ્છના વધારાના પાણીના કાર્યો માટે ગુજરાત સરકાર શા માટે યોગ્ય રીતે ફાળવણી કરતી નથી તે એક ગંભીર પ્રશ્ન ઊભો થયેલ છે.*

*અન્ય તરફ કચ્છને નિયમિત પાણીના કાર્યો માટે ચાલુ વર્ષના બજેટની વાત કરીએ તો તેમાં પણ માત્ર રૂા. ૧૦૮૪ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. છેલ્લા ત્રણ વર્ષની વાત કરીએ તો દરેક વર્ષે બજેટમાં રૂા. ૧૦૦૦ કરોડની આસપાસની ફાળવણી સામે દર વર્ષે રૂા. ૫૦૦થી રૂા. ૬૦૦ કરોડ વાપર્યા વગર વર્ષાંતે પરત જાય છે. તેથી માનવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન પણ આ પ્રકારની પરિસ્થિતિનું જ નિર્માણ થઈ શકે. તે સામે બાકી કામોનું લીસ્ટ બનાવીએ તો (૧) આદિપુર અથવા ટપ્પર ડેમથી માંડવીની મોડકુવા સુધીની લગભગ ૧૨૫ કિ.મી.ની કેનાલના કામ બાકી રહે છે. (૨) દૂધઈ બ્રાંચ કેનાલની મોટાભાગની કેનાલના કામ બાકી રહે છે. (૩) ગાગોદર તથા વાંઢિયા બ્રાચની કેનાલોના કામ ૧૦૦ ટકા પરિપૂર્ણ કરવામાં આવેલ નથી. (૪) શાખા-પ્રશાખા કેનાલોના કામ બાકી રહે છે. (૫) રાપર - ભચાઉ સિવાય કચ્છના મોટાભાગમાં પાણી મંડળીઓની રચના કરવાની બાકી છે. (૬) રાપર - ભચાઉની મંડળીઓ પણ કાર્યરત કરવામાં આવેલ નથી. મોટાભાગની મંડળીઓ પેપર પર જ છે. (૭) ૨,૮૫,૦૦૦ એકર જમીનમાંથી ભાગ્યે જ નોંધપાત્ર એકરમાં આ પાણી પહોંચાડી શકાયા છે. આ બધા જ ખર્ચની સામે રૂા. ૧૦૮૪ કરોડની ફાળવણી પણ યોગ્ય રકમ ન કહેવાય. તેનો મતલબ એ થયો કે નિયમિત પાણીની કેનાલોના કામો પણ વર્ષાંતે તો પૂરા થવાના નથી પરંતુ હજુ બીજા કેટલા વર્ષો લાગશે તેનો પણ સરકારશ્રી દ્વારા ખુલાસો કરવામાં આવતો નથી.*

*આ સામે નોંધવાલાયક હકીકત તો એ છે કે કચ્છનું પ્રતિનિધિમંડળ કરતાં ભાજપના ધારાસભ્યશ્રીઓ અને ભાજપના અગ્રણીઓ સરકારશ્રી સામે કચ્છનો કેસ રજૂ કરવાને બદલે તેના ગુણગાન ગાવામાં અને તેની કદમપોષી કરવામાં પડી ગયા છે. કેટલાક કહ્યાગરા નાગરિકોને ગાંધીનગર લઈ જઈ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને કચ્છ માટે સારા કામો કર્યા બદલ પાઘડી પહેરાવવા લાગી ગયા છે. આ નેતાગીરી માટે શું શબ્દો વાપરવા એ જ પ્રશ્ન થાય છે. તેઓએ કચ્છના હિતોને કોરાણે મૂકી દીધેલ છે.*

*આ પરિસ્થિતિમાં કચ્છનું હિત જોવા અને તેના એકેએક નાગરિકોના હિત જાળવવા "કચ્છ નર્મદા જળ અભિયાન" તથા "કચ્છ ભારતીય કિસાન સંઘે" નેતૃત્વ જાળવી, સમગ્ર કચ્છના હિતમાં આગળની કાર્યવાહી વહેલી તકે હાથ પર લેવી જરૂરી બની રહે છે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***


### શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm • **કલર** : મલ્ટી કલર

- કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

કચ્છ

# પાણીદાર પ્રદેશ કચ્છનો પાણી પ્રશ્ન – નર્મદા નદીના પાણી તેનો એકમાત્ર ઉકેલ



અશોક મહેતા

કચ્છની ગણના એક દુષ્કાળગ્રસ્ત પ્રદેશ તરીકે કરવામાં આવે છે. એ નોંધનીય છે કે અહીં ૧૦ વર્ષમાંથી ૭ વર્ષ દુષ્કાળના જાય છે. સૈકાઓ જૂની આ કથની છે. અને જે વર્ષે સારો વરસાદ પડે છે તે સરેરાશ ૧૨થી ૧૪ ઇંચ જેટલો હોય છે. તેથી કોઈ પણ પ્રકારના અનાજ, રોકડિયા પાક કે બાગાયતી પાકો માટે તે અપૂરતો ગણાય છે. પરિણામ સ્વરૂપે અહીં વસવાટ કરનાર ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી પોતાનું જીવન અસ્તિત્વ ટકાવી રાખે છે. પરિણામે કચ્છની પ્રજા ખડતલ તો બની જવા પામેલ છે પરંતુ જીવન ટકાવવા તેને ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે.

રોજીરોટીના અહીં પૂરતા સાધનો ન મળતા હોવાથી, જેઓને તક મળે તેઓ કચ્છ બહાર નીકળી જાય છે. આ સીલસીલો કદાચ ૮૦૦-૧૦૦૦ વર્ષથી ચાલુ રહેવા પામેલ હશે. એ સમયે માર્ગ વ્યવહાર કે રેલ વ્યવહારનો વિકાસ થયેલ ન હોવાના કારણે દરિયાઇ વાટે લોકો મુસાફરી કરતા હતા. લોકો વહાણ વાટે અન્ય દેશમાં પોતાના નસીબ અજમાવવા નીકળી જતા. એ સમયે લોકો એડન, દારેસલામ, મોમ્બાસા, યુગાન્ડા, ટાંગાનિકા, નૈરોબી વગેરે સ્થળે જઇ ત્યાં વસવાટ કરતા. સ્વભાવગત ખડતલ પ્રજા હોવાથી ત્યાં જઇ કચ્છીઓએ અનેરો વિકાસ હાંસલ કરેલ છે કે જે દરેક કચ્છી માટે ગૌરવપ્રદ બીના ગણી શકાય. ત્યારબાદ વાહન વ્યવહાર અને રેલ વ્યવહાર શરૂ થતાં લોકો મુંબઈ, કલકત્તા, મદ્રાસ વગેરે સ્થળે જઇ પોતાની રોજીરોટી માટે પ્રયાસ કરવા લાગ્યા અને ત્યાં ઠરીઠામ પણ થયા.

પરંતુ જે લોકો પરદેશ ના જઇ શક્યા, તેઓ કચ્છમાં જ વસવાટ કરતા રહ્યા અને પોતાનો જીવન નિર્વાહ ચલાવવા ખૂબ જ હાડમારી વેઠતા રહ્યા. આ પ્રદેશની કઠણાઈ દૂર કરવા એક જ ઉપાય રહેતો હતો કે વરસાદી પાણી સિવાય અન્ય કોઈ પાણી કચ્છમાં લાવવામાં આવે અથવા કચ્છમાં બહારની કોઈ અન્ય બારમાસી નદીઓના પાણી વહાવવામાં આવે અને તો જ કચ્છની પ્રજા સુખચેનથી જીવી શકે.

કચ્છ, એ સિંધુ નદીનો તટપ્રદેશ એટલા માટે ગણાતો હતો કે આજથી ૮૦૦ વર્ષ અગાઉ સિંધુ નદીના પાણી કચ્છના નાના રણમાંથી વહી ખંભાતના અખાતને મળતા હતા. એ સમયે કચ્છમાં દુષ્કાળની પરિસ્થિતિ ન હતી. ત્યારબાદ બારમી સદીના ભૂકંપે સિંધુ નદીને ૩૦૦ કિ.મી. પશ્ચિમમાં ખસેડી નાખી અને ત્યારબાદ ઉત્તરોત્તર કચ્છ વેરાન પ્રદેશ બનતો ગયો.

૧૯૪૭ની આઝાદી પછી ઉત્તરની છ નદીઓના પાણીની ફાળવણી ભારત અને પાકિસ્તાન વચ્ચે કરવામાં આવી. એ સમયે કચ્છમાં એવી માન્યતા ઉત્પન્ન થયેલ કે કચ્છ એ સિંધુ નદીનો તટપ્રદેશ ગણાતો હોવાથી તેના ભાગે સિંધુ નદીના પાણી ફાળવવામાં આવશે. પરંતુ એ સમયે એ આશા કારગત ના નીવડી. ત્યારબાદ રાજસ્થાન કેનાલને કચ્છ સુધી લંબાવવાની વાત આવી. તેનું પણ અમલીકરણ ના થઈ શક્યું. મચ્છુ નદીના પાણીની વાત પેપર પર જ રહી. એ સમયે વાતો ઘણી થતી રહી પરંતુ કચ્છના ભાગે કોઈ પણ નદીના પાણી નસીબ ના થયા.

ત્યારબાદ વર્ષ ૧૯૭૯માં નર્મદા નદીના પાણીની ફાળવણીનો કેન્દ્રીય જળપંચનો ચુકાદો આવ્યો. આ ચુકાદા અનુસાર કચ્છના ભાગે ૦.૨ M.A.F. પાણી આવ્યા. ત્યારબાદ મહીસાગર પ્રદેશના પાણી કચ્છને ફાળવવામાં આવતા એ પાણીનો જથ્થો ૦.૫ M.A.F. નો થયો. ત્યારબાદ વર્ષ ૨૦૦૬માં કચ્છને નર્મદા નદીના વધારાના ૩.૦૦ M.A.F. પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવ્યા. એ સમયે કચ્છમાં સર્વત્ર લાગણી ફરી વળી કે હવે કચ્છના નસીબમાં સુધારો આવશે અને આ પ્રકારના પાણી મળતા કચ્છનું જીવનધોરણ સુધરી શકશે. પરંતુ પાણી પ્રશ્ને કચ્છની આજની પરિસ્થિતિ શું છે તેનું વિશ્લેષણ કરીએ.

- **નર્મદા નદીના પીવાના પાણી :**

કચ્છના બધા જ ૯૦૦ ગામમાં આ પીવાનું પાણી પહોંચાડવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. તેમ છતાં આજે ચુકાદાના ૨૧ વર્ષ બાદ પણ **કચ્છના ૩૦૦ ગામોમાં આ પાણી પહોંચાડવામાં આવેલ નથી. જે ગામો અને શહેરોમાં આ પાણી પહોંચાડવામાં**

*સ્નાન હો ઘરમાં કે પછી ગંગા તટે, છે શરત એક જ કે તું ભીતરથી શુદ્ધ થા.*

**આવેલ છે ત્યાં પાણીનો સપ્લાય ખૂબ જ અપૂરતો છે અને તે પણ અનિયમિત છે.** તેથી કચ્છની પ્રજામાં આ બાબતે પૂરેપૂરો અસંતોષ વ્યાપી રહેલ છે.

- **નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી :**

નર્મદા નદીની મુખ્ય કેનાલના હમીરપર ગામ પાસેથી કચ્છ બ્રાંચ કેનાલના કામો સરદાર સરોવર નર્મદા નિગમે વર્ષ ૨૦૦૬માં શરૂ કર્યા. હમીરપરથી માંડવીના મોડકુવા સુધીની ૩૫૨ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલ, કામ શરૂ થયાના આજે ૧૪ વર્ષ બાદ માત્ર ટપ્પર ડેમ સુધી આ કેનાલ પહોંચી શકી છે. ટપ્પર ડેમથી માંડવીના મોડકુવા સુધી આ કેનાલના પાણી પહોંચાડવાના હજુ ૧૨૫ કિ.મી. બાકી છે. તેની પેટા કેનાલો, માઈનોર કેનાલો વગેરેના કામ હજુ શરૂ થયા નથી. તેથી ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડવાની પ્રક્રિયા તો પુષ્કળ માત્રામાં બાકી રહેવા પામેલ છે. અમુક જ પણ પાણી મંડળીને આજ દિવસ સુધી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. **આયોજન મુજબ ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડવાની સામે કચ્છની એક પણ એકર જમીનમાં આ પાણી પહોંચાડી શકાયા નથી.** પરિણામે કચ્છની પ્રજા સર્વગ્રાહી રીતે આ પાણીનો ઉપયોગ કરી શકતી નથી. આ પાણી થકી કચ્છના ખેડૂતને ખેતી દ્વારા જે રૂા. ૫૦૦ કરોડનો દર વર્ષે નફો થવાનો છે તે વાત તો વર્ષોથી લંબાતી જાય છે. ગુજરાત સરકારશ્રી, નર્મદા નિગમ અને સંપાદન અધિકારીઓની ઢીલી નીતિના કારણે તેના પરિણામો કચ્છના ખેડૂત ભોગવી રહ્યો છે.

- **નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી :**

નર્મદા નદીના વધારાના ૩.૦૦ M.A.F. પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણી ફાળવવાનો પરિપત્ર ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૬માં બહાર પાડવામાં આવ્યો. એ પરિપત્ર બહાર પાડવાના **ચૌદ વર્ષ બાદ આજે પણ આ કામોની શરૂઆત ગુજરાત સરકારશ્રીના જળસિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવી નથી.** પરિણામે એ પાણી થકી કચ્છના જે ૮.૨૫ લાખ એકર જમીનમાં સિંચાઈ થવાની હતી તે આજે પણ અધ્ધરતાલ રહેવા પામેલ છે. પરિણામે કચ્છનો ખેડૂત દર વર્ષે ઓછામાં ઓછા રૂપિયા ૧૫૦૦ કરોડની આવક ગુમાવી રહેલ છે.

નિયમિત પાણી અને વધારાના પાણીના કાર્યો ન થઈ શકવાના કારણે કચ્છના ખેડૂત વર્ગમાં અને કચ્છની સામાન્ય પ્રજામાં અસંતોષ વ્યાપી રહેલ છે.

- **કચ્છ નર્મદા જળ અભિયાન :**

નર્મદા નદીના પીવાના પાણીના કાર્યો અને બંને પ્રકારના સિંચાઇના પાણીના કાર્યો ન થવાના કારણે કચ્છના ખેડૂત વર્ગ અને આમ પ્રજામાં જે અસંતોષ વ્યાપી રહેલ છે તેને વાચા આપવા કચ્છના ખેડૂત આગેવાનો અને પ્રબુદ્ધ નાગરિકોએ એકત્ર થઇ વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં “કચ્છ નર્મદા જળ અભિયાન” સંસ્થાની રચના કરેલ છે અને કચ્છની આમ જનતાનો આ પ્રશ્ન હાથ પર લીધેલ છે.

કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિની મુખ્ય વાત નીચે મુજબ રહેવા પામેલ છે :

૧. **કચ્છના ગામેગામમાં નર્મદા નદીના પીવાના પાણી પર્યાપ્ત માત્રામાં ત્વરિતપણે પહોંચાડવામાં આવે.**

૨. **કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી આયોજન મુજબના ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં તાત્કાલિક પહોંચાડવામાં આવે.**

૩. **કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યોનો આરંભ કરી તેને આવતા બે વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવે અને એ માટે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે.**

ઉપરોક્ત હકીકતની રજુઆત કરતા પત્રો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા મંત્રી અને નાણાંમંત્રી પણ) નીતિનભાઈ પટેલ, જળસિંચાઇ વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચેરમેન / મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને પણ મોકલવામાં આવેલ છે અને તેની કોપીઓ કચ્છના મંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રી તથા અન્ય અનેક રાજદ્વારી નેતાશ્રીઓને પણ મોકલવામાં આવેલ છે.

આ પ્રશ્ન હવે પછી જો ગુજરાત સરકાર ઢીલી નીતિ અપનાવશે તો આ સમિતિએ ગાંધી ચીંધ્યા માર્ગે આગળ વધવાનો નિર્ણય પણ લઈ લીધેલ છે.

- **યોજના આડે ભયસ્થાન**

કેન્દ્રીય જળપંચે વર્ષ ૧૯૭૯માં જે ચુકાદો આપેલ છે તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે ૪૫ વર્ષ બાદ તેઓશ્રી દ્વારા આ યોજનાના કાર્યોની સમીક્ષા કરવામાં આવશે કે જેની અવધિ વર્ષ ૨૦૨૪માં પૂરી થાય છે. જેને હવે માત્ર ૪ વર્ષ બાકી રહે છે. એ સમયે જે રાજ્યોએ પાણીનો વપરાશ ના કરેલ હોય તેના માટે ફેર વિચારણા પણ કરવામાં આવશે.

આ પરિસ્થિતિમાં ઉપરોક્ત પાણી જો યોજના અનુસાર કચ્છના ખેતરે ખેતર સુધી નહીં પહોંચેલ હોય અને એ પાણીનો ખેતીમાં વપરાશ નહીં થયેલ હોય તો તે પાણી ઝુંટવાઈ જવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે. તેથી સદીઓ પછી નર્મદા નદીના પાણી થકી કચ્છનો પાણી પ્રશ્ને કંઈક ઉકેલ આવવાની પરિસ્થિતિ ઝુંટવાઈ જશે તો કચ્છને પાછો દુષ્કાળનો સામનો કરવાનો આવશે. આ પરિસ્થિતિમાંથી ઉગરવા ગુજરાત સરકારશ્રીએ કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણીના કાર્યો અને વધારાના પાણીના કાર્યો સત્વરે પૂરા કરવા જોઈએ તેવી **"કચ્છ નર્મદા જળ અભિયાન"** સમિતિની માંગણી રહેલ છે.

- **કચ્છની બાકી રહેતી જમીનમાં ખેતી માટેના પાણી :**

કચ્છનો વિસ્તાર ૪૫ હજાર ચોરસ કિ.મી. છે. તેમાંથી અડધો રણપ્રદેશનો વિસ્તાર બાદ કરતાં બાકી ૨૨ હજાર ચોરસ કિ.મી. જમીન રહે. આ જમીનમાંથી શહેરો, ગામડાઓ, રસ્તા, નદી નાળા, ખરાબાની તથા ડુંગર વગેરે પ્રકારની ૫૦ ટકા જમીન બાદ કરીએ તો ખેતીલાયક ૧૧ હજાર ચો.કિ.મી. જમીન રહેવા પામે છે. એક ચોરસ કિ.મીટરે ૨૫૦ એકરની ગણનાએ ૨૭,૫૦,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે. નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી થકી અંદાજે ૧૧,૦૦,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે. તેથી કચ્છની હજુ પણ અંદાજિત ૧૬,૦૦,૦૦૦ એકર જમીનમાં ખેતી કરવા વધુ પાણીની આવશ્યક્તા રહે છે.

- **એન.એ. થયેલ જમીનના ફાજલ પડેલ પાણી**

કેન્દ્રીય જળપંચનો ચુકાદો વર્ષ ૧૯૭૯માં આવ્યો. એ ચુકાદા અનુસાર ગુજરાતને જે ૯.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવ્યા તેના થકી ૪૫ લાખ એકર જમીનમાં ખેતી કરવાના આયોજનો હતા. નિયત કરવામાં આવેલ એ ૪૫ લાખ એકર જમીનમાંથી હજારો એકર જમીન આજે N.A. થઈ ગયેલ હોવાથી એ જમીનને ફાળવાયેલ પાણી આજે ફાજલ પડી રહેલ છે. "કચ્છ નર્મદા જળ અભિયાન" સમિતિની માંગ રહેલ છે કે એ પાણી દુષ્કાળગ્રસ્ત કચ્છ પ્રદેશને ફાળવવામાં આવે કે જેથી ત્યાં વધુ પ્રમાણમાં સિંચાઈ થઈ શકે.

- **નદીઓના ઇન્ટરલીંકથી મેળવવામાં આવેલ પાણી :**

ભારતમાં ગંગા, જમના, બ્રહ્મપુત્રા, કાવેરી જેવી બારમાસી નદીઓ વહે છે કે જેના પાણી અમાપ માત્રામાં દરિયામાં વહી જાય છે. આજથી એક-બે દાયકા અગાઉ એ યોજના વિચારવામાં આવેલ હતી કે આ નદીઓને કેનાલ દ્વારા ઈન્ટરલિંક કરી તેના પાણી ખેતીને લાયક અને જરૂરિયાતવાળી જમીનને પહોંચાડવામાં આવે કે જેથી ભારતભરમાં ખેતીનું પ્રમાણ વધારી શકાય. આ યોજનાઓમાંથી કેટલીક યોજનાના નકશા તૈયાર કરી દેવામાં આવેલ હતા. કચ્છની માંગ છે કે જ્યારે નદીઓને જોડવાની વાત આવે ત્યારે એ પાણી કચ્છને પણ ફાળવવામાં આવે કે જેથી કચ્છ જેવા સૂકા પ્રદેશમાં ખેતીનો વિકાસ થઈ શકે.

- **રણ સરોવર**

આજથી અંદાજિત ૫૦ વર્ષ પહેલા અમૃત પંચાલે રણ સરોવરની યોજના ઘડી કાઢેલ હતી અને તેને લગતા લેખો એ સમયે કચ્છના વર્તમાનપત્રોમાં પણ પ્રસારિત કરવામાં આવેલ હતા. એ યોજના અનુસાર સૂરજબારીના પૂલ નીચે બંધ સ્વરૂપે આડી દીવાલ રચી દેવામાં આવે કે જેથી દરિયાના ખારા પાણી કચ્છના નાના રણમાં આવતા અટકી જાય. આ નાના રણમાં અંદાજિત ૧૧૦ નદીઓના પાણી દર વર્ષે ઠલવાય છે કે જેથી હાલે તે ખારા પાણીનો સરોવર બને અને દસેક વર્ષ બાદ તેમાંથી ખારાશ નીકળી ગયા બાદ તે મીઠા પાણીનો સરોવર બની શકે. (કલ્પસરની યોજના પણ આ જ પ્રકારની છે.) મીઠા પાણીનો ઉપયોગ ખેતી વગેરેમાં થઈ શકે એ એક પ્રકારની વાત છે જ્યારે અન્ય રીતે વિચારીએ તો નૈઋત્યના ભેજવાળા પવનો જ્યારે ચોમાસા દરમ્યાન કચ્છમાંથી પસાર થાય ત્યારે આ વિશાળ જળરાશિના કારણે તે ઓગળવા માંડે અને કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં તેના થકી સારો વરસાદ પડી શકે. અત્યારની વાત કરીએ તો આ ભેજવાળા પવનો આબુની પર્વતમાળા પાસે અટકી જઈ ત્યાં લગભગ ૪૦ ઈંચ જેટલો વરસાદ પાડે છે. રણ સરોવર થકી આ વરસાદ કચ્છમાં પડી શકે અને તેના થકી કચ્છનો દુષ્કાળનો ભય કાયમ માટે નીકળી જાય. આ યોજનાને હાલે અજંતા - ઓરેવા ગ્રુપના ડાયરેક્ટર શ્રી જયસુખભાઈ પટેલે હાથ પર લીધેલ છે અને તેઓશ્રીના આ બાબતના પત્ર વ્યવહાર ગુજરાત સરકારશ્રી અને કેન્દ્ર સરકાર સાથે સતતપણે ચાલુ રહેલ છે. અગર રણ સરોવરની આ યોજના થકી કચ્છમાં શ્રીકાર વરસાદ વરસવાનો શરૂ થાય તો કચ્છનો ઈતિહાસ જ બદલાઈ જવા પામે. કચ્છની જનતા આ રણ સરોવરની યોજના માટે શ્રી જયસુખભાઈ પટેલને પૂરેપૂરો સાથ અને સહકાર આપવા તત્પર છે.

- **કચ્છના પોતાના પાણી :**

કચ્છમાં સરેરાશ ૧૨ ઈંચથી ૧૪ ઈંચ

વરસાદ ૫ડે છે. મોટાભાગનું વરસાદનું પાણી દરિયામાં વહી જાય છે. અગર આ પાણી સંગ્રહી રાખવાની યોજના સરકારશ્રી દરેક ગામને ફરજિયાતપણે લાગુ કરાવડાવે અને એ યોજના થકી ત્યાંની ગ્રામ પંચાયત દ્વારા હયાત તળાવને ઊંડા કરાવડાવે, એ તળાવોમાં થતી પાણીની આવકનો માર્ગ ક્લિયર કરાવડાવે અને નવા તળાવો તથા ચેક ડેમો બનાવડાવી ૮૦ X ૨૦ (૬૦ X ૪૦ નહીં)ની યોજના થકી આ કામો વિશાળ પાયે હાથ પર લેવડાવે તો દરેક ગામ પાણી ક્ષેત્રે સ્વાવલંબી બની શકે.

- **કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિનો બીજો તબક્કો**

કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિ તેના બીજા તબક્કામાં નીચે મુજબની કાર્યવાહી હાથ પર લઈ શકે તેવી પૂરેપૂરી શક્યતા રહેવા પામેલ છે.

૧. ગુજરાતની નર્મદા યોજનાની ખેતી માટેની N.A. થયેલ જમીનના ફાજલ થયેલ પાણી કચ્છને ફાળવવામાં આવે.

૨. ભારતની બારમાસી નદીઓને કેનાલો દ્વારા ઇન્ટરલિંક કરવાની યોજનાનો અમલ કરવામાં આવે અને એ પાણી કચ્છ સુધી પહોંચાડવામાં આવે.

૩. રણ સરોવરની યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં આવે.

૪. ગ્રામ પંચાયતો દ્વારા કચ્છના ગામેગામ વરસાદી પાણીનો સંગ્રહ કરાવવામાં આવે.

અંતમાં એવું તારવણ કાઢી શકાય કે પ્રથમ તબક્કાની યોજના થકી કચ્છમાં ખેતીનો સારો એવો વિકાસ થઈ શકે અને બીજા તબક્કાની યોજના થકી કચ્છ નંદનવન બની શકે. કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિ આ બંને તબક્કાની યોજનાને મૂર્ત સ્વરૂપ અપાય તે માટેના પોતાના પ્રયાસો જારી રાખવા કટિબદ્ધ છે.

- **છેલ્લા સમાચાર :**

**ગુજરાત સરકારશ્રીએ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના દિવસે તેના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં કચ્છના વધારાના પાણીની યોજનાના રૂા. ૪૮૧૪ કરોડના અંદાજિત ખર્ચની સામે માત્ર રૂા. ૧૦૦ કરોડની ફાળવણી કરેલ છે. તેના પરથી એ સાબિત થાય છે કે કચ્છ માટે હજુ કઠિનાઇના દિવસો દૂર થયા નથી. કચ્છનો જાગૃત પ્રજામત હવે આ નિર્ણય સામે બહાર પડે તેની રાહ જોવાઈ રહેલ છે.**

*૨૦૩, સવિતા એન્ક્લેવ,*
*સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## તવારીખે શ્યામજી

**(અનુસંધાન : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)**

બ્રિટીશ સમાજવાદી પક્ષના નેતા મિ. ફ્રેડમેનના હસ્તે અપાયું એ પણ નોંધવા જેવું છે. દરમ્યાન ૧૭મી ઓગસ્ટ, ૧૯૦૭માં મદનલાલ ઢીંગરાને પેન્ટો વિલેની જેલમાં ફાંસી અપાઈ.

આ દરમ્યાન સને ૧૯૦૭ના ૧૮મી ઓગસ્ટના, સ્ટુડગાર્ડના સમાજવાદીઓના અધિવેશનમાં ભિકાઈજી, રૂસ્તમજી કામા, શ્યામજી વગેરેએ ભિકાઈજીની સાડીઓ ફાડી તેમાંથી બનાવેલ ભારતનો પહેલવહેલો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.

બ્રિટીશ સરકારનું દબાણ વધતાં શ્યામજીએ લંડન છોડી પેરિસ તરફ પ્રયાણ કર્યું. તા. ૨૮-૨-૧૯૦૯ના રોજ ગણેશ સાવરકરને કાળા પાણીની સજા થઇ. એ જ વર્ષે ૧લી જુલાઈએ, સાંજે ૮ વાગે લંડનના જહાંગીર હોલમાં મદનલાલ ઢીંગરાએ ચાલુ કાર્યક્રમે જનરલ વાયલીની હત્યા કરી. મદનલાલને પણ ફાંસી અપાઈ.

અહીં પેરિસમાં રહેવું જોખમી બનતાં ૨૩મી એપ્રિલ, ૧૯૧૪માં તેઓ જિનિવા ગયા. અહીં ભાનુમતિને પણ તેડાવી લીધા.

આ રીતે જિનિવામાં રહી તેઓ ચૂપચાપ આઝાદીના આંદોલનો ચાલુ રાખી રહ્યા હતા. દરમ્યાન તેઓ બીમાર થતાં, જિનિવાની હોસ્પિટલમાં દાખલ થયા અને ત્યાં તા. ૩૦-૩-૧૯૩૦ના રોજ રાત્રે ૨૩.૪૫ કલાકે તેઓએ અંતિમ શ્વાસ લીધા. ત્યાર પછી સરદારસિંહ રાણાની સલાહથી શ્યામજીની બધી મિલ્કતનું “શ્યામજી કૃષ્ણવર્મા ટ્રસ્ટ” બનાવવામાં આવ્યું અને ૧૦૦ વર્ષનું ભાડું ભરી, શ્યામજી અને ભાનુમતિ વર્માના અસ્થિ સાચવી રખાયા હતા જે ‘વીરાંજલિ યાત્રા’ દરમ્યાન ૨૦૦૩માં શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારત લાવ્યા અને માંડવી નજીક ‘ઇન્ડિયા હાઉસ’માં રાખવામાં આવ્યા છે.

શ્યામજીના જીવન અંગે લખનારાઓનું ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ માંડવી મધ્યે, તે સમયના નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

આ રીતે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છની વિભૂતિ હતા અને વીર સાવરકર જેવાને પોષનાર, પાળનાર અને એમને વીર બનાવનાર શ્યામજી કૃષ્ણવર્માને હવે આટલા વર્ષો થયા છે ત્યારે શ્રધ્ધા સુમન અર્પવામાં આપણે સહુ જોડાઈ તેમને શ્રધ્ધા સુમન અર્પીએ. ■

*ધીમે ધીમે વૃદ્ધિ પામી તું વૃદ્ધ થા, કાં પછી સર્વસ્વ ત્યાગી તું બુદ્ધ થા.*

*શોધવા જાય તો શોધાય નહીં, સાંભળવા જાવ તો સંભળાય નહીં, લખવા જાવ તો લખાય નહીં અને પૂછવા જાવ તો પૂછાય નહીં, એને કહેવા લાગણી!*

કચ્છ

કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૨

# ભુજપુર - મોટી ખાખરનાં જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છના હરિયાળા અને રળિયામણા કંઠી પ્રદેશ (મુંદ્રા - માંડવી તાલુકા)માં આવેલ 'નાની જૈન પંચતીર્થી'ના મુંદ્રા તાલુકાની આપણે યાત્રા કરી રહ્યા છીએ. 'કચ્છશ્રુતિ'ના ગત અંકમાં મુંદ્રા શહેરનાં ચાર જિનાલયોની વાત જોઈ ગયા. હવે તાલુકાનાં ભુજપુર અને મોટી ખાખર ગામોનાં બે સુંદર દેરાસરોનાં દર્શન કરીએ...

## ચિંતામણિ પાર્શ્વનાથ - ભુજપુર

ભુજપુર ગામની વચ્ચે લાઈબ્રેરીવાળો રસ્તો જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના નામ ઉપરથી 'પૂજ્ય મહારાજ રોડ' તરીકે ઓળખાય છે. આ રસ્તે લાઈબ્રેરીની સામે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત પોણા બે સદી જૂનું ચિંતામણિ પાર્શ્વનાથને નામે ઓળખાતું કલાશિલ્પથી મંડિત મનમોહક જિનાલય આવેલું છે. પૂજ્ય મુક્તિસાગર સૂરીશ્વરજીના સદુપદેશ અને પ્રેરણાથી ગામના મોવડી જાવડ શાહ ચાંપશીએ આ જિન મંદિરનું નિર્માણ કરી સંવત ૧૮૯૭ (સન ૧૮૪૧)ના ફાગણ સુદ ત્રીજના પ્રતિષ્ઠા કરાવી હતી તથા મુક્તિસાગરજીના હસ્તે તે ખુલ્લું મૂકાયેલ હતું.

સમગ્ર દેરાસર સંકુલ પૂર્વાભિમુખ છે અને અંદર મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથનું જૂનું દેરાસર, બાજુમાં ઉપરના માળે ચાર દાયકા અગાઉ નવનિર્મિત મહાવીર સ્વામીનું નૂતન દેરાસર અને



ભુજપુર જૈન દેરાસર

નીચે ભોંયતળિયે જૂના મૂળનાયક કેસરિયા આદિનાથ (ઋષભદેવ)નું દેરાસર... એમ ત્રણ દેરાસરો સ્થાપિત છે. દેરાસર સંકુલમાં પ્રવેશતાં જ પ્રથમ માળે જવા માટેનાં ચડવા - ઉતરવાનાં બે અલગ પગથિયાં ઉપર સૂંઢમાં કમળ ધારણ કરેલા બે વિશાળ હાથીની પ્રતિમાઓ આગંતુકનું સ્વાગત કરે છે.

જૂના દેરાસરમાં મધ્યે ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન અને આજુબાજુ બાર પ્રતિમાઓ બિરાજિત છે. અંદરની છત કલાત્મક મૂર્તિઓથી સુશોભિત છે. આ દેરાસરનાં પ્રવેશ - પગથિયા સામે મહાવીર સ્વામીની ચૌમુખી પ્રતિમા છે. ચિંતામણિ અને મહાવીર સ્વામીનાં બે દેરાસરો વચ્ચે બે નાનાં દેરાઓ આવેલા છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૪૦ (સન ૧૮૮૪)માં થયેલી. તેમાં મનમોહન પાર્શ્વનાથનું એક દેરું અને બીજું મહાવીર સ્વામી, વાસુપૂજ્ય, અભિનંદન સ્વામીની ત્રિમૂર્તિઓવાળું દેરું છે.

ઉપરના માળે છ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત મહાવીર સ્વામીનું ભવ્ય દેરાસર સંવત ૨૦૩૩ (સન ૧૯૭૭)ના વૈશાખ સુદ તેરસના રોજ ગુણોદયસાગરસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત થયેલું છે. જેમાં મૂછાળા મહાવીર સ્વામીની ભાવવાહી પ્રતિમા, જમણી બાજુ નેમિનાથ, સુવિધિનાથ તથા ડાબી બાજુ સુપાર્શ્વનાથ, શીતલનાથ, વાસુપૂજ્ય, કુંથુનાથની પ્રતિમાઓ બિરાજે છે. મુખ્ય ગભારાની બે બાજુઓએ આવેલા આઠ નાના ગોખમાં વિવિધ સોળ ભગવાનોની પ્રતિમાઓનાં પણ દર્શન થાય છે.

નીચે ભૂગર્ભમાં કેસરીનાથજી દાદાનું

*પાંદડું જોઈને પરખાય, ઓલા ઝાડવા તણી જાત; પણ જાદુગરી માનવજાત, એની કદી ના પરખાય વાત.*

પણ ભવ્ય મંદિર છે. ગભારામાં મૂળ પ્રતિમાની આસપાસ આઠ અને રંગમંડપમાં બાર વિવિધ ભગવંતોની પ્રતિમાઓ દૃશ્યમાન છે. મે, ૧૯૯૧માં આ ભવ્ય જિનાલયની સાર્ધ શતાબ્દી (૧૫૦મી જયંતી) ધામધૂમથી ઉજવાઈ હતી. દેરાસરની સામે અચલગચ્છ અને તપગચ્છના ઉપાશ્રયો છે.

## જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર : ભુજપુર

અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી શ્રીજી મહારાજની સ્મૃતિમાં ભુજપુરમાં 'જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર' નામે કલાત્મક ગુરુમંદિર પણ બન્યું છે, જેમાં એમની ઉપરાંત ઘંટાકર્ણ મહાવીર અને અન્ય દેવદેવીઓની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. જિનેન્દ્રસાગરજીના શિષ્ય ક્ષમાનંદજી મહારાજ થયા. ભુજપુર હાઈસ્કૂલ, મહિલા-બાળ કલ્યાણ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ધૂલિયા છાત્રાલયની સ્થાપનામાં એમનું મહત્ત્વનું પ્રદાન હતું.

ક્ષમાનંદજીના શિષ્ય ગોરજી મોતીલાલજી થયા. સંવત ૨૦૩૯ (સન ૧૯૮૩)ના વૈશાખ સુદ દસમના ઘાટકોપર ખાતે દીક્ષિત થઈ તેઓ યતિ મોતીસાગરજી મહારાજ બન્યા. હાલે તેઓ મુંબઈના અનંતનાથ દેરાસર (મસ્જિદ બંદર) ખાતે બિરાજે છે. એમનો જન્મોત્સવ (વસંત પંચમી) ભુજપુરના જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર ખાતે ઉજવાય છે.

## આદિનાથ દેરાસર : મોટી ખાખર

મોટી ખાખર ગામનું શેત્રુંજયની પ્રતિકૃતિ રૂપ 'આદિનાથ દેરાસર' સમગ્ર નાની પંચતીર્થીનું સૌથી જૂનું દેરાસર છે. તપગચ્છીય આચાર્ય હીરસૂરિજી મહારાજના શિષ્ય ઉપાધ્યાય વિવેકહર્ષવિજય ગણિવર્યના ઉપદેશથી ગામના ગંગર ગોત્રીય શ્રાવક શ્રેષ્ઠીઓ

### નાની પંચતીર્થીનાં ગામો વચ્ચેનું પારસ્પરિક અંતર (કિ.મી.)

| ક્રમ | ગામ | મુંદ્રા | ભુજપુર | મોટી ખાખર | નાની ખાખર | બિદડા | જૈન આશ્રમ | માંડવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુંદ્રા | – | ૧૫ | ૨૪ | ૨૭ | ૩૩ | ૪૬ | ૪૮ |
| ૨. | ભુજપુર | ૧૫ | – | ૯ | ૧૨ | ૧૮ | ૩૧ | ૩૩ |
| ૩. | મોટી ખાખર | ૨૪ | ૯ | – | ૩ | ૯ | ૨૨ | ૨૪ |
| ૪. | નાની ખાખર | ૨૭ | ૧૨ | ૩ | – | ૬ | ૧૯ | ૨૧ |
| ૫. | બિદડા | ૩૩ | ૧૮ | ૯ | ૬ | – | ૧૩ | ૧૫ |
| ૬. | જૈન આશ્રમ | ૪૬ | ૩૧ | ૨૨ | ૧૯ | ૧૩ | – | ૨ |
| ૭. | માંડવી | ૪૮ | ૩૩ | ૨૪ | ૨૧ | ૧૫ | ૨ | – |

વયરસી ખાખણ, શાહ નાગીઆ અને શાહ મેરગ દ્વારા આ જિનાલય ૪૧૭ વર્ષ પૂર્વે બાંધવામાં આવ્યું હતું.

તેમાં ત્રણ પ્રભુજીની પ્રતિષ્ઠા વિવેકહર્ષ ગણિજીએ સંવત ૧૬૫૯ (સન ૧૬૦૩)ના ફાગણ સુદ દસમના કરી હતી એવું અંદર લાગેલા જૂના શિલાલેખ પર વાંચવા મળે છે. મોટી ખાખરનું આ દેરાસર 'શેત્રુંજ્યાવતાર' ગણાય છે, કેમકે રાયણ પગલાં અને પુંડરીકસ્વામી પણ અહીં એ જ સમયથી પ્રતિષ્ઠિત છે.

ઉત્તરાભિમુખ દેરાસરમાં મુખ્ય વચ્ચેના ગંભારામાં મૂળનાયક આદિનાતજી (ઋષભદેવ) અને તેની આજુબાજુ સંભવનાથ તથા વિમલનાથની મૂર્તિઓ છે. મુખ્ય ગંભારાની આસપાસના બે નાના ગંભારામાં જમણે વાસુપૂજ્ય અને ડાબે પાર્શ્વનાથની પ્રતિમાઓ છે, જેની પ્રતિષ્ઠા લગભગ સંવત ૧૯૩૪ (સન ૧૮૭૮)માં થઈ હતી. સંવત ૧૯૯૨ (સન ૧૯૩૬)માં અત્રે દાદાસાહેબ પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ (સન ૧૪૮૧-૧૫૬૫)ની ગુરુપાદુકાની પણ પ્રતિષ્ઠા થઈ હતી.

અહીંના દેરાસરના રંગમંડપમાંનાં ભીંતચિત્રો ખાસ ધ્યાન ખેંચે છે. રંગમંડપમાં દેરાસરના પ્રતિષ્ઠા મહોત્સવ સંબંધી મોટો જૂનો મૂળ શિલાલેખ જળવાયેલો છે. સંવત ૧૯૬૨ (સન ૧૯૦૬)માં ત્રણ નૂતન દેરીઓ બની ત્યારે આ જૂના શિલાલેખનો જીર્ણોદ્ધાર કરી તેની બાજુમાં તેની નવી પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે.

ઉક્ત શિલાલેખમાં આ દેરાસરના સ્થાપક વિવેકહર્ષ ગણિની પ્રભાવકતા સૂચવતી તથા બીજી પણ જાણવા જેવી માહિતી આપવામાં આવેલ હોવાથી એ શિલાલેખ ઇતિહાસ અને પુરાતત્ત્વના અભ્યાસીઓ માટે ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. સંસ્કૃત ભાષાનો આ સંપૂર્ણ શિલાલેખ મુનિરાજ હંસવિજયજી વિરચિત 'પ્રશ્નોત્તરપુષ્પમાળા'માં ગુજરાતી અનુવાદ સાથે તથા મુનિરાજ ન્યાયવિજયજી (ત્રિપુટી) લિખિત 'જૈન તીર્થોનો ઇતિહાસ'માં પણ આ મૂળ આલેખ છપાયો છે એવું રતિલાલ દીપચંદ દેસાઇ (૧૯૦૭-૧૯૮૫)એ એમના

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)**

*ફૂલ બનીને હસવું એ જિંદગી છે, હસીને દુ:ખ ભૂલવું એ જિંદગી છે. જીતીને કોઈ ખુશ થાય તો શું થયું? કોઈના માટે હારીને ખુશ થવું એ જિંદગી છે.*

કચ્છ

# તવારીખે શ્યામજી

• ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' •

આજે ૩૦મી માર્ચ, ૨૦૨૦નું વર્ષ છે. આજથી ૧૬૪ વર્ષ પહેલાં, કચ્છ માંડવીની શાહવાળી મસ્જિદ પાસે તેમનો લીમડાવાળી શેરીમાં માતા ગોમતીબેનની કૂખે ૪થી ઓક્ટોબર, ૧૮૫૭ના રોજ જન્મ થયો. એ કરશન નાખવા ઉર્ફે ભૂલો ભણસારી પૈસેટકે દુઃખી હતો એટલે બાળકને ભાચુંડા મૂકી માંડવી બંદરે કમાવવા આવ્યા હતા. આ કરશન નાખવાના લગ્ન સને ૧૮૪૩માં ગોમતીબેન સાથે થયા હતા.

શામજી સને ૧૮૬૭થી ૧૮૭૦ સુધી માંડવીની રાણેશ્વર રોડ ઉપર આવેલ ભૂભૂ પંડ્યાની ધૂળી નિશાળમાં ભણ્યા હતા. ભૂભૂ પંડ્યા સંસ્કૃતના ખાં હતા અને તેનો રંગ શ્યામજી ઉપર પડ્યો હતો. વળી, હરિકુંવરબા નામના એક બીજા વિદુષી પણ સંસ્કૃતના જાણકાર હતા. એમની સાથે પણ શામજીનો મેળાપ થયો.

હવે કુદરત કેવા રંગ કરે છે તે જોઈએ. માતા ગોમતીબેનનું સને ૧૮૬૭માં અવસાન થતા શામજી નાનીમાના આશ્રયે રહ્યા. માંડવીમાં ૪થા ધોરણ સુધી અભ્યાસની સગવડ હતી એટલે તેઓએ ભુજના સારસ્વત બ્રાહ્મણ શિવજી વાઘજી જોશીના ઘરે રહી વધુ અભ્યાસ કર્યો. આ શિવજી વાઘજી જોશી એટલે એ જમાનાના બાહોશ વકીલ અને કચ્છના જાણીતા સાહિત્યકાર સ્વ. ગૌતમ શર્માના દાદાજી. તેઓ ભુજના આશાપુરા ફળિયામાં રહેતા હતા. આ રીતે સને ૧૮૭૦થી ૧૮૭૩ સુધી ભુજમાં અભ્યાસ કર્યા પછી, મુંબઈના શેઠ મથુરાદાસ લવજીની મદદથી મુંબઈ આવ્યા અને પ્રખ્યાત વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ થયા.

અહીં સને ૧૮૭૪માં સંસ્કૃતના બે પુસ્તકોનું ભાષાંતર કર્યું અને સને ૧૮૭૫માં મુંબઈમાં આર્ય સમાજની સ્થાપના થતાં તેના પ્રથમ પ્રમુખ તરીકે શામજી વરાયા.

મુંબઈના વસવાટ દરમ્યાન શેઠ છબીલદાસ લલ્લુભાઈ ખોતની પુત્રી ભાનુમતિ સાથે ઓળખ થઈ. ભાનુમતિના ભાઈ રામદાસ પણ શામજી સાથે ભણતા હતા. આ કારણે થયેલ ઓળખાણથી ૧૦મી એપ્રિલ, ૧૮૭૫ના રોજ શેઠની લાડકી પુત્રી ભાનુમતિના શામજી સાથે લગ્ન થયા. ભાનુમતિની ઉંમર ૧૩ વર્ષની હતી જ્યારે તે સમયે શામજી હતા ૧૮ વર્ષના.

પણ શામજી પગ વાળીને સુખે બેસી શકે તેવા ન હતા. સને ૧૮૭૬માં ઑક્સફર્ડ યુનિ.ના સંસ્કૃતના પ્રોફેસર સર મોનિયર વિલિયમ્સ ભારતના પ્રવાસે આવેલા ત્યારે શામજી સાથે, સંસ્કૃતના જાણકાર તરીકે પરિચય થતાં, એમણે શામજીને ઈંગ્લેન્ડ આવવા આમંત્રણ આપ્યું.

આ દરમ્યાન ૨૦મી એપ્રિલ, ૧૮૭૭માં કાશીના આસિ. જજ રાવ બહાદુર શ્રી ગોપાલરાય હરિ દેશમુખના પ્રમુખપદે કાશીના પંડિતોએ શામજીને, તેના સંસ્કૃતના લગનને કારણે 'પંડિત'ની ઉપાધિ આપી. અને તે રોજથી તેઓ 'પંડિત શ્યામજી કૃષ્ણવર્મા' તરીકે ઓળખાવા લાગ્યા. વળી, તેઓ દેશ આખામાં સંસ્કૃતના પ્રચાર - પ્રસાર માટે ઘૂમી વળતા હતા.

સને ૧૮૭૯ના માર્ચ માસમાં તેઓ ઑક્સફર્ડ યુનિ.માં ભણવા ઈંગ્લેન્ડ ગયા. આ રીતે ૨૨ વર્ષની ઉંમરે તેઓ ઑક્સફર્ડ ગયા. પણ આવવા જવા માટેના પૈસા ન હોવાથી શ્રીમંત સસરાએ મદદ કરવાની ના પાડતા, પુત્રી ભાનુમતિને ખૂબ જ લાગી આવ્યું, જે જિંદગીભર કાયમ રહ્યો. આ રીતે સને ૧૮૮૪માં ઑક્સફર્ડ યુનિ.માંથી તેઓ બેરીસ્ટર થયા અને વળી એ જ યુનિ.માંથી પ્રથમ હિંદી એમ.એ. થયા.

તેમણે તા. ૧૯-૧-૧૮૮૫ના મુંબઈ હાઈકોર્ટમાં બેરીસ્ટરી કરવા નામ નોંધાવ્યું. તેઓ સને ૧૮૮૫માં એમ.એ. થઈ રતલામના દીવાન નિમાયા અને અજમેરમાં વકીલાત પણ શરૂ કરી. અને અજમેર પાલિકામાં પ્રમુખ તરીકે ચૂંટાયા. સને ૧૮૯૨માં ઉદેપુર (મેવાડ)માં દીવાન નિમાયા અને સને ૧૮૯૫ની ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ જૂનાગઢના દીવાન નિમાયા. અને ત્યાંથી ત્રાસી, શ્યામજીએ કાયમ માટે ભારત છોડી ઈંગ્લેન્ડ પ્રયાણ કર્યું.

અહીં સરદારસિંહ રાણા, મેડમ ભિકાઈજી કામા, વીર સાવરકર વગેરે વિપ્લવીઓને એકઠા કરી શક્યા. તા. ૧-૭-૧૯૦૫ના રોજ શ્યામજીએ લંડનમાં 'ઈન્ડિયા હાઉસ'ની રચના કરી. અહીં ભારતીય વિપ્લવીઓને રહેવા, જમવા તેમજ જરૂર પડે કોર્ટ કચેરીઓમાં વકીલની મદદ કરવામાં આવતી હતી. આ નામ,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦ ઉપર)**

*ગાલીબ કહે છે કે, 'હે ખુદા! દોસ્તોની સાથે રહેવાનો મોકો આપી દે, તારી સાથે તો મર્યા પછી પણ રહી શકાશે.'*

# દરેક પરિવારે વસાવવા જેવાં વિચારોથી સમૃદ્ધ તાજગીસભર પુસ્તકો

### ધૂમકેતુ

| | |
|---|---|
| ગીતાંજલિ | 150 |
| જિબ્રાનનું જીવનદર્શન | 180 |
| જિબ્રાનનું જીવનસ્વપ્ન | 170 |
| જિબ્રાનની જીવનવાણી | 200 |
| જિબ્રાનની જીવનવાટિકા | 180 |
| જિબ્રાનનાં જીવનમૌક્તિકો | 150 |

### ફાધર વાલેસ

| | |
|---|---|
| પ્રેરણાપરબ (પુરસ્કૃત) | 100 |
| વ્યક્તિઘડતર | 120 |
| સમાજમંગલ | 200 |
| વ્યક્તિમંગલ | 280 |
| ધર્મમંગલ | 150 |
| શિક્ષણમંગલ | 200 |
| સદાચાર | 125 |
| યુવાધર્મ | 50 |
| પ્રસન્નતાની પાંખડીઓ | 80 |
| ગાંધીજી અને નવી પેઢી (પુરસ્કૃત) | 80 |
| આકાશવાણીના સૌજન્યથી | 13 |
| રોમેરોમે | 13 |
| સેવાધર્મ | 90 |
| મુરલી | 100 |
| લગ્નસાગર | 251 |

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| નવા વિચારો (પુરસ્કૃત) | 150 |
| નવી દૃષ્ટિ | 110 |
| નવી આશા | 140 |
| આપણે અને સમાજ | 125 |
| હવે તો જાગીએ | 120 |
| નવી દિશા | 100 |
| આપણે અને પશ્ચિમ | 220 |
| વાસ્તવિકતા | 140 |
| ત્યાગ-સમીક્ષા-આતંકવાદ | 100 |
| અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા | 260 |
| કોલંબસ અને વાસ્કો દ ગામા ભારતમાં કેમ ન પાક્યા ? | 80 |
| ચાણક્યની વ્યવહારનીતિ | 150 |

### ઉમાશંકર જોશી

| | |
|---|---|
| જગતરંગ | 150 |
| શિવસંકલ્પ | 100 |
| ગોષ્ઠી | 150 |

### મોહમ્મદ માંકડ

| | |
|---|---|
| ઉજાસ | 500 |
| સુખ એટલે | 150 |
| પ્રાર્થના : પોતાની જાતને પામવાનો સરળ માર્ગ | 175 |
| ચાલતા રહો, ચાલતા રહો | 150 |
| નિરાશા સામે | 150 |
| જીવનના કોઈપણ ક્ષેત્રમાં તમે 'સફળતા' પ્રાપ્ત કરી શકો છો | 280 |

### ભાણદેવ

| | |
|---|---|
| જીવંત દર્શન | 200 |
| નવલાં દર્શન | 200 |

### દિનેશ પાંચાલ

| | |
|---|---|
| સંસારની સિતાર | 200 |
| મનના માયાબજારમાં (પુરસ્કૃત) | 200 |
| શબ્દોનો સ્વયંવર | 85 |
| તનકતારા | 100 |
| ધરમકાંટો | 100 |

### ડૉ. કેશુભાઈ દેસાઈ

| | |
|---|---|
| માણસ હોવાનો મને વહેમ | 200 |
| મૈં કછુ નહિ જાનૂં | 75 |

### હસમુખ પટેલ

| | |
|---|---|
| પોતાનું એવરેસ્ટ | 90 |
| સિદ્ધાંતોની પ્રયોગશાળા | 90 |
| યૌવનની અનંતયાત્રા | 90 |
| વ્યક્તિત્વનો વ્યોમવિહાર | 120 |

### ડૉ. જનક શાહ, ભારતી શાહ

| | |
|---|---|
| કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર | 120 |
| જીવતરની સાથે, માણસાઈની વાટે | 120 |
| હૌંસલોં કી ઉડાન | 100 |
| અડગ મનના ગજબ માનવી | 120 |

### રોહિત શાહ

| | |
|---|---|
| વોટ્સએપ | 50 |
| ફેસબૂક | 50 |
| એન્ટિવાયરસ | 50 |
| આ અબ લૌટ ચલેં | 100 |
| મુઝકો યારો માફ કરના | 100 |
| લાઇક ઓર કોમેન્ટ | 100 |
| કેન્ડલલાઇટ ડિનર | 100 |
| યુ-ટર્ન | 100 |
| પરોઢનું પુષ્પ | 50 |
| પગલે-પગલે પંથ ખૂલે | 25 |
| ચિંતનની ચાંદની | 32 |

### હરેશ ધોળકિયા

| | |
|---|---|
| જીવન એક ઉત્સવ | 150 |
| વિચારોની રખડપટ્ટી | 125 |

### શિવદાન ગઢવી

| | |
|---|---|
| વસુંધરાનો વૈભવ (લોકસાહિત્ય) | 125 |
| સફળતાની સૌરભ | 110 |

### નિલેશ મહેતા

| | |
|---|---|
| વિજયનું વરદાન મોટિવેશનના માર્ગે | 175 |
| તમારી કારકિર્દીને પાંખો આપો | 180 |

### ચંદ્રકાન્ત મહેતા

| | |
|---|---|
| પગલે પગલે પ્રગટે કમળ | 160 |
| તો કેડી બનશે રાજપથ | 150 |
| જિંદગીની ટેલિસ્કોપી | 180 |
| સમાજની સોનોગ્રાફી | 180 |
| સફળતાની સિસ્મોગ્રાફી | 180 |
| ધર્મની ટેલિપથી | 180 |

### ડૉ. હર્ષદ વી. કામદાર

| | |
|---|---|
| સુખી થવાનું તમારા હાથમાં જ છે | 50 |
| સદાય સુખમાં રહો | 60 |
| ચાલો, સુખ નામના પ્રદેશમાં | 60 |

### કાન્તિ પટેલ

| | |
|---|---|
| ભાગ રે ટેન્શન ભાગ | 200 |
| સફળ જિંદગી જીવવાની જડીબુટ્ટી | 150 |
| ટીમ મારી, જીત તમારી | 100 |

### જય ઓઝા

| | |
|---|---|
| વિકાસયાત્રા | 90 |
| જીવનયાત્રા | 90 |
| ચિંતનયાત્રા | 90 |
| અંતરયાત્રા | 90 |
| સંબંધયાત્રા | 90 |

### મનહર ઓઝા

| | |
|---|---|
| ધર્મનો મર્મ | 50 |
| જીવી જાણો | 50 |
| સમજણ | 50 |
| પરિવર્તન | 50 |
| પ્રસન્નતા | 50 |
| જીત નક્કી | 50 |
| ગેરસમજ | 50 |

### શ્રી લલિતપ્રભ

| | |
|---|---|
| જીવન જીવવાની કળા | 235 |
| 74 પ્રેરણાત્મક વાર્તાઓ | 100 |
| **જીવન-ઘડતર શ્રેણી પુ. 6** | **182** |
| વેરભાવ છોડો, ક્ષમાભાવ કેળવો | 22 |
| તણાવમુક્ત આનંદી જીવન જીવો | 30 |
| હંમેશાં પ્રસન્ન રહો | 30 |
| ક્રોધથી મુક્તિ મેળવો | 30 |
| અહંકાર છોડો, નમ્રતા અપનાવો | 30 |
| ચિંતા છોડો, આનંદથી જીવો | 40 |
| **Life Moulding Series (Books-6)** | **182** |
| Spread Happiness | 30 |
| Say Goodbye to Conceit | 30 |
| Say Goodbye to Stress | 30 |
| Say Goodbye to Anger | 30 |
| Say Goodbye to Worry | 40 |
| Say Goodbye to Enimity | 22 |

### શ્રી ચંદ્રપ્રભ

| | |
|---|---|
| સફળતાની સોનેરી ચાવી | 120 |
| મનનાં પાપ ધોવા શું કરશો ? | 100 |
| સફળતાનો શોર્ટકટ | 200 |
| જીવન સફળ બનાવવા ધ્યાનથી જીવો | 125 |
| જીવનમાં સફળતા મેળવો 100 % | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**


102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

ઐતિહાસિક વાર્તા શ્રેણી

## અદૃશ્ય પાત્રો – ૪

# લંઘો



હરેશ ધોળકિયા

*શ્રી હરેશ ધોળકિયા લિખિત ઐતિહાસિક વાર્તા શ્રેણીમાં આ અગાઉ આપણે ''જીકડી'' અને ''ચોકીદાર''ની વાર્તા વાંચી કે જે અગાઉ બની ગયેલ પાત્રોની સાચી કહાણી પરથી લખવામાં આવી છે.*

*આ અંકમાં આપણે એક વધુ વાર્તા ''લંઘા''ની રસલ્હાણ માણીશું.*

*– તંત્રી મંડળ*

નગારે છેલ્લો ઘા પડ્યો.

સ્વાગતનો સમારંભ પૂરો થયો. રાજા હમીરજી જામ રાવળના ખાસ આમંત્રણથી બારા પધાર્યા હતા. તેઓ બારામાં પ્રવેશ્યા, ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામના પાદરે નાચ-ગાન થયાં. મલ્લોની કુસ્તીના ખેલ થયા. સંગીતના સૂરો રેલાઇ ઊઠ્યા. હમીરજીના નાના કાફલા પર ફૂલોનો વરસાદ વરસ્યો. ગામની નાની બાળાઓએ દરેક સિપાહીના કપાળ પર ચાંલ્લા કર્યા અને મોંમાં મીઠાઈ મૂકી. વાતાવરણમાં ગુલાલ છવાઈ ગયો. મન મૂકીને બધા નાચ્યા હતા. જામ રાવળ અને તેની મહારાણીએ હમીરજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બંને ભેટ્યા હતા. પરસ્પરની પ્રશંસા કરી હતી. હમીરજીએ પોતાને બારા આવવાની તક મળી તે માટે જામ રાવળનો અને ગામવાસીઓનો આભાર માન્યો હતો અને બંને વચ્ચેના સંબંધો વધારે મીઠા બનશે તેની ખાતરી આપી હતી. ગામવાસીઓ તો ઝુમી ઊઠ્યા હતા. વાતાવરણમાં આનંદ-આનંદ છવાઈ ગયો હતો.

છેવટે સમારંભ પૂરો થયો. હમીરજીને તેમના ખાસ ઉતારામાં લઇ ગયા. તેમની આસપાસનાં ખોરડાંઓમાં તેમના કાફલાને ઉતારો આપવામાં આવ્યો. બધાને સાંજે મિજલસ અને શાહી ભોજન માટે આમંત્રણ પણ અપાઈ ગયું. બધા થોડા થાક્યા પણ હતા. બધા હમીરજીની કુરનિસ બજાવી ઉતારામાં ગયા.

હમીરજી પણ પોતાના ઉતારામાં ગયા. તેમની સાથે તેમના પડછાયા જેવા બે સિપાહીઓ છછર બુટો અને લંઘો પાછળ આવ્યા. ઉતારામાં જઇ હમીરજીએ હાથ-પગ-મોં ધોયા. પછી હળવા થઇ ઢોલિયા પર લાંબા થયા. તેમની બંને બાજુએ છછર બુટો અને લંઘો ઊભા રહ્યા. થોડીવાર ચૂપકીદી રહી.

પછી હમીરજી બોલ્યા, ''છછર.''

બુટો ટટ્ટાર થઇ ગયો : મસ્તક નમાવી બોલ્યો, ''હુકમ, હજૂર.''

''બુટા,'' હમીરજી આગળ બોલ્યા, ''હવે લાગે છે કે રાવળ સાથેના સંબંધો મીઠા થશે.''

''કેમ હજૂર?'' બુટાએ પૂછ્યું.

''આજે તેણે જે સ્વાગત કર્યું તે એવું સૂચવે છે.''

''બાપુ, એ નાટક નહીં હોય?'' લંઘાએ પૂછ્યું.

''આમ તો હું પણ નાટક જ માનું. તેને વર્ષોથી વહેમ છે કે તેના પિતા લાખાજીનું ખૂન થવામાં અમારા કુટુંબમાંથી કોઈનો હાથ છે. તેથી તે મારા પર વેર રાખે છે. મેં તેને ઘણીવાર કહ્યું છે કે અમારામાંથી કોઈનો હાથ નથી, પણ તે માનતો જ ન હતો.''

''તો કેમ માન્યા?'' છછરે કહ્યું.

''તેણે મને બારાની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું. પણ મને તેની દાનત પર શંકા હતી. પણ મારી નવાઇ વચ્ચે, રાવળે આપણાં કુળદેવી આશાપુરા માતાજી સામે છાતી પર હાથ રાખી શપથ લીધા કે તેનું વેર હવે નથી અને આ આમંત્રણ તે હૃદયપૂર્વક આપે છે.''

''માતાજી સામે બોલે એટલે તો માનવું જ પડે. રજપૂતનો બોલ છે.'' લંઘાએ જવાબ આપ્યો.

''એટલે જ મને થયું કે હવે આમંત્રણ સ્વીકારવામાં વાંધો નથી. એટલે તમને બધાને લઇને આવ્યો છું. વેર ટળતું હોય તો ગમે તે કરવાની મારી તૈયારી છે. અને આજનું તેનું સ્વાગત જોઇને હવે વિશ્વાસ બેસે છે કે રાવળનો હૃદયપલટો તો થયો છે. અને લંઘા, આજનું સ્વાગત જોઈ એક અફસોસ થયો કે કુંવર ખેંગારજી અને

સાહેબજીને લાવ્યા હોત, તો તેમને ભારે મજા આવત. અલિયાજી તો, ખેર, અમદાવાદ છે, એટલે ન આવી શકે, પણ આ બે કુંવરો આવી શકત. પણ બંને કુંવરોને કહેવડાવવા છતાં તેમને તો વીંઝાણમાં તેમની માસી પાસે જ રહેવું હતું. સમજાવ્યા તો પણ હઠ ન છોડી, તેથી પછી આગ્રહ ન કર્યો પણ આવત તો ભારે ગમત. ખેર! માતાજીની મરજી." હમીરજીએ અફસોસ વ્યક્ત કર્યો.

બંને ચૂપ રહી સાંભળતા હતા.

હમીરજીએ બગાસું ખાઈ કહ્યું. "તમે બંને પણ તાજા થાઓ. મને લાગે છે કે હું થોડીવાર ઊંઘી લઉં. સંભવ છે, રાત્રે જલસો જામે. ઊંઘીશ તો તાજા રહેવાશે. દરવાજા પર બે દરવાનો ગોઠવી તમે પણ તાજા થઈ આવો."

"હુકમ, બાપુ!" છછર બોલ્યો. બંનેએ કુરનિસ બજાવી અને પાછાં પગલે દરવાજા બહાર આવ્યા. બહાર ચાર દરવાનોને સૂચના આપી ઊભા રાખ્યા, પછી ચોકમાં આવ્યા. ચોકમાં પીપડાં પડ્યાં હતાં. તેમાંથી પાણી લઈ હાથ-મોં ધોયાં. પાણી પીધું. પછી સામેના ઓટલા પર બેઠા. એક સિપાહી હુક્કો લાવ્યો. તે પીધો. થોડીવાર બેઠા.

પછી છછર બોલ્યો, "લંઘા, ચાલને, ગામમાં આંટો મારીએ."

"હા, ચાલો." લંઘો ઊભો થયો. ખાસડામાં પગ નાખી પહેર્યા. બંને ટહેલવા નીકળ્યા. ફરતા-ફરતા વાતો કરતા હતા.

"લંઘા, તને શું લાગે છે આજનું વાતાવરણ?" છછરે પૂછ્યું.

"બહારથી તો મેળવાળું લાગે છે. બાકી તો માતાજીને ખબર."

"છતાં?" બુટાએ આગ્રહ કર્યો.

"છછર, મને તો જરા પણ વિશ્વાસ નથી આ રાવળ પર. ડંખીલો છે તે. એમ વેર ભૂલે તેવો નથી."

"મને પણ એ જ વિચાર આવે છે." છછરે સંમત થતાં જવાબ આપ્યો.

વાતો કરતા કરતા બંને ગામબહાર આવેલ તળાવ પાસે પહોંચ્યા. તળાવ પાસે ગીચ વૃક્ષોની હાર હતી. બપોર છતાં સૂરજનો પ્રકાશ તેમાંથી માંડ ચળાઈને આવતો હતો. બંને જણા રસ્તા પરથી દૂર એવા એક ઝાડ પાછળ ટેકો દઈ બેઠા - એવી રીતે બેઠા કે રસ્તા પરથી પસાર થનારાને તેઓ ન દેખાય. બંને જણા તળાવ પર નજર રાખી પોતપોતાના વિચારમાં ગરક થઈ ગયા.

ત્યાં અચાનક ખખડાટ સંભળાયો. બંને ચમક્યા. આવા ભેંકાર વાતાવરણમાં શેનો અવાજ આવ્યો? બંનેના હાથ કેડ પરની તલવાર પર ગયા. બંનેએ પાછળ જોયું.

જોયું તો રાવળના બે દરબારીઓ પસાર થતા હતા. વાતો કરતા કરતા જતા હતા. તેમને ખ્યાલ ન હતો કે આ બે ઝાડ પાછળ બેઠા છે. આમ તેમનો અવાજ ધીમો હતો. પણ ભેંકારમાં બરાબર સંભળાતો હતો.

એક બોલ્યો, "ગાંગા, સવારે ભારે મજા આવી હોં!"

"હા," બીજાએ જવાબ આપ્યો, "હલાલ કરવા પહેલાં બકરાને બરાબર થાબડ્યો!"

છછર બુટો અને લંઘો પરસ્પર જોઈ રહ્યા.

"હા, વાત સાચી. બિચારાઓએ છેલ્લી વાર મજા કરી લીધી."

"હાસ્તો વળી!" બીજાએ હસતા હસતા કહ્યું.

છછર અને લંઘો સજાગ થઈ ગયા. ધ્યાનથી સાંભળવા લાગ્યા.

હસતાં-હસતાં બીજો બોલ્યો, "જામ રાવળની યોજના ચોક્કસ સફળ થશે."

"હા, જેવા સાંજે જમવા ખોરડામાં પ્રવેશ કરશે, આપણા લોકો તેમના પર તૂટી પડશે. આ લોકો તો લે'રમાં હશે. સજાગ પણ નહીં હોય. મૂંઝાઈ જશે. કપાઈ મરશે ઝડપથી."

"હા, સાચું." બીજો બોલ્યો, "જામ રાવળ જબરા દગાઈ છે, હોં!"

"અને હમીરજી સાવ ભોળા." પહેલાએ કહ્યું.

"અલ્યા, તેમને ભોળા ન કહેવાય, મૂરખ જ કહેવાય. રાવળ પર વળી ભરોસો મૂકાય?"

"જે હોય તે, પણ રાવળ તેમને બરાબર છેતરી ગયા છે. માતાજી સામે છાતી પર હાથ મૂકી સોગંદ લીધા, એટલે હમીરજી માની ગયા."

"હા, પણ તેમને ખબર ન હતી કે રાવળની મુઠ્ઠીમાં ચકલી હતી. તે હાથ અને છાતી વચ્ચે હતી. એટલે સોગંદ ન પાળે તો પણ વાંધો ન આવે."

છછર અને લંઘો તો ચકિત થઈ સાંભળતા હતા.

"એમાં તો હમીરજી છેતરાઈ ગયા ને હાલ્યા આવ્યા છે. કાળે જ તેમને બોલાવ્યા છે."

"માતાજીની ઈચ્છા એવી હશે. આપણે શું કરી શકીએ? આપણે તો જામ રાવળને વફાદાર! ગમશે નહીં, પણ..." તેણે વાક્ય અધૂરું રાખ્યું.

અને તેઓ વળાંક લઈ આગળ ચાલ્યા ગયા અને થોડીવારે અદૃશ્ય થઈ ગયા.

છછર બુટો અને લંઘો તો ઊભા જ થઈ ગયા. બંને ગુસ્સાથી થરથરતા હતા. તેમના હાથ તલવારની મૂઠ પર હતા.

*પૂછતા નહીં કે કેમ આ પાંપણ ભીની છે, જૂની 'યાદ'ની 'રજકણ' આંખોમાં પડી છે.*

"લંઘા, સાંભળ્યું?"

"હા બુટા, ભયંકર કાવતરું છે. આપણી શંકા સાચી નીકળી. રાવ હમીરજી બાપુ ખરેખર ભોળા નીકળ્યા."

"પણ હવે? તેમને બચાવવા કેમ? કંઈક તો વિચાર!"

"પેલો સાચું બોલ્યો કે બાપુને કાળ બોલાવે છે. હવે તો ભાગી પણ ન શકાય. ચારેબાજુ સૈનિકો જ હશે. ખોરડાં આસપાસ પણ છુપાયા હશે. જરા વહેમ જશે તો કાપી જ નાખશે અને આપણે તો છીએ પંદર વીસ."

બુટાએ ચિંતાભર્યા અવાજે કહ્યું, "લંઘા, મને વહેમ છે કે જામ રાવળ હમીરજી બાપુથી જ નહીં અટકે. તેઓ તેમના વંશનું જ નિકંદન કાઢશે. ત્રણે કુંવરોને પણ નહીં છોડે, હોં!"

"હા, સાચી વાત. જોકે અલિયાજી તો અમદાવાદ છે, તેથી વાંધો નથી. પણ ખેંગારજી અને સાહેબજી કુંવરો જોખમમાં છે ખરા." લંઘાએ જવાબ આપ્યો.

"અલ્યા, માતાજીનો પાડ માન કે તેઓ નથી આવ્યા. તેમની હઠ કામ કરી ગઈ અને વીંઝાણમાં જ રહી ગયા. પણ હા, તું સાચો છે રાવળ તેમને પણ છોડશે તો નહીં જ."

"તેમને બચાવવા જ જોઈએ, છછર!"

"પણ કેમ?"

"એક કામ કર," લંઘાએ કહ્યું, "તું ભાગી જા. વીંઝાણ જા. બંનેને ચેતવી દે."

"ચેતવવાથી શું વળે? રાવળના માણસો પાછળ આવવાના જ."

"તો પછી બંનેને લઇ અમદાવાદ અલિયાજી પાસે ભાગી જા."

"પણ અહીં...?" છછર ખચકાયો.

"અહીંની બાબતને માતાજી પર છોડી દે. જે થાય તે અમે સંભાળી લેશું. પણ બે કુંવર ગમે તેમ કરીને બચવા જ જોઈએ. ભાગ, છછર!" લંઘાએ ઉતાવળા અવાજે કહ્યું.

"પણ મહારાજ મારી પૃચ્છા કરશે તો?"

"તેનો જવાબ હું આપી દઈશ. કંઈક બહાનું કાઢી દઈશ, પણ તું ભાગ. અહીંથી જ ભાગી જા. આપણે ગામબહાર છીએ તેની કોઈને ખબર નથી. ભાગ, અલ્યા! થોડે દૂર આપણા જ ભાયાતનું ગામ છે. ત્યાંથી ઘોડો લઈ લેજે. કહેજે, હમીરજી બાપુએ મંગાવ્યો છે. તે લઈ વીંઝાણ જા અને બંને કુંવરોને લઈને ભાગ મોરબી બાજુ. ત્યાંથી અમદાવાદ તરફ જજે."

છછર ટટ્ટાર થઈ ગયો. તેણે લંઘાના બે હાથ પકડી લીધા. ગળગળા અવાજે તે બોલ્યો, "લંઘા, વચન આપ કે મહારાજની રક્ષા કરીશ!"

લંઘો ડૂસકું ખાઈ ગયો. "અલ્યા, છછર, વર્ષોથી આપણે મહારાજની રક્ષા કરીએ છીએ. મારા પર વિશ્વાસ નથી? યાદ રાખજે, મહારાજના શરીરને ઘસરકો પડશે ને, તે પહેલાં મારા શરીર પર તલવારો પડશે. મહારાજની ઢાલ બની રહીશ. બાકી માતાજીની ઇચ્છા."

બંને રડી પડ્યા. પરસ્પર ભેટ્યા.

"લંઘા, જીવતા-મૂઆના જુહાર. હવે મળીએ કે ન મળીએ. મહારાજની ચિંતા કરજે."

"હા-હા, પણ તું કુંવરોને બરાબર સાચવજે. ભૂતકાળમાં જેમ જીકડીએ ફૂલ મહારાજને સાચવેલ, તેમ સાચવજે. જોજે, તેમને જરા પણ આંચ ન આવે."

"પૂરો પ્રયત્ન કરીશ."

"જય માતાજી!"

"જય માતાજી!" છછરે પડઘો પાડ્યો.

છછર ઝાડો વચ્ચે થઇ છુપાતો છુપાતો નીકળી ગયો. લંઘો આંસુભરી આંખે તેને અદશ્ય થતો જોઈ રહ્યો. તે આજુબાજુ પણ જોતો રહ્યો કે કોઈ જોતું તો નથી ને!

પછી તે ગામ તરફ વળ્યો

★

પશ્ચિમમાં સૂરજ ઢળવાની તૈયારી કરતો હતો. લગભગ ક્ષિતિજે પહોંચી ગયો હતો. આકાશમાં લાલાશ છવાતી જતી હતી. પક્ષીઓ માળા તરફ વળતા હતા. તેમના કલરવનો શોર વાતાવરણની શાંતિને ડોલાયમાન કરતો હતો. ગામબહાર આવેલ મંદિરમાં ઘંટારવ શરૂ થયો હતો. એક વધુ દિવસ પૂરો થવાની તૈયારીમાં હતો.

હમીરજીને આપેલ ઉતારામાં ઉત્તેજના હતી. અત્યારે જામ રાવળે બધાને શાહી ભોજન અને પછી ભવ્ય મિજલસ માટે આમંત્રણ આપ્યું હતું. બધા ઉત્સાહમાં હતા. સરસ ભોજનની સ્મૃતિ બધાની જીભને પાણી-પાણી કરતી હતી. વળી, બારાની નૃત્યાંગના ખૂબ સૌંદર્યવતી હતી તેમ પણ બધાએ સાંભળેલ હતું. તેને અને તેના નૃત્યને જોવા મળશે તેનો ખ્યાલ માત્ર બધા સૈનિકોમાં ગલગલિયાં જન્માવતો હતો. આખી બપોર બધા બેઠા હતા ત્યારે તે કેવી રૂપાળી હશે તેની થાય તેટલી કલ્પના બધાએ કરી હતી. પરિણામે કઈ ભૂખ વધારે હતી તે કોઈ નક્કી કરી શક્યા ન હતા. બધા ત્યાં પહોંચવા ઉતાવળા અને ઉત્સુક હતા.

સિવાય કે લંઘો.

તે તળાવ કિનારેથી પાછો આવ્યો ત્યારે ખૂબ જ અસ્વસ્થ થઈ ગયો હતો. આમ તો તે બારા આવ્યો અને જામ રાવળને જોયા ત્યારથી જ અસ્વસ્થ હતો.

*કેટલું કહી ગયા, કેટલું સહી ગયા, કેટલુંક કહેતા કહેતા રહી ગયા; હું સાચો ને તું ખોટાની રમતમાં, ન જાણે કેટલાય સંબંધો વહી ગયા.*

તેને પળભર પણ તેમના પર વિશ્વાસ ન હતો. પણ છછર બુટો હતો, તેથી આશ્વસ્ત હતો. પણ તળાવ કિનારે સાંભળેલ વાતો અને છછર બુટો ગયો તેથી ખૂબ અકળામણ અનુભવતો હતો. મહારાજ પ્રત્યેની ચિંતા અનેકગણી વધી ગઈ હતી. પાછા આવી પોતાના વિશ્વાસુ માણસોને તેણે ગુપ્ત રીતે કહી દીધું કે તેમણે મહારાજને પળભર પણ રેઢા મૂકવાના નથી. પડછાયાની જેમ આસપાસ રહેવાનું છે. બધા જમતા હોય ત્યારે પણ તેમણે તો મહારાજની આસપાસ જ રહેવાનું છે. એક પળ પણ ગાફેલ રહેવાનું નથી. બધાને થોડી નવાઈ લાગેલ, પણ ચૂપ રહ્યા હતા અને હા પાડી હતી.

બપોરે તે હમીરજી પાસે ગયો, ત્યારે હમીરજીએ બુટાની પૃચ્છા કરી. લંઘાએ બહાનું ધરી દીધું કે તે ગામમાં ફરે છે અને પરિસ્થિતિનો કયાસ કાઢે છે.

"પણ લંઘા, શેનો કયાસ કાઢે છે?" હમીરજીએ પૂછેલ.

"બાપુ, તમે ભલે વિશ્વાસમાં રહો, પણ અમારી ફરજ છે કે સાવધ રહેવું. અમે કોઇનો વિશ્વાસ ન કરીએ."

હમીરજી હસીને બોલેલ, "તમે વધુ પડતી ચિંતા કરો છો."

"મહારાજ, તમે અમને રાખ્યા જ એટલા માટે છે."

"પણ હવે ચિંતાની જરૂર નથી."

"તોપણ, બાપુ અમે તો રાખવાના."

"પણ છછર ઝડપથી આવી જશે ને?"

"હા, ભોજન વખતે હાજર હશે. ચિંતા ન કરો. હું છું ને!"

લંઘાએ માંડ વાત અટકાવી હતી. તે હમીરજીને સાચું કહી શકે તેમ ન હતો. હમીરજી ભોળા હતા. હસવામાં ક્યાંક તેઓ રાવળને કહી પણ દે, તો પેલો ચેતી જાય અને બાજી બગડી જાય. એટલે હમીરજીને અંધારામાં રાખવા જરૂરી હતા.

બધા તૈયાર થઈ ગયા. આગળ થોડા સિપાહીઓ, વચ્ચે રાવ હમીરજી, છેલ્લે થોડા સિપાહીઓ. લંઘો હમીરજીની પડખે જ ચાલતો હતો. બધાની આગળ નગારાવાળા ચાલતા હતા.

ચાલતાં-ચાલતાં જામ રાવળે જ્યાં કાર્યક્રમ રાખ્યો હતો તે ખોરડાં પાસે બધા પહોંચ્યા. વિશાળ ચોગાન વચ્ચે એક મોટો ખંડ સજાવવામાં આવ્યો હતો. લંઘાએ જોયું કે તેની આસપાસ ચારેબાજુ ઊંચી દીવાલ હતી. પ્રવેશવાનો એક જ દરવાજો હતો.

દરવાજા બહાર જામ રાવળ તેના મંત્રી સાથે ઊભો હતો. તેણે હમીરજીને જોયા અને થોડાં ડગલાં આગળ આવ્યો. હમીરજી સાથે ઉષ્માપૂર્વક હાથ મેળવ્યા. લંઘાએ તેની સામે તિરસ્કારથી જોયું. તેનો હાથ તલવારની મૂઠ પર જ હતો. કોઈ પણ પળ માટે તે તૈયાર હતો. તેની પાછળના સિપાહીઓ પણ તૈયાર જ હતા.

હમીરજીએ પણ ઉષ્માપૂર્વક રાવળનો હાથ દબાવ્યો. તે બોલ્યો, "જામ, હું હાજર છું."

"બસ, અમે પણ સ્વાગત માટે તૈયાર છીએ. અંદર પધારો."

"બસ, તમે પ્રવેશો એટલે હું પ્રવેશું." હમીરજીએ કહ્યું.

"ના, આજે તમે વડીલ છો. પહેલાં તમારાં પગલાં પડશે. પછી જ હું અંદર પગ મૂકીશ."

"ભલે, તમારી જેવી ઈચ્છા." હમીરજીએ હસતાં કહ્યું.

લંઘો ભડક્યો. તે સમજી ગયો. તે ઝડપથી આગળ આવ્યો.

"હજૂર, થોભો." તે બોલ્યો, "પહેલાં આપણા સિપાહીઓ અંદર જશે. તેની પાછળ આપ જશો."

જામ રાવળે કડક નજરે લંઘા સામે જોયું. "કોણ છે આ?" તેણે હમીરજીને ઊંચા સાદે પૂછ્યું.

"જી, મારો પહેરેદાર." હમીરજીએ જવાબ આપ્યો.

"તેને કહો કે તે પાછળ રહે."

"ના, હજૂર, અમારી પ્રથા છે કે પહેલાં બે સિપાહીઓ જાય, વચ્ચે બાપુ રહે. પાછળ બીજા બે સિપાહીઓ હોય. મહારાજની સુરક્ષા વ્યવસ્થા માટે તે જરૂરી છે." લંઘાએ દૃઢ અવાજે કહ્યું.

"આજે સુરક્ષાની જરૂર નથી. ભોજન છે અહીં તો." રાવળે કહ્યું.

"હુકમ, અમને શું છે તેની પડી ન હોય. અમારે તો અમારા વડવાઓ જે ફરજ સોંપી ગયા છે તેને વળગી રહેવાનું હોય." લંઘો ઠંડકથી બોલ્યો.

"પણ," રાવળ બોલવા ગયો.

ત્યાં તેના સેનાપતિએ કહ્યું, "મહારાજ, કરવા દો તેને. આપણને શો વાંધો હોય? ભલે આ દરવાન કહે છે તેમ થાય."

રાવળ ચૂપ થઈ ગયો.

લંઘો સમજી ગયો કે આ બધું કાવતરાનો જ એક ભાગ હશે. તેનું શરીર તંગ થઈ ગયું. તેની ચિંતા વધી ગઈ. તેણે બે સિપાહીઓને આગળ જઈ અંદર પ્રવેશવાની આજ્ઞા આપી. બે સિપાહીઓએ મ્યાનમાંથી તલવાર ખેંચી અને હાથમાં અધ્ધર રાખી પછી અંદર પ્રવેશ્યા. પાછળ હમીરજી પ્રવેશ્યા. પાછળ લંઘો રહ્યો. લંઘાની પાછળ બીજા બે સિપાહીઓ એ જ રીતે પ્રવેશ્યા.

અંદર જઇ લંઘાની નજર ચારેબાજુ

*'નારાજગી' તમારો મુકામ હોઈ શકે, અમે તો રહ્યા 'રાજીખુશી'ના માણસ.*

ફરી વળી. સમગ્ર ખંડ ખાલી હતો. ભોજન વગેરેની કોઈ જ વ્યવસ્થા ન હતી. તે સમજી ગયો. તલવાર હાથમાં લઈ તીવ્રતાથી પકડી.

બધા ચાલતા ખંડની વચ્ચે આવ્યા. બધાએ પાછળ જોયું તો રાવળ હજી દરવાજાની બહાર જ ઊભો હતો. તેના હોઠ પર કુટિલ હાસ્ય હતું.

લંઘાએ હમીરજીને કહ્યું, "મહારાજ, તલવાર બહાર કાઢો. કાવતરું છે."

હમીરજી હજી સ્વાગતની મસ્તીમાં હતા. તે ન સમજ્યા. "શેનું કાવતરું?" તેમણે પૂછ્યું.

"બાપુ, જુઓ, જામ અંદર નથી આવતા. ખંડમાં ભોજનની કોઈ જ વ્યવસ્થા નથી."

હવે હમીરજીની નજર ગઈ. જોયું તો ખંડ ખાલી હતો અને રાવળ બહાર જ ઊભો હતો.

"અરે જામ, અંદર આવો!" તેણે બૂમ મારી.

જામના ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો. તેના સેનાપતિએ બે હાથે જોરથી તાળી પાડી.

તરત ખોરડામાં સામે લટકતા પડદા પાછળથી થોડા સિપાહીઓ નીકળી આવ્યા. ખંડની જમણી બાજુએ એક દરવાજો હતો. તે પણ ધડાંગ કરતો ખૂલી ગયો અને તેમાંથી પણ દસ-પંદર સિપાહીઓ તલવાર લઈ ઘૂસી આવ્યા.

હવે હમીરજીને ખ્યાલ આવી ગયો. તેઓ લંઘાની વાત સમજી ગયા. તેમણે બૂમ મારી, "રાવળ, દગો કરે છે તું તો!"

બહારથી રાવળનો અવાજ આવ્યો, "મારા પિતાની હત્યા કરી નાખી અને મને દગાખોર કહે છે?"

"પણ..." હમીરજી બોલવા ગયા.

તેને વચ્ચેથી કાપી નાખી લંઘાએ કહ્યું, "બાપુ, આ ખૂણામાં આવી જાઓ. ચિંતા ન કરો. અમે આપનું રક્ષણ કરશું."

તેણે પણ ત્રાડભર્યા અવાજે બૂમ મારી, "બધા અંદર આવી જાઓ."

બહાર હમીરજીના થોડા વધારાના સિપાહીઓ હતા. તેમણે આ ત્રાડ સાંભળી અને તરત કૂદ્યા અને રાવળ તથા સેનાપતિને ધક્કો મારી અંદર ધસી આવ્યા.

રાવળના સૈનિકોએ હલ્લો જ શરૂ કરી દીધો. તેમની સંખ્યા બમણી હતી. હમીરજીના સૈનિકોની સંખ્યા ઓછી હતી, પણ બધા તૈયાર હતા. બધાને લંઘાએ સાવધ રહેવાની વાત કરી હતી તે હવે સમજાઈ. બધાનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો હતો. બધા ઝનુનથી તેમના પર તૂટી પડ્યા.

લંઘાએ હમીરજીને ધક્કો મારી બે દીવાલ વચ્ચે ખૂણામાં ધકેલી દીધા. પોતે તેમની આગળ ભીંત બની ઊભો રહ્યો. બે સિપાહીઓ તેની આગળ ઊભા રહી ગયા. બાકીના બધા લડવા લાગ્યા.

ખંડમાં તલવારના અથડાવાના અવાજો આવવા લાગ્યા. બે તલવારો ભટકાય ત્યારે તણખા ઝરતા હતા. બંને પક્ષ એકબીજા સાથે ઝનુનથી લડવા લાગ્યા. નાનકડા ખંડમાં ધમાલ મચી ગઈ. 'મારો-કાપો'ના અવાજથી ચારે દીવાલો પડઘાવા લાગી.

હમીરજીના એક સૈનિકને ચાર-પાંચ સિપાહીઓ સાથે લડવું પડતું હતું. તેઓ પૂરા સજ્જ હતા, શૂરવીર પણ હતા, એટલે બરાબર સામનો કરતા હતા, પણ કઈ બાજુથી ઘા આવશે તેનો ખ્યાલ આવતો ન હતો. ઘૂમી-ઘૂમીને તેઓ લડતા હતા. પણ નાની જગ્યા હતી અને તેઓ ઘેરાઈ ગયા હતા. પરિણામે એક પછી એક ટપોટપ પડવા લાગ્યા. થોડીવારમાં તો બે-ચારને બાદ કરતાં બધા ઘાયલ થઈ પડી ગયા. તેમાં પણ દરેકને ચારે બાજુએથી એટલા ઘા લાગ્યા હતા કે તેઓ તરફડતા હતા. થોડા તો પળમાં મૃત્યુ પામ્યા.

હમીરજી ફાટી આંખે જોતા હતા. હાથમાં તલવાર હતી. દગો થવાથી ગુસ્સાથી ફાટફાટ થતા હતા. થોડા ઢીલા પણ પડી ગયા હતા. છતાં તલવાર જમીન પર પછાડતા હતા.

"મહારાજ, ઊભા રહો. ચિંતા ન કરો. અમે છીએ ત્યાં સુધી તમને કશું નથી થવાનું. એક ઘસરકો પણ નહીં થવા દઈએ." લંઘાએ તેમને આશ્વાસન આપતાં કહ્યું.

પણ લંઘો જોતો હતો કે તેના સાથીઓ ટપોટપ પડતા હતા. હવે તે ત્રણ અને મહારાજ બચ્યા હતા.

હમીરજી પોતાને રોકી ન શક્યા. 'જય આશાપુરા માતાજી!'નો ઘોષ કરી કૂદકો માર્યો અને તેઓ આગળ ધસી આવ્યા અને લડવાનું શરૂ કર્યું. ઝનુનમાં બે-ત્રણના પેટમાં તલવાર ખોસી દીદી. ચીસ પાડતા તે સૈનિકો જમીન પર પડી ગયા.

હમીરજીને ધસતા જોઈ લંઘો પણ કૂદ્યો અને તે પણ લડવા લાગ્યો. પણ હવે ચાર સામે દસ-પંદર હતા. બધા તેમને ઘેરી વળ્યા. બે સિપાહીઓનાં તો ફટ કરતાં ડોકાં ઊડી ગયા. એક ઊંચો સિપાહી ધસ્યો અને તલવારનો ઘા કર્યો. હમીરજીની છાતીમાં ઊંડો ઘા કરી તલવાર ચાલી ગઈ.

હમીરજી ચીસ પાડી ઊઠ્યા.

લંઘો સળગી ઊઠ્યો. કૂદકો મારીને તે સૈનિકના ગળામાં તલવાર ભરાવી દીધી. પેલો તો ચીસ પાડીને ગબડી પડ્યો. ત્યાં બીજા બે આગળ આવ્યા અને હમીરજીની છાતીમાં ભાલો ખોસી દીધો.

*કેવી કમનસીબી છે કે માણસમાં માણસ દેખાતો નથી.*

હમીરજી ઊછળીને નીચે પડી ગયા. જમીન પર તરફડવા લાગ્યા.

લંઘો ફરી કૂદ્યો. પણ એકસરખી ચાર તલવારો તેના પર ઝીંકાઈ. પીઠ અને છાતી વીંધાઈ ગઈ. લંઘો પણ ઊછળીને હમીરજી પાસે જ પડી ગયો.

લડાઈ અટકી ગઈ. બાકીના સિપાહીઓ દૂર ખસી ગયા. એક બૂમ મારી અને દરવાજો ખૂલી ગયો. રાવળ અંદર આવ્યો. હમીરજીને તરફડતા જોઈ હસવા લાગ્યો. તેને એક લાત મારી અને બોલ્યો, "ઈ જ લાગનો છો, મારા બાપના ખૂની!"

બંને જમીન પર તરફડતા હતા. બંનેના શરીરમાંથી લોહીના ફુવારા ઊડતા હતા અને જમીન પર રેલા વહેવા શરૂ થયા.

લંઘાએ રાવળને લાત મારતાં જોયો અને તે ખળભળી ગયો. તેને થયું કે ઊભો થઈ તેને મારી નાખું. હાથમાં તલવાર પણ હતી, પણ શક્તિ ક્યાં હતી? તેની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. પોતાના પાલનહારને તરફડતો તે જોઈ શકતો ન હતો. હમીરજી પણ તેની સામે લાચારીથી જોતા હતા.

ત્યાં લંઘાની નજર જમીન પર પડી. જોયું તો હમીરજીનું લોહી પોતાની તરફ આવતું હતું. તેનું લોહી પણ ત્યાં જ પડ્યું હતું.

તે ચમક્યો : અરે! મહારાજનું ક્ષત્રિય લોહી મારા લોહીની નજીક આવે છે! અરે! મારું તો નોકરનું લોહી. માલિકનું લોહી નોકરનાં લોહીને અડકે, તો તો હલકું થઈ જાય, અશુદ્ધ થઈ જાય! ના! ના! એ તો ન થવા દેવાય!

તેની શક્તિ ક્ષીણ થતી જતી હતી. શરીરનો તરફડાટ વધતો જતો હતો, છતાં ધીમેથી તે બોલ્યો, "મહારાજ, ચિંતા ન કરો. તમારું લોહી અશુદ્ધ થવા નહીં દઉં. હું તમારો અદનો નોકર છું. માલિકના લોહીને અપવિત્ર થવા નહીં જ દઉં. તમને તો ન બચાવી શક્યો, પણ પવિત્ર તો રાખીશ જ."

ઊંડો શ્વાસ લઇ, ભયાનક પ્રયત્નથી પોતાનો તલવારવાળો હાથ ઊંચો કર્યો અને ધીમેધીમે આગળ કર્યો. માંડમાંડ પોતાના લોહી અને હમીરજીના લોહી વચ્ચે ધીમેથી તલવાર મૂકી દીધી.

હમીરજીનું લોહી તલવાર પાસે આવી અટકી ગયું. તલવાર આડી હોવાથી આગળ વધી ન શક્યું. લંઘાના લોહીથી બે આંગળ દૂર અટકી ગયું, ભળી ન શક્યું.

મૃત્યુના ડચકાં ખાતાં, ભારી થતી જતી આંખોથી લંઘો આ જોતો હતો. લોહીને અટકતું જોઈ તેના સૂકા થતા જતા હોઠ પર સંતોષનું સ્મિત આવ્યું.

તેનો હાથ તલવાર પરથી છૂટી ગયો. તેની આંખો હમીરજી સામે સ્થિર થઈ ગઈ અને પછી ધીમેથી બંધ થઈ ગઈ.

લંઘો સંતોષથી મૃત્યુ પામ્યો. છેલ્લી પળ સુધી તેણે વફાદારી નિભાવી.

રાવળ અને સેનાપતિ સ્તબ્ધ થઈ જોઈ રહ્યા. ■

## તત્પર રહેજો

તમારા પાસા અવળા પડે ત્યારે મનમાં કડવાશ ધોળશો નહીં. જે કાર્યો સફળતાપૂર્વક પાર પડ્યા છે તેના માટે ઈશ્વરનો અંતઃકરણપૂર્વકનો આભાર માનજો.

જેમણે તમને દુઃખ પહોંચાડ્યું છે તેવા લોકોને સત્વરે ભૂલી જજો, જેમણે તમને મદદ કરી છે તેવા લોકોને જ યાદ કરજો.

તમને દસે દિશાઓમાંથી જે કંઈ સારું આવી મળ્યું છે, તેને અનુકગણું કરીને પરત કરવા માટે તત્પર રહેજો.

## ભુજપુર - મોટી ખાખરના જિનાલયો

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

આકર ગ્રંથ 'શ્રી ભદ્રેશ્વર - વસહી મહાતીર્થ' (૧૯૭૭)ના પૃષ્ઠ-૨૨૨ ઉપર નોંધ્યું છે.

દેરાસરની ડાબે આદિનાથ પ્રભુ પાદુકા અને શેત્રુંજય પટ તેમજ બાજુમાં 'ભ્રાતૃચંદ્ર જૈન જ્ઞાનભંડાર' (સંવત ૧૯૭૯/સન ૧૯૨૩) આવેલ છે. જેમાં વિવિધ મહારાજ સાહેબોની પાદુકાઓ પણ સ્થાપિત છે. દેરાસરની જમણે સાધુ મહારાજો માટેનો ઉપાશ્રય અને વ્યાખ્યાન ગૃહ તથા દેરાસર બહાર સામે સાધ્વીશ્રીઓ માટેનો ઉપાશ્રય છે.

સન ૨૦૦૩માં આ પ્રાચીન દેરાસરનો અગિયાર દિવસીય ચતુઃશતાબ્દી (૪૦૦મી જયંતી) મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. તે પ્રસંગે ભુવનચંદ્રવિજયજીની શુભ નિશ્રામાં સંવત ૨૦૯૫ના વૈશાખ સુદ છઠ્ઠ અને તારીખ ૭મી મે, ૨૦૦૩ના જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા અને પાર્શ્વચંદ્રસૂરિજીની નૂતન મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી.

દેરાસરનું સંચાલન મોટી ખાખર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (પાર્શ્વચંદ્રગચ્છ) સંભાળે છે. ગામમાં દેરાસર એવી પવિત્ર ભૂમિ પર આવેલું છે, જ્યાં વિવિધ સંપ્રદાયોનાં સ્થાનકો એકીસાથે નજરે પડે છે. આદિનાથ દેરાસર, આઠ કોટી નાની પક્ષ સ્થાનક, શંકર મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર.... – આ ચારેય ધાર્મિક સ્થળો એકમેકને અડીને આવેલાં છે!

*(ક્રમશઃ)*

*(આવતા ત્રીજા લેખાંકમાં નાની ખાખર અને બિદડાનાં જિનાલયોની તવારીખ)*

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

ઇતિહાસ

# સરસ્વતી નદીનો ઇતિહાસ

• ડૉ. જયનારાયણ વ્યાસ •

સિધ્ધપુર જેને કિનારે વસ્યું છે, તે સરસ્વતી નદી આશરે ૬૦,૦૦૦ વર્ષોનો ઇતિહાસ સાચવીને બેઠી છે.

સિધ્ધપુર પુણ્યસલીલા સરસ્વતીને કિનારે વસેલું છે. આ સિધ્ધપુર પાસેનો સરસ્વતી નદીનો પ્રવાહ આશરે ૬૦,૦૦૦ વરસોનો ઇતિહાસ સાચવીને બેઠો છે. ૩૦,૦૦૦ વરસથી આ પ્રવાહ અહીં વહી રહ્યો છે એવું આ વિષય સંદર્ભે સરસ્વતી શોધ અભિયાન સાથે જોડાયેલા ઇસરોના પૂર્વ વૈજ્ઞાનિક શ્રી પ્રભુલાલભાઈ ઠક્કરનું તારણ છે. તેઓશ્રીએ પોતાના આ સંશોધનના નિચોડ સમી નોંધ સિધ્ધપુર ઉપર પ્રગટ થનાર પુસ્તક માટે લખી આપી છે. સરસ્વતી શોધ અભિયાન સાથે વરસોથી સંકળાયેલા અને અવકાશ વિજ્ઞાન સંશોધન સંસ્થાનના વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રી પ્રભુલાલભાઈ ઠક્કર કરતાં વધુ અધિકૃત વ્યક્તિ આ વિષય માટે ભાગ્યે જ ઉપલબ્ધ થઈ શક્યા હોત. તેઓશ્રીના ઋણ સ્વીકાર સાથે વૈદિક સરસ્વતી નદી સંલગ્ન અત્યંત અધિકૃત માહિતી ધરાવતો લેખ અહીં રજૂ કર્યો છે.

વૈદિક સરસ્વતી નદીનું ઉદ્‌ગમ સ્થાન કૈલાસ માન સરોવરથી આશરે દોઢસો કિ.મી. દૂર આવેલા ગાંગલા રિંગ ત્સો - ગંગા ઘાટ મુખ સરોવર હતું. ગંગા ઘાટ મુખ સરોવરમાં જુદા જુદા પ્રાણી મુખમાંથી જુદી જુદી આપણી મુખ્ય નદીઓના ઉદ્‌ગમ સ્થાન હતા. સરસ્વતી નદી આ સરોવરના ગૌમુખમાંથી નીકળી કૈલાસ પાસે આવેલા કપાલ, મા સરોવર તથા રાક્ષસ તાલમાં વહી, ત્યાંથી વાયવ્ય દિશામાં વહી, પ્લક્ષ પ્રશ્રવણ સરોવરમાં થઈ આજના સતલજ નદીના પ્રવાહમાં વહી તીર્થપુરીથી આદિબદરી સુધી વહેતો હશે. આ પ્રવાહ પહેલાં ધોળી ગંગા તથા ઋષિ ગંગાના પ્રવાહમાં વહેતો હશે. ત્યાર પછી ભૂકંપ જેવા પરિબળોના કારણે આ પ્રવાહ ઉત્તર તથા પશ્ચિમ દિશા તરફ ખસતાં આદિ બદરી એટલે કે આજના તિબેટમાં આવેલ ધૂલીંગ મઠથી આજની માંગનાંગ ત્સાન્ગપો નદીના પ્રવાહમાં વહી, માના પાસ થઈ, માના પાસની દક્ષિણે, દક્ષિણ દિશામાં વહી, માના ગામ સુધી વહેતો હશે. માના ગામની ઉત્તરમાં સરસ્વતી નદીના જમણા કાંઠા પર માના ગામથી આશરે ત્રેવીસ કિ.મી. દૂર સરસ્વતી નગર પણ આવેલું હતું. માના ગામથી ઉત્તરમાં થોડે દૂર સરસ્વતીનું મંદિર પણ આવેલું છે. માના ગામમાં વ્યાસનું મંદિર, વ્યાસ ગુફા, ગણેશનું મંદિર તથા ભીમ પૂલ પણ આવેલ છે. સરસ્વતી નદી માના ગામથી દક્ષિણમાં ત્રણ કિ.મી. દૂર અલકનંદા નદીને મળે છે જે વિષ્ણુ પ્રયાગના નામે ઓળખાય છે.

ત્યારબાદ આ પ્રવાહ આજની ગંગા નદીના પ્રવાહમાં વહી ઋષિકેશ હરદ્વાર સુધી આવતો હશે. ત્યાંથી આ પ્રવાહ બિજનૌર સુધી વહી બિજનૌરથી બુદ્ધિ ગંગાના પ્રવાહમાં વહી આજના પ્રવાહથી ઉત્તરમાં વહી પ્રયાગરાજ અલ્હાબાદ સુધી વહી ત્યાંથી પૂર્વમાં છપરા સુધી વહેતો હશે. છપરાથી આ પ્રવાહ દક્ષિણ દિશામાં આજના સોન નદીના પ્રવાહમાં વહી અમરકંટક સુધી વહેતો હશે. અમરકંટકથી આ પ્રવાહ આજની નર્મદા નદીના પ્રવાહમાં વહી ભરૂચ સુધી વહેતો હશે. ભરૂચથી આ પ્રવાહ પશ્ચિમ દિશામાં વહી સૌરાષ્ટ્રની ભૂમિ પર ભાદર નદીના પ્રવાહમાં ગિરનાર સુધી વહેતો હશે. ત્યાંથી ઓઝત નદીના પ્રવાહમાં વહી પ્રાચી પાસે સરસ્વતીનો પ્રવાહ સોમનાથ પાસે ત્રિવેણી સંગમ પાસે અરબી સમુદ્રમાં મળતો હશે.

આ સમયે ગુજરાતના ખંભાતનો અખાત કે કચ્છનો અખાત અસ્તિત્વમાં ન હતા. સમુદ્રના પાણીની સપાટી, આજે છે તેના કરતાં, એકસો વીસ મીટર જેટલી નીચે હતી. એટલે કે, ખંભાતનો અખાત હતો નહીં અને લોકો ભરૂચ તરફથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં બળદગાડામાં બેસીને જતા હતા તેવા ઉલ્લેખ સાહિત્યમાં વાંચવા મળે છે.

આપણે અહીં સિધ્ધપુર પાસે સરસ્વતી નદીના પ્રવાહની વાત કરવી છે. હિમાલયમાં તિબેટમાં આવેલા ગંગા ઘાટ મુખ સરોવરના ગૌમુખમાંથી નીકળેલી સરસ્વતી નદી અલ્હાબાદ પાસે વહેતી હતી. જે છપરા સુધી વહી સોન નદીના પ્રવાહમાં વહેતી હતી. સમય જતાં જેમ જેમ હિમાલયની ઊંચાઈ વધતી ગઈ અને વર્તમાન ભારત તથા ભારતવર્ષના પ્રદેશોમાં ધરતીકંપ તથા સુનામી જેવા બનાવો વારંવાર બનતાં આ સમગ્ર પ્રવાહમાં વારંવાર ફેરફારો થતા રહ્યા અને સોનના પ્રવાહમાં વહેતો સરસ્વતીનો પ્રવાહ હાથની, પરબતી, કાલીસિંધ તરફ પશ્ચિમ દિશામાં વહેતી આજની નદીઓના પ્રવાહમાં વહી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન તથા ગુજરાતની વિવિધ નદીઓના પ્રવાહમાં વહી કોઈ કાળે મહી તથા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

મહિલા સશક્તિકરણ

# સમગ્ર માનવ સમુદાય માટે ચિંતનનો વિષય : મહિલા સશક્તિકરણ માનવતાનું સશક્તિકરણ છે



ડૉ. કિશોર સાધુ

'યત્ર નાર્યસ્તુ પૂજ્યતે, રમન્તે તત્ર દેવતા; યત્રૈનાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રા ફલાઃ ક્રિયા.' (મનુ સ્મૃતિ ૩.૫૬). બીજા એક વેદમંત્રમાં પણ કહેવાયું છે કે, 'હે સ્ત્રી, તું અજેય છે, તું વિજેતા છે, તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનાર છે, તું હજારો પ્રકારના પરાક્રમ દાખવી શકે છે એટલે તું સહસ્ત્રવીર્યા છે. આપણાં શાસ્ત્રો મહિલા આદર કથાઓ અને સશક્તિકરણની કથાઓથી ભરેલા છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિએ નારીનો દરજ્જો નરથી ઊંચો માન્યો છે. નારી પ્રાણદાત્રી, જગદંબિકા છે. મહિલામાં અપરિમિત શક્તિ હોય છે. તેથી તે અસંભવિત કાર્ય પણ સંભવ કરી દે છે. તે ત્રણે દેવોને બાળક બનાવી શકે છે. સૂર્યની ગતિને રોકી શકે છે, પરમ પરમેશ્વરને પણ શ્રાપ આપી શકે છે. યમરાજની પાસેથી સત્યવાનને પણ પાછો લાવી શકે છે. એટલે કે મહિલા માટે કોઈ કાર્ય અસંભવ નથી. 'માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃ આચાર્યદેવો ભવઃ' માતાનું સ્થાન પહેલું મૂક્યું છે. કવિ કાગ તો લખે છે : મોઢેથી બોલું મા, કોઠાને ટાઢક કાગડા! મોઢે બોલું મા, સાંચેય નાનક સાંભરે; મોટપની મજા, મને કડવી લાગે કાગડા!'

૨૧મી સદીમાં વિશ્વમાં રાજકીય, રમતગમત, વેપાર વાણિજ્ય, ધંધા ઉદ્યોગ, ખેતી, મજૂરી, સહકારી અને ખાનગી કોર્પોરેટ જેવા અલગ અલગ ક્ષેત્રોમાં મહિલાઓને જ્યાં તક સાંપડી છે ત્યાં વિકાસની હરણફાળ ભરી પુરુષ સમોવડી બની છે. પોતાના સામર્થ્યને ચરિતાર્થ કર્યું છે. મહિલાઓને સમાનતા અને મુક્તિ અંગેના મહિલાઓ અને સમાજના બંનેના વિચારોમાં નોંધપાત્ર પરિવર્તન અને મનોવૃત્તિમાં પરિવર્તન આવ્યું છે. છતાંય વાસ્તવિક્તા કંઈક અલગ છે. વિશ્વ, રાષ્ટ્ર અને રાજ્ય સ્તર પર નિઃશસ્ત્રીકરણ, પર્યાવરણનું અસમતોલન વગેરેની જેમ સ્ત્રી – પુરુષ સમાનતાની સમસ્યાએ પણ વિકરાળ રૂપ ધારણ કર્યું છે. ઘણા રાજ્યો, રાષ્ટ્રો અને ગામડાંઓમાં લિંગભેદ આજે પણ વિદ્યમાન છે. જેમાં પુરુષને પ્રથમ અને સ્ત્રીને બીજા નંબરનો દરજ્જો આપવામાં આવ્યો છે. સામાજિક સંરચનામાં ઉપસ્થિત અનેક ભેદોમાં સ્ત્રી પુરુષનો વિભેદ સર્વાધિક બુનિયાદી છે કારણકે તે કુદરતી છે. પણ કુદરતે આપેલ આ ભેદનો અર્થ જાતીય અસમાનતા નથી. આ પ્રકારનું મંતવ્ય લોકતાંત્રિક દર્શનમાં અને સ્ત્રી વિમર્શમાં સતત ચર્ચાતું રહ્યું છે. છતાંય સામાજિક, આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રે સ્ત્રી – પુરુષ વચ્ચે અસમાનતા કેમ છે? વૈશ્વિક સ્તરે મહિલા શિક્ષણ, આરોગ્ય અને તેમની સામે હિંસાની સ્થિતિ વધુ ખરાબ છે. આ વાતને નારીવાદીઓએ પાયાના પ્રશ્નના રૂપમાં ઉઠાવ્યો છે. જો કે ઘણા મહાન સુધારાઓ કરવામાં આવ્યા છે. ઘણાં દેશોમાં વડાપ્રધાન, રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલ તરીકે સ્ત્રી છે.

ગાંધીજીએ કહ્યું છે કે, 'સ્ત્રી અને પુરુષ એક જ દરજ્જાના છે, એક જ નથી. એ અપૂર્વ જોડી છે. એકબીજાની પૂરણી છે અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ જ નથી.' અહીં હરીફાઈની નહીં સમાનતાની વાત છે. પરિવર્તનના વૈશ્વિક માહોલમાં દરેક સમાજે વિકાસ સાધવો હશે તો મહિલાઓને સમાનતાનો દરજ્જો આપવો પડશે. વાંચેલું એક વાક્ય યાદ આવે કે, 'વિશ્વ કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહીં ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકે નહીં. કોઈ પણ પંખીને એક પાંખથી ઉડવું અશક્ય જ બની જતું હોય છે.' મહિલા સશક્તિકરણ સમાજ, રાજ્ય, દેશ, વિશ્વ કે સરકારની જ ચિંતાનો વિષય નથી પરંતુ તે સમગ્ર માનવ સમુદાયની ચિંતા અને ચિંતનનો વિષય છે. જેમ અડધા શરીરને લકવો થઈ જવાથી જે દુર્દશા શરીરની થાય છે, તેવી જ આપણા સમાજની થઈ જાય. મહિલા, સમાજનું અડધું અંગ છે. તે જો નિર્બળ રહે તો? મહિલા સશક્તિકરણ માનવતાનું સશક્તિકરણ છે. દરેક વિચારશીલ વ્યક્તિનું કર્તવ્ય છે કે, પોતાના સમાજના અડધા અંગની મૂર્છાને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આપણે પ્રાણવાન બનવા માંગતા હોઈએ અને સમાજને પ્રાણવાન બનાવવાની મનમાં અદમ્ય ઇચ્છા હોય તો સ્ત્રી – પુરુષ બંનેનું સાચા અર્થમાં સશક્તિકરણ થવું ખૂબ જરૂરી છે.

મહિલા સશક્તિકરણ માટે દર વર્ષે ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની

*ગાયબ છે અંદરનો માણસ, જીવે છે અવસરનો માણસ.*

ઉજવણી કરવામાં આવે છે. જેમાં મહિલાઓ માટે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તન, વિવિધ પ્રકારના શોષણોમાંથી મુક્ત થવાનો અને સ્ત્રી શ્રમિકોની એકતા ટકાવી રાખવા માટે તેમજ વિશ્વશાંતિ અને પર્યાવરણનું જતન થાય તેવો ઉમદા દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૧૮૪૦માં સંયુક્ત રાજ્ય અમેરિકાના લ્યુકેશિયામાં સમાન અધિકાર સંગઠનની સ્થાપના કરી નિગ્રો મહિલાઓ માટે સમાન અધિકારોની માંગ કરી. અમેરિકામાં ૮ માર્ચ, ૧૮૫૭માં ન્યુયોર્કમાં સિલાઇ અને કપડાં ઉદ્યોગમાં કાર્યરત મહિલાઓએ પુરુષોની સમકક્ષ વેતન અને કામ કરવાનો સમય ૧૦ કલાક નક્કી કરવા હડતાલ પાડી. તેથી ૮ માર્ચને વિશ્વ મહિલા દિવસ તરીકે કામદાર બહેનોએ શોષણમાંથી મુક્ત થવા અને પોતાના અધિકારો માટે આપેલી લડતની સ્મૃતિરૂપે ઉજવવામાં આવતો હતો. ત્યારબાદ યુનાઇટેડ નેશન્સે ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ જાહેર કર્યું. ત્યારથી ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે વિવિધ વિષય વસ્તુ નક્કી કરીને ઉજવવામાં આવે છે અને તે દ્વારા મહિલાઓને સર્વક્ષેત્રે સમાન અધિકાર આપી, મહિલાઓને જાગૃત થઇ સક્રિય થવા અનુરોધ કરવામાં આવે છે. ૧૯૯૦થી ૨૦૦૦ના દસકાને મહિલા દસકના રૂપમાં ઉજવવામાં આવ્યો. આ વર્ષમાં દેશમાં અને મહિલાઓને લગતા કાયદા અને સરકારી યોજનાઓ જાહેર કરવામાં આવી. ભારત સરકાર દ્વારા ૨૦૦૧ના વર્ષને મહિલા સશક્તિકરણ વર્ષના રૂપમાં ઉજવવામાં આવ્યું હતું. પરંતુ મહિલા સશક્તિકરણ સતત ચાલતી પ્રક્રિયા છે. તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચાલતી રહે છે. આ પ્રક્રિયાની માત્રા, ગુણવત્તા અને સ્વરૂપમાં તફાવત હોઈ શકે છે. પણ આ પ્રક્રિયા કોઈમાં આત્મવિશ્વાસ ઊભો કરવા, શીખવાનું, પોતાની શક્તિ વધારવાનું, સ્વયંના મનન, ચિંતન અને અધ્યયન દ્વારા જ્ઞાનવર્ધન, આત્મસંયમ તેમજ આત્માનુસાશનને વધારવાનું તથા બીજા લોકોનું માર્ગદર્શન કરવા માટે પ્રેરિત કરે છે. ઇચ્છા શક્તિ અને સાહસ વગર સશક્તિકરણ સંભવ નથી. ૮ માર્ચ, ૨૦૨૦ વર્ષની વિષયવસ્તુ "હું જન્મથી સમાન છું – મહિલાઓના અધિકારની અનુભૂતિ કરું છું" નક્કી કરવામાં આવ્યું છે. તેની ચળવળનું સુત્ર "સમાન વિશ્વ એ સક્ષમ વિશ્વ છે" રાખવામાં આવ્યું છે.

મહિલા સશક્તિકરણને મજબૂત કરતો દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો છે. પરિવારના મોભીનું અવસાન થાય એવી સ્થિતિમાં તે પરિવારની સૌથી મોટી સ્ત્રી ઘરના 'કર્તા'ની ભૂમિકા નિભાવી શકે છે. અદાલતનો આ ચુકાદો અત્યારે સમગ્ર દેશમાં 'લૉ ઑફ ધી લેન્ડ' છે. ઉત્તર દિલ્હીમાં એક ઉદ્યોગપતિના પરિવારમાં મોભી અને તેના ત્રણ દીકરાઓના મૃત્યુ પામ્યા. પછી નાના ભાઈના એક પુત્રે પોતાને પરિવારના મોભી તરીકે જાહેર કર્યો. પરંતુ મોભીની પુત્રીએ આ દાવાને કોર્ટમાં પડકાર્યો. પરિણામે સ્ત્રીને પરિવારની મોભી 'કર્તા' બનવાનો હક્ક મળ્યો છે. આ ચુકાદાથી મહિલાઓમાં, ખાસ કરી કુટુંબની મોટી દીકરીઓમાં નવો આત્મવિશ્વાસ ઊભો થશે.

હિંદુ ધર્મગ્રંથો અને રીતરિવાજ મુજબ 'કર્તા' - મોભી શબ્દ – ખાસ સંદર્ભમાં વપરાતો આવ્યો છે. તે એવી વ્યક્તિ છે જે મૃતકને અગ્નિદાહ આપે છે, તેનું શ્રાદ્ધ કરે છે. પછી સામાજિક સ્તર પર તે મોભીનું સ્થાન લે છે. અત્યાર સુધી આપણી પરંપરા મુજબ આવો અધિકાર માત્ર પુરુષોને જ હતો. એટલે કે બાપ ન રહે પછી મોટા પુત્રનો અને ખાસ પરિસ્થિતિમાં નાના ભાઈ કે ભત્રીજાને આ અધિકાર મળતો. અવિભાજિત હિંદુ પરિવારમાં સંપત્તિના ભાગ કે વેચાણ સંબંધી નિર્ણય એ જ લેતા. ૨૦૦૫માં હિંદુ પરંપરા ધારામાં સુધારો કરી કલમ-૬ ઉમેરવામાં આવી હતી. તે આધારે મહિલાઓને પૈતૃક સંપત્તિમાં સમાન હક અપાયો હતો. પણ કર્તા તરીકે સ્વીકારવામાં આવી ન હતી. હવે આ ચુકાદાથી ૨૦૦૫ના સુધારાને સાચા મુકામે પહોંચાડવામાં આવ્યો છે. હવે ઘરના બધા જ પ્રકારના નિર્ણયો લેવાનો હક પણ દીકરીને હાંસલ થઈ ગયો છે. કાયદા અનુસાર સૌને સમાન અધિકાર તો મળ્યા છે. ન્યાય પાલિકાની સક્રિયતાએ પુત્રીઓને અધિકાર સંપન્ન બનાવવાનો માર્ગ ખોલ્યો છે. દીકરીઓનો સામાજિક દરજ્જો બદલ્યો છે. દીકરીઓને કાયદાની નવી તાકાત મળી છે, જેનો સદુપયોગ થવો જોઈએ.

સમાજે પણ અદાલત સાથે કદમ મિલાવી આગળ વધવુંજોઈએ. સારા માઠા પ્રસંગોમાં, પરંપરાગત રિવાજોમાં જે સ્થાન પુત્રને મળતું રહ્યું છે તે પુત્રીને પણ આપવું જોઈએ. મા-બાપને અગ્નિદાહ આપી ઘણી દીકરીઓએ નવો રાહ કંડાર્યો છે. આપણા દેશમાં ૨૦૧૯ના આંકડા મુજબ ૧૦૦૦ પુરુષોએ ૯૪૭ મહિલાઓ છે અને રાજ્યમાં ૯૧૮ મહિલાઓ છે. એટલે કે દીકરીઓની અછત છે. તેના પરિણામ ઘણા માઠા આવી રહ્યા છે. જીવન કુદરતી સંતુલનને આધારે ચાલે છે અને તેમાં ખલેલ પડવાથી જીવનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. સરકાર, સહકારી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ મહિલા સશક્તિકરણ માટે અનેક પ્રયાસો હાથ ધરી રહી છે.

દેશને વિકાસના રાહ ઉપર લઇ જવા નારી શક્તિનું સન્માન થવું જ જોઈએ. સ્ત્રી કમાય પણ વાપરવાનો અધિકાર છે? કદાચ

*છેક દરવાજા સુધી આવીને પૂછી ગઈ કિસ્મત, જિંદગીથી હારી ગયા, કે ફાવી ગઈ આ રમત?*

કમાણી વાપરે તો ઘરમાં સંઘર્ષ ઊભો થાય છે. માનસિકતા બદલવાની જરૂર છે. વિવિધ પ્રસંગોમાં મહિલાઓને આગળ લાવવાના પ્રયાસો થવા જોઈએ. સહકારી સંસ્થાઓ મહિલા સશક્તિકરણ ક્ષેત્રે ઘણું કામ કરી શકે તેમ છે. સશક્તિકરણને કોઈ વ્યક્તિ વિશેષના રૂપમાં નહીં પરંતુ તેની વિવિધ ભૂમિકાના રૂપમાં જોવાની જરૂર છે.

મહિલા સશક્તિકરણ મન મસ્તિકની સંતુષ્ટી અને આત્મ વિશ્વાસના પ્રતીકરૂપ છે. જે નારીને એક વ્યક્તિના રૂપમાં સામાજિક, વૈશ્વિક માન્યતા આપે છે. જ્યાં સુધી તે સ્વયં પોતાની દૃષ્ટિમાં પોતાના અસ્તિત્વને સાર્થકતા નથી આપતી, જ્યાં સુધી તે અધિકાર, મહત્ત્વ અને મૂલ્યોનું જતન નથી કરતી, જ્યાં સુધી તે પોતાના ભવિષ્યના બારણા સ્વયંની કર્મઠતાથી ખોલવાનું સાહસ નથી દાખવતી ત્યાં સુધી તે પરાશ્રિત અને ચેતનાથી મુક્ત નથી થઈ શકતી. તેણે માત્ર શિક્ષિત થવાથી નહીં ચાલે. ૧૦-૧૨ના બોર્ડમાં પ્રથમ પાંચ દીકરીઓ આવે છે પણ શું તેની રૂચિમાં ફેર પડ્યો છે? તે પણ સુધરવી જોઈએ. વડીલોનું માન જાળવવું, આમન્યા રાખી પોતાની વાત રજૂ કરવી, સભ્ય શરીરને શોભે તેવા કપડાં પહેરવા. શક્તિનો એક અર્થ છે જ્ઞાન. મહિલાઓનું સશક્તિકરણ થયું છે તેનો અર્થ છે, મહિલાઓમાં જ્ઞાનની વૃદ્ધિ થઈ છે. તેનાથી આગળ જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરવો એ જ શક્તિ છે. મહિલા સશક્તિકરણનો અર્થ છે તેને વધુ શક્તિ કે સત્તા આપવી અથવા તેને વધુ સુવિધાપૂર્વક કામ કરવા દેવા માટે ચેતના અને ક્ષમતાઓનો વિકાસ કરવો. જેથી તે જીવનના પ્રત્યેક ક્ષેત્રે પોતાની જવાબદારી નિભાવી શકે.

*મદદનીશ પ્રકાશન અધિકારી,*
*ગુજરાત રાજ્ય સહકારી સંઘ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૬ ૨૦૧૩૨*

## સરસ્વતી નદીનો ઇતિહાસ

**(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

સાબરમતી નદીઓના પ્રવાહમાં પણ વહેતો હતો જેના પુરાવા સાહિત્યમાં પણ જોવા મળે છે.

સરસ્વતી નદીના પ્રવાહમાં ફેરફાર થતાં, કોઈ કાળે આ પ્રવાહ, અલ્હાબાદથી પશ્ચિમમાં યમુના નદીના પ્રવાહમાં હમીરપુર સુધી વહેતો હશે. ત્યાર પછી વર્તમાન ચંબલ નદીના પ્રવાહમાં વહી રાજસ્થાનના કોટા પહેલાં કોટાથી આશરે એકસો વીસ કિ.મી. પહેલાં પૂર્વ બનાસ નદીના પ્રવાહમાં વહી ટોંક પાસે વહેતા હશે. તે વર્તમાન બિસલપુર ડેમ, ઝાઝપુર, હમીરગઢ, ભીલવાડા, નાથદ્વારા પાસે વહી ઢોલ, ઓગણા, ગોગુંદા, પોશીના પાસે સાબરમતી નદીના પ્રવાહમાં વહી વર્તમાન ધરોઈ ડેમ સુધી આવી ત્યાંથી પશ્ચિમમાં વહી વર્તમાન મોકેશ્વર ડેમની ઉત્તરમાં હાલની ઉત્તર ગુજરાતની સરસ્વતી નદી જે આબુ પાસેના કોટેશ્વર પાસેથી ઉદ્‌ભવ પામે છે તેના પ્રવાહમાં મળી આગળ સિધ્ધપુર, દેથલી પાસે વહી તે હાલના પાટણ શહેર પાસે પાટણ શહેરથી પૂર્વમાં વહી દક્ષિણ દિશામાં લોટેશ્વર પાસે વહી સુરેન્દ્રનગર જિલ્લાના ઝિંઝુવાડા ગામ પાસેથી દક્ષિણ દિશામાં વહી દ્રૌપદી કુંડ પાસે વહી બ્રાહ્મણી નદીના પ્રવાહમાં વહી તરણેતર પાસે થઈ દક્ષિણમાં વહી આ પ્રવાહ સોમનાથ પાટણ સુધી વહેતો હશે. દ્રૌપદી કુંડ હરિયાણા રાજ્યના કુરુક્ષેત્રમાં તથા ગુજરાત રાજ્યમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા પાસે એક અને બીજો દ્વારકામાં આવેલ છે.

સિધ્ધપુર પાસેનો સરસ્વતી નદીનો પ્રવાહ આશરે સાંઇઠ હજાર વર્ષોનો ઈતિહાસ સાચવીને બેઠો હોય તેવું અનુમાન કરીએ તો ખોટું નહીં ગણાય. અહીંથી ભેખડમાંથી લીધેલ નમુનાઓ પરથી વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતા જણાયું છે કે ત્રીસ હજાર વર્ષોથી આ પ્રવાહ અહીં વહી રહ્યો છે.

પાટણના સહસ્ત્રલિંગ સરોવરમાંથી લીધેલા માટીના નમૂનાઓનું પૃથ્થક્કરણ કરતાં જાણવા મળ્યું છે કે, લગભગ નવ વખત આ સરોવરમાં પૂર આવવાથી અહીં માટી તણાઈ આવેલ છે. આમ, ભૂતકાળમાં, સરસ્વતી નદીમાં ભયંકર કહી શકાય તેવા પૂર નવ વખત આવ્યા હશે.

ઝિંઝુવાડા પાસે ઝીલ્લંધણ કુંડ / તીર્થમાં સરસ્વતી નદીનું પાણી આવતું હતું, તેવું લખાણ, સરસ્વતી મહાત્મ્ય નામના ગ્રંથમાં જોવા મળે છે. આ ગ્રંથ શ્રુતિ સ્મૃતિ પદ્ધતિ આધારિત લખાયેલો ગ્રંથ છે. મહારાજશ્રી પાસેથી રોજ કથાનું શ્રવણ કરી, તે યાદ રાખી તેને બીજા પાસે લખાવી, કચ્છના દીવાનના વિધવા પત્ની કંકુબેન મોતીલાલ લાલભાઈએ ઈ.સ. ૧૮૮૬માં કચ્છના મહારાઓના ભુજમાં આવેલ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. ■

## વિશ્વ વન દિવસ : માર્ચ ૨૧


**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

સુરક્ષિત, આનંદિત જીવન જીવવા દેવા માટે કુદરતના અમૂલ્ય વારસાનું જતન અને જાળવણી કરવા કુદરત સાથે જ ચાલવું પડશે. વૃક્ષો વાવી તેનું સંવર્ધન કરીએ. દરેક ઘરમાં બાળકના સમયે માતા-પિતા અને તે સમજણું થાય ત્યારથી એના જ હાથે દર જન્મદિને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી જીવન બચાવે અને લગ્ન બંધને બંધાતા દંપતી પણ આ નિયમ અપનાવે. મિત્ર વર્તુળમાં સારા પ્રસંગોએ એક છોડ ભેટ આપી, વધુને વધુ વૃક્ષો વાવી કુદરતના સંતુલનમાં સહભાગી થઈએ. અને આપણા તથા આપણી ભાવિ પેઢી માટે છાંયડા અને ઠંડકની વ્યવસ્થા કરતા જઈએ..! તો જ સાચા દિવસની ઉજવણી થશે, નહિતર કચ્છમાં વિશ્વ વનની જગ્યાએ વિશ્વ રણ દિવસ બની જશે. ■

*ના માંગ એની પાસે ગજાથી વધુ જીવન, એક પણ એ એવી દેશે કે તું વિતાવી નહીં શકે.*

પર્યાવરણ

# વિશ્વ વન દિવસ : માર્ચ ૨૧



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, દર વર્ષે માર્ચ ૨૧ના રોજ આખા વિશ્વમાં વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વનો દ્વારા મળતા અગણિત લાભો, પેદાશો અને ઉપકારોને યાદ કરી તેનું ઋણ ચૂકવવાનો છે. વનોને કઈ રીતે જાળવવા જોઈએ તથા તેને નુકસાન પહોંચાડ્યા સિવાય તેનું આયોજન અને વ્યવસ્થાપન કઈ રીતે કરવું જોઈએ કે જેથી અત્યાર સુધી મળતા ફાયદાઓ ભવિષ્યમાં પણ મેળવી શકાય તે અંગેની જાગૃતિ આ દિવસે ફેલાવવામાં આવે છે. ઇ.સ. ૧૯૭૧માં મળેલી "યુરોપિયન કોન્ફેડરેશન ઑફ એગ્રીકલ્ચર"ની સામાન્ય સભામાં આ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. જેને "યુનાઈટેડ નેશન્સ ફુડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન" દ્વારા પણ સહકાર મળ્યો. નવેમ્બર ૨૦૦૫માં "ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)" એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે ૨૫ હેક્ટર એટલે કે ૩૬ ફુટબોલ મેદાન જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે. જો આ જ ઝડપે વનોનો નાશ થવાનો ચાલુ રહેશે તો કદાચ એક દિવસ પૃથ્વી વનવિહોણી બની જશે. **ભારતના સંદર્ભમાં જોઈએ તો વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી 33% જમીન વન વિસ્તાર ધરાવતી હોવી જોઈએ. જેની સામે આજે ફક્ત ૧૨% જમીન વનવિસ્તાર ધરાવે છે.** આથી આપણે ફક્ત વનોને બચાવવાના જ નથી, પરંતુ વનવિસ્તાર વધારવાની પણ જરૂર છે.

મિત્રો, આપણા ભુજ કચ્છમાં પુનિત વન અને રક્ષક વન આવેલું છે, જે પાણીના અભાવે આરક્ષિત બન્યું છે તે એક ચિંતાનો વિષય છે. માનવ સમાજના વિકાસમાં પ્રકૃતિનું કેટલું મોટું યોગદાન છે તે વાતથી આપણે વાકેફ છીએ. તેમ છતાં આજે માનવી પ્રકૃતિને ભૂલીને પોતાના સ્વાર્થ પાછળ આંધળો બન્યો છે. મબલખ કુદરતી ભંડારોનો પોતે મન ફાવે તેમ ઉપયોગ કરે છે. કુદરતની અમૂલ્ય બક્ષીસસમા વૃક્ષોનું આંખો બંધ કરીને નિકંદન કાઢે છે અને તેના કારણે હવે માનવજાતને અનેક સમસ્યાઓથી રૂબરૂ થવાનો વારો આવ્યો છે.

માણસને જીવવા માટે ઓક્સિજન ખૂબ જ જરૂરી છે ત્યારે ઓક્સિજન પૂરું પાડતા વૃક્ષોનું પ્રમાણ ભારતમાં ખૂબ જ ઝડપથી ઘટી રહ્યું છે. પૃથ્વીનું સંતુલન જાળવવા માટે પૃથ્વી પર કુલ વિસ્તારના ૩૩ ટકા જંગલો હોવા જરૂરી છે ત્યારે ભારતમાં આ પ્રમાણ માત્ર ૨૩.૪૮ ટકા જ છે. અને તેમાંથી પણ પ્રતિવર્ષ ૩૦૦ હેક્ટર જંગલો કપાઈ રહ્યા છે. બીજી તરફ વાત કરીએ તો પૃથ્વી પર પ્રતિવર્ષ ૦.૬ ટકાથી ૧.૫ ટકાના દરે જંગલો ઘટી રહ્યા છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો કુલ જમીનના માત્ર ૧૧.૦૪ ટકા વિસ્તારમાં જ જંગલો આવેલા છે. આપણા ભુજ કચ્છમાં એક પણ મોટા વૃક્ષ અને વન નથી. ઉપરાંત વરસાદના અભાવે યોગ્ય પ્રમાણમાં રણનો વિકાસ થયો, પણ વનનો ન થયો. દરેક જગ્યાએ ઉદ્યોગ વધ્યા પણ વનનો વિકાસ થયો નહીં, જે એક મોટી ચિંતા છે. શરીરશાસ્ત્રીઓના મતાનુસાર ઓક્સિજન જીવનનો સ્રોત છે. અને જો આની ઉણપ થશે તો અનેક પ્રકારના માનસિક રોગો પણ ઊભા થશે અને જો ખરી રીતે વિચારીએ તો આની શરૂઆત પણ થઈ ચૂકી છે અને તેના પરિણામે મનઃસ્થિતિ ઉત્તેજીત અને આવેશગ્રસ્ત રહે છે. સાથે વૈજ્ઞાનિકોએ ચેતવણી પણ આપી છે કે જો વૃક્ષ નહીં રહે તો મનુષ્યને પણ રહેવાનું મુશ્કેલ છે અને આજે વિશ્વભરમાં ઋતુઓની અનિયમિતતા તેનું જ પરિણામ છે.

આજે ઓક્સિજનની કમી અને કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણમાં સતત વધારો એ વિશ્વની સૌથી મોટી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ વૃક્ષના થતા ઘટાડાને માનવામાં આવે છે. એક સર્વે મુજબ છેલ્લા ૬૦ વર્ષોમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૦.૦૩૦થી વધીને ૦.૦૪૦% થઈ ગયું છે. તેથી આ વાતાવરણમાં થતા અસંતુલનને સરભર કરવા વૃક્ષોનું વાવેતર આવશ્યક થઈ ગયું છે. વૃક્ષો, વાતાવરણમાં ઓક્સિજન વાયુના પ્રમાણમાં વધારો કરી વાતાવરણને શુધ્ધ રાખે છે. વરસાદ લાવવામાં મદદરૂપ બને છે. જમીનના ધોવાણને અટકાવી જમીનને ફળદ્રુપ રાખે છે. પ્રદૂષણમાં થતા કાર્બન ડાયોક્સાઈડને ગ્રહણ કરી રોગોના ફેલાવાને અટકાવે છે. અનેક ઔષધિઓ માટે ઉપયોગી બને છે.

આવો, એક સંકલ્પ કરીએ કે સ્વસ્થ,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

*સંબંધોની દૃષ્ટિ ધૂંધળી થાય તો Let Goના બે ટીપા નાંખો.*

પક્ષી જગત

# વિશ્વ ચકલી દિવસ

• ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ •

ઉગતી સવારથી ચકલીનો ચીં... ચીં... અવાજ હવે બહુ ઓછા પ્રમાણમાં સાંભળવા મળે છે. તારીખ ૨૩ માર્ચને ''વર્લ્ડ સ્પેરો ડે'' અર્થાત્ વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વર્ષ દરમિયાન ઘણાબધા દિવસો ઉજવીએ છીએ. મધર્સ ડે, ફાધર્સ ડે, વેલેન્ટાઇન ડે, હેલ્થ ડે, બ્લાઇન્ડ મેન ડે, ફ્રેન્ડશિપ ડે, વિશ્વ જળ દિન, વિશ્વ મહિલા દિન, એન્વાયરમેન્ટ ડે... વગેરે વગેરે. આવા વિવિધ દિન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઉજવાય છે અને આની પાછળનું કારણ તે દિવસના મહત્ત્વ પર, વિષય પર, લોકો ધ્યાન કેન્દ્રિત કરે. વિશ્વ ચકલી દિનનો હેતુ પણ ચકલી - હાઉસ સ્પેરો કહેવામાં આવે છે, તેના પર લોકો પોતનું ધ્યાન કેન્દ્રિત કરે તેવો છે.

આજે તો એક વખતે ઘેર ઘેર સવારથી ચીં ચીં કરી વાતાવરણને આલ્હાદથી ભરી જતું સુંદર નાનકડું પક્ષી અદશ્ય થઈ રહ્યું છે. મોટા શહેરોમાં તો ભાગ્યે જ આ નાજુક પક્ષી જોવા મળે છે. હા, હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં ચકલી જોવા મળે છે અને તેનું કર્ણપ્રિય સંગીત સાંભળવા મળે છે. થોડા વર્ષો પછી તો મ્યુઝિયમમાં તેની તસવીરો જ જોવા મળશે. આ ભલું ભોળું પક્ષી લુપ્ત થઈ જાય તે પહેલાં તેનું જતન કરવાની તાતી જરૂર છે.

હવે તો દાદા-દાદીના મુખે પણ ચકી લાવી ચોખાનો દાણો... ને ચકો લાવ્યો મગનો દાણો... એ વાર્તા પણ ભાગ્યે જ સાંભળવા મળે છે.

હવે આ ઘરઘરની ચકલીઓ પણ માનવીય પ્રવૃત્તિઓનો ભોગ બની ગઈ હોય તેમ લાગે છે. આમ તો આ ચકલીઓ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર, મોંગોલિયા, ઉત્તર કોરિયા, આફ્રિકા, ઇરાન, સુદાન, ઇજિપ્ત, યુરોપ, મધ્ય એશિયા, અરબસ્તાન સર્વત્ર ફેલાયેલ હતી. એક જમાનામાં એટલી સામાન્ય હતી કે તેની કોઈ નોંધ પણ લેતું નહીં.માણસોની નજીક રહેતી આ ચકલીઓ હવે ભાગ્યે જ જોવા મળે છે. આ હાલતથી જગતના પક્ષી પ્રેમીઓ અને પર્યાવરણવિદો ચોંકી ઉઠ્યા છે અને લોકજાગૃતિ માટે ૨૩ માર્ચને વિશ્વ ચકલી દિન તરીકે ઉજવવા લાગ્યા છે.

ઘણા પક્ષી નિષ્ણાતો - સંશોધકો અને પ્રકૃતિવિદો પક્ષીઓ વિશે જુદો જુદો અભ્યાસ કરે છે પરંતુ આવી સામાન્ય પ્રજાતિ વિશે આધારભુત, વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને લાંબાગાળાની બહુ માહિતી ઉપલબ્ધ નથી. આપણા ઘરઘરમાં વાસ કરતી ચકલીઓને પાસેર ડોમેસ્ટીક કહે છે. તેની ૧૫ જાતો છે. તેમાંની પાંચ જાતોનો વસવાટ આફ્રિકા પૂરતો મર્યાદિત છે. અનાજના દાણા ચકલીઓનો મુખ્ય ખોરાક છે. ઘરની અંદર દીવાલોના કાણામાં ટીંગાડેલા ફોટા પાછળ, ઝાડની બખોલ જેવા સ્થળે તે માળા બાંધે છે. માળા ઘાસ કે પાંદડાના બનાવેલા હોય છે અને ઘુમ્મટ આકારના હોય છે. માદા ૩ થી ૭ ઇંડા મૂકે છે અને સેવે છે. ચકો-ચકી બંને બચ્ચાઓને કીટક ખવડાવે છે. પંદરેક દિવસ માળામાં રહ્યા બાદ બચ્ચા સ્વતંત્ર જીવન જીવવા લાગી જાય છે.

કેટલાક નિષ્ણાતોના મતે સીસારહિત પેટ્રોલ, જે આજકાલ કારમાં વપરાય છે તે દહન પછી એવી આડપેદાશો છોડે છે, જે ચકલી માટે હાનિકારક હોવી જોઈએ. આનાથી ઘણી નાની નાની જીવાતોનો નાશ થાય છે. આ જીવાતો ચકલીઓનો ખોરાક છે. જે ચકલીઓ માટે પણ ઝેર બની જાય છે.

આ ઉપરાંત આવાસોની પણ સમસ્યા તો છે જ. નવા મકાનોમાં ચકલીઓના માળા માટે જગ્યા રહેવા દીધી નથી. બાગ બગીચામાં જીવાત નાશકોનો છંટકાવ પણ ચકલીઓ માટે ઝેર સમાન છે.

અમદાવાદના એક પક્ષી પ્રેમીએ વિશિષ્ટ માળા તૈયાર કર્યા છે. પુંઠાના નાના બોક્ષ જેવા આ માળા અગાસી - વરંડા કે ગેલેરીમાં લટકાવી શકાય છે. ■

## જીવનનો સુવર્ણકાળ : વૃધ્ધાવસ્થા

(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)

દેહને નહીં પરંતુ આપણા મનને ભગવું વસ્ત્ર પહેરાવવાનું છે.

કોઈનેય પણ મૃત્યુનું આલિંગન અનિવાર્ય છે. વૃધ્ધાવસ્થા દરમિયાન ચિંતનની ક્ષણો નિસર્ગ બક્ષે છે. આ ચિંતનનું મહાત્મ્ય અનેકગણું છે. આ ફાની જગતમાં માનવી અનેક ઇચ્છા, આશા, આકાંક્ષાઓ ધરાવે છે. હજુ સુધી કોઈ જીવાત્માની બધી જ આશા પૂર્ણ થઈ હોય એવું જણાયું નથી. મૃત્યુ માટેની તૈયારી જીવાત્માએ સ્વયં જ કરવી પડશે. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ એ મૃત્યુને જીતવાની જડીબુટ્ટી છે. Graceful જીવનની પૂર્વશરત જ Graceful મૃત્યુ છે.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

જીવન

# જીવનનો સુવર્ણકાળ વૃધ્ધાવસ્થા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

મનુષ્ય જીવન બાલ્યાવસ્થાથી વૃધ્ધાવસ્થા સુધી વિસ્તરેલું રહ્યું છે. આ બ્રહ્માંડની અનંતતા સામે તો મનુષ્યનું જીવન એક ક્ષણથી પણ ટૂંકું ગણાય. વૃધ્ધાવસ્થા, એ તો જીવનની સંધ્યા અવસ્થા છે. ચિંતક માર્ક ટ્વેઇન વર્ણવે છે કે : "Age is an issue of Mind over Matter, if you don't mind it doesn't matter." અર્થાત્ માનવીની ઉંમર એ એક મનની બાબત છે. જો તમે એને મન ઉપર ના લો તો પછી એ કોઈ બાબત રહેતી નથી.

આપણી વૃધ્ધાવસ્થાનું રૂપ એ આપણે જાતે સર્જેલી કલાકૃતિ છે. વૃધ્ધાવસ્થામાં સૌંદર્ય ખોવાઈ નથી જતું. માત્ર ચહેરા પરથી ખસીને હૃદયમાં વસી જાય છે. તેથી જ ફિલોસોફર આલ્બેર કામૂ વર્ણવે છે : "Alas! after a certain age every man is responsible for his face." અર્થાત્ અફસોસ, એક ચોક્કસ ઉંમર પછી દરેક માણસ પોતાના ચહેરા માટે પોતે જ જવાબદાર છે.

જેમ જેમ વય વધે તેમ તેમ આપણું સામાજિક વર્તુળ સંકોચાતું જાય છે. કૌટુંબિક પરિઘો સંતાનો સુધી સીમિત રહે છે. દેહ કૃશ થવા લાગે, વાળ સફેદ થવા લાગે, દાંત પડે, આંખોની રોશની મંદ પડે.

*એક સંસ્કૃત વિધાન મુજબ :*

***અંગં ગલિતં પલિતં મુંડમ,***
***દશન વિહીનં જાતં તૂંડં;***
***વૃધ્ધો યદિ ગૃહિત્વા દંડં,***
***તદ્પિન મુચ્છાયાશા પિંડં.***

અર્થાત્, અંગો ગળવા માંડે, વાળ ખરી જાય, જડબું દાંત વગરનું થઈ જાય તો પણ હજુ જીવવાની આશા માનવીની છૂટતી નથી.

આપણને ગમે કે ના ગમે, આપણા જીવનની ગતિ જ શૈશવથી વૃધ્ધત્વ તરફની છે. કોઈ સ્વેચ્છાએ વૃધ્ધ નથી જ થતા. જીવનની ખરી કિંમત જ માણસને વૃધ્ધાવસ્થામાં સમજવા મળે. જેમ જેમ ઉંમર વધે તેમ તેમ જીજીવિષા જીવવાની તૃષ્ણા વધવા પામે. નવરાશના સમયે જૂની સુખ-દુઃખની ક્ષણો ચિત્ત પર સવાર થઈ જાય અને એમ જ થયા કરે કે : તેહીના દિવસાઃ ગતાઃ એ દિવસો ચાલ્યા ગયા.

વૃધ્ધાવસ્થાનું આક્રમણ ચોક્કસ સંકેતો સાથે થતું જણાય છે. નોકરી કરતા હોઈએ તો રીટાયર થવાનું નિવૃત્ત થવાનું આવે. પોતાના વ્યવસાયમાં આપણા સંતાનો સિંહાસને બેસે, ડ્રાઈવિંગ સીટ પરથી પાછળની સીટ પર બેસવાનું થાય. છેવટે ઘરમાં પણ વિચારભેદ - જનરેશન ગેપ, ક્યારેક માનભંગ અનુભવાય. વૃધ્ધાવસ્થામાં જેટલી સહજતાથી સફેદ વાળ આવે છે તેટલી સહજતાથી ડહાપણ આવતું નથી.

વૃધ્ધાવસ્થાને આપણે માત્ર મુશ્કેલીઓ, માંદગી અને મૃત્યુ સાથે અવિરત જોડી દઈએ છીએ. એમ પણ સમજાય છે કે વૃધ્ધાવસ્થા ભાગ્યશાળીને મળે છે કારણકે અનેક લોકો વૃધ્ધ થતા પહેલાં જ આ દુનિયાને છોડી જાય છે.

*કવિ મનોજ ખંડેરિયાનો એક શેર છે:*

***પૂછ એને કે જે શતાયું છે,***
***કેટલું ક્યાં, ક્યારે જીવાયું છે?***
***વૃધ્ધાવસ્થામાં વધેલા વર્ષોમાં***
***જીવન ઉમેરવાનું છે.***

યક્ષ પ્રશ્ન એ છે કે વૃધ્ધાવસ્થા, સંધ્યાવસ્થા કેમ કેવી રીતે વિતાવવી? પ્રકૃતિ સાથે પ્રેમ કરીને વિતાવવાની વાત અમેરિકન આર્કિટેક્ટ ફ્રેન્કરાઈટ કહે છે. તે નોંધે છે કે : "I believe in God but I spell him as Nature." અર્થાત્ હું ઈશ્વરમાં માનું છું અને માત્ર પ્રકૃતિમાં તેને જોઉં છું.

વૃધ્ધાવસ્થામાં વૈભવ વિલાસ પ્રત્યેની વિરક્તિ, મન અને હૃદયને ખૂબ જ શાંતિ બક્ષે છે. આ વૃધ્ધાવસ્થા તો જીવનના ઉપસંહારનું સ્ટેજ છે. આપણાથી આગળ અસંખ્યાત લોકો આ જગત પર આવીને વિદાય લઈ ચૂક્યા છે. આપણા પછી પણ આ સિલસિલો ચાલુ જ રહેવાનો છે.

તાત્ત્વિકો વૃધ્ધાવસ્થામાં ભક્તિભાવમાં રત રહી મોક્ષ સાધના કરવા સૂચવે છે. મોક્ષભાગી બનવા પરમાત્માએ વૃધ્ધાવસ્થા મોકલી છે. ધ્યાન, ભજન માટે ઉત્તમ સમય આપ્યો છે. વિશાળ પરિવારનું સુખ કોઈને આપેલું છે, તો કોઈ વૃધ્ધ દંપતિ એકાકી છે. તો કોઈ વૃધ્ધ દંપતિ નિઃસહાય છે. વૃધ્ધોની આવશ્યક્તા આવા આશ્રમોના સુસંચાલકો પૂરી કરે છે. વૃધ્ધાવસ્થામાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)**

*કોઈને સારું કહેવામાં મજા છે, કોઈને સાચું કહેવામાં મજા છે. પણ કીધા વગર બધું સમજી જાય તેની સાથે રહેવામાં અલગ જ મજા છે!*

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

## ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

ગુજરાતી કથાગીતો
મણકો-૧૨

## જૈન સાહિત્યની અમર કથા :

# 'નેમ રાજુલ'

● સંકલન : જીના વીરેન શેઠ ●

### નેમ રાજુલની સજ્ઝાય

(રાગ : ટોપીવાળાનાં ટોળાં ઊતર્યા...)

દ્વારાપુરીનો નેમ રાજિયો,
તજી જેણે રાજુલ જેવી નાર રે.
ગિરનારી નેમ સંયમ લીધો છે બાળાવેશમાં... ૧

ભાભીએ મહેણલાં મારિયાં,
પરણે વ્હાલો શ્રીકૃષ્ણનો વીર રે.
ગિરનારી નેમ... ૨

મંડપ રહ્યો છે મધ્યચોકમાં,
હલક્યા છે કંઈ દ્વારાપુરીના લોક રે...
ગિરનારી નેમ... ૩

ગોખે તે રાજુલ સતી જોઈ રહ્યાં
ક્યારે આવે યાદવ કુળનો દીપ રે.
ગિરનારી નેમ... ૪

સાસુએ પોંખણા લીધા નેમનાં
વ્હાલો મારો તોરણ છબવા જાય રે.
ગિરનારી નેમ... ૫

પશુડાએ નેમને પોકારિયા,
ઊભા રહો રાજુલના વ્હાલા કંત રે,
ગિરનારી નેમ... ૬

નેમજીએ સારથિને બોલાવિયા,
શાને કરે છે પશુડાં પોકાર રે?
ગિરનારી નેમ... ૭

રાતે રાજુલ બેની પરણશે,
સવારે દેશે ગૌરવનો ભોજન રે,
ગિરનારી નેમ... ૮

તોરણથી રથ પાછો વાળિયો,
જઇ પહોંચ્યા છે ગિરિગુફા મોઝાર રે,
ગિરનારી નેમ... ૯

રાજુલ રોએ છે મેલી ધ્રુસકે,
રોવે રોવે કંઈ દ્વારપુરીના લોક રે,
ગિરનારી નેમ... ૧૦

માવીતર રાજુલને સમજાવતાં,
અવર દેશું નેમ સરીખો કંત રે,
ગિરનારી નેમ... ૧૧

પિયુ તે નેમ એક ધારિયા,
અવર લેખું ભાઈ ને બાપ રે,
ગિરનારી નેમ... ૧૨

જમણી આંખે તે શ્રાવણ સરસરે,
ડાબી આંખે ભાદરવો ભરપૂર રે
ગિરનારી નેમ... ૧૩

ચીર ભીંજાણા રાજુલ નારના,
આવ્યું છે કંઈ સંકટ અપરંપાર રે,
ગિરનારી નેમ... ૧૪

જૈન તીર્થંકર બાવીસમા,
રાજુલ સાથે દીધાં કર્મ તોડ રે,
ગિરનારી નેમ... ૧૫

હર્ષવિજયની છે વિનંતી,
ઉમેદવિજય કહે છે કર જોડ રે,
ગિરનારી નેમ... ૧૬

*(સાધ્વી શ્રી ઉજ્જવળકુમારીજી સંપાદિત 'શ્યામ સંધ્યા' ભાગ-૧ માંથી સાભાર)*

જૈન-પરંપરામાં અનેક પુણ્યપુરુષો થઈ ગયા, જેમણે જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ અને વૈરાગ્ય દ્વારા પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું.

એમનાં કથાનકો દ્વારા જૈન આગમમાં રહેલા ગહન તત્ત્વને સરળ બાનીમાં લોકો સુધી પહોંચાડી શકાય તે માટે પૂર્વસૂરિઓએ તેને વિવિધ સ્વરૂપોમાં ઢાળ્યા.

તે બધા સજ્ઝાય, છંદ, ચોઢાળિયાં, સ્તોત્ર, સ્તવન, ચોપાઇ, સ્તુતિ વગેરે સ્વરૂપે આજે પણ લોકહૃદયમાં સ્થાન પામ્યાં છે.

આવાં કથાગીતોનો ધર્મ પ્રત્યેની લોકોની ભાવનાને જાગ્રત કરવામાં ઘણો મોટો ફાળો છે. એમાંની એક અમર કથા માણીએ.

### નેમ-રાજુલની સજ્ઝાય

● **કૃતિ તથા કવિ પરિચય :**

લગ્ન કરી સંસાર માંડ્યા પહેલાં જ જે જીવો પ્રભુચરણે પોતાની

જાતનું સમર્પણ કરે છે એવા જીવો બાળબ્રહ્મચારી કહેવાય છે.

આવા જ બે જીવોની અભૂતપૂર્વ કહાની છે નેમ-રાજુલની કથા. જેમણે તૈયારી તો કરી હતી સંસારની પણ નાનકડા નિમિત્તને લીધે ઉદાત્ત ધર્મભાવનાને જગાડી, આત્મચિંતન કરી સંયમ પંથે પ્રયાણ કર્યું.

આ કથા એવી કથા-શ્રેણીમાં આવે છે જેણે અનેક પૂર્વસૂરિઓનાં મન મોહ્યાં છે. કંઈ-કેટલાય આચાર્ય-ગણિઓએ આ કથાને સ્વરબદ્ધ કરી એને સજ્ઝાય, ચોઢાળિયાં કે સ્તવનનું રૂપ આપ્યું છે.

એ સૌમાં વિશેષ પ્રિય અને લોકભોગ્ય બની છે એવી આ સજ્ઝાયના રચયિતા છે પ.પૂ. હર્ષવિજયજી મહારાજાના શિષ્ય પ.પૂ. ઉમેદવિજયજી મહારાજ.

આવી સુંદર અને ભાવપ્રદ રચના રચી તેઓ જૈન ઇતિહાસમાં અને લોકહૈયામાં સદા માટે અમર થઈ ગયા.

- **પ્રભુ નેમનાથ ભગવાનની કથા અને સતી રાજુલની વ્યથાની વાત :**

નેમનાથ પ્રભુ એટલે જૈનોના બાવીસમા તીર્થંકર! મહાન ઋદ્ધિવાળા સમુદ્રવિજય રાજાના મહાયશસ્વી, બળવાન અને તેજસ્વી પુત્ર! માતા શિવાદેવીના લાડલા અને શ્રીકૃષ્ણના પિતરાઇ ભાઇ! યાદવ કુળ અવતાર!

ગિરનાર પર્વતે જાઓ તો હજારો શ્રદ્ધાળુઓ આજે પણ શ્રી નેમનાથ પ્રભુનાં દર્શને જતા જોવા મળશે જ! શું એમની કથા હતી કે તે સૌના વંદનીય - પૂજનીય બની ગયા? આજે પણ લોકો તેમને યાદ કરે છે!

દ્વારકાપુરીના રાજા સમુદ્રવિજયને તેમનાથી નાના બીજા નવ ભાઈઓ હતા. તેમાં સૌથી નાના ભાઈનું નામ વસુદેવ હતું. વસુદેવ રાજાને બે પત્નીઓ હતી. તેમાં રોહિણીના પુત્ર બળદેવ અને દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ વસુદેવ હતા. આ રીતે શ્રીકૃષ્ણ અને નેમનાથ બંને કાકા ભાઈજીના દીકરાઓ ભાઈઓ થતા.

નેમકુમારના બળની ઠેર-ઠેર પ્રશંસા થતી હતી. તેઓ જેટલા બળવાન હતા તેટલા જ સુંદર હતા. નેમનાથ હજુ કુંવારા હતા. યુવાન નેમકુમાર સંસારમાં વૈરાગ્યભાવ સાથે રહેતા હતા. તેમનાં માતા-પિતાને તેમને પરણાવવાની બહુ જ હોંશ હતી. તેમની સઘળી ભાભીઓ તો તેમને જુદી જુદી રીતે મહેણાં મારી તેમની મશ્કરી કરતી. નેમકુમારનું લગ્ન શૌર્યપુર નગરમાં વસતા ઉગ્રસેન રાજાની કુંવરી રાજેમતિ (રાજુલ) સાથે નક્કી કરવામાં આવ્યું.

રાજેમતિની સુંદરતાનું વર્ણન કરતાં તો સરસ્વતી પણ થાકી જાય. સ્ત્રીઓનાં સર્વ શુભ લક્ષણોથી સંપન્ન, સુંદર દૃષ્ટિવાળી, ઉત્તમ જીવન જીવવાવાળી, ધાર્મિક સંસ્કારોવાળી કન્યા એટલે રાજેમતિ!

લગ્ન માટે શુભ મુહૂર્ત જોવામાં આવ્યું અને તે દિવસ પણ આવી ગયો. ચારેબાજુ આનંદ આનંદ છવાઈ ગયો હતો. નગરની વચ્ચોવચ્ચ વિશાળ મંડપ બનાવવામાં આવ્યો હતો. દ્વારકાપુરીના લોકો હરખઘેલે હૈયે નેમકુમારની જાન લઇ તે તરફ જઈ રહ્યા હતા. રથમાં બેઠેલા નેમકુમાર સોહામણા લાગતા હતા. તો સોળે શણગાર સજેલી રાજુલ પણ અત્યંત સ્વરૂપવાન લાગતી હતી. વાહ! વિધાતાએ શું જોડી રચી હતી. જાણે સાક્ષાત રતિ અને કામદેવ જ જોઈ લ્યો!

જાન મંડપ પાસે આવી પહોંચી. તોરણે આવેલા નેમકુમારને અતિ હર્ષોલ્લાસ સાથે સાસુ પોંખવા જાય છે. નેમકુમાર જ્યાં તોરણને છબવા જાય છે ત્યાં આ શું? ત્યાં તો પ્રભુએ પશુડાંનો પોકાર સાંભળ્યો. તેમણે વાડામાં બાંધેલાં પશુઓ અને પીંજરામાં પુરાયેલ પક્ષીઓને જોયાં. પૃચ્છા કરતાં તેમને ખબર પડે છે કે માંસભક્ષણ કરનારા જાનૈયાઓના ભોજન માટે તેઓને અહીં બાંધવામાં આવ્યાં છે.

નેમનાથ પ્રભુ તો પરમ કરુણાવંત હતા. જગતના સર્વ જીવો પ્રત્યે સમાન પ્રેમભાવ ધરાવતા હતા. આ દૃશ્ય જોઈ તેમનો આત્મા દ્રવી ઊઠ્યો. તેઓ વિચાર કરવા લાગ્યા કે આવા લગ્નથી શો ફાયદો જેમાં જીવોની હિંસા હોય.

અરે! આના કરતાં તો દીક્ષા લઈને સાધના કરવી એ જ પરમ હિતકારી છે. સંસારના કાર્યોમાં શક્તિ વેડફવી એના કરતાં તો એ શક્તિથી આત્મકલ્યાણ સાધવું એ જ ઉત્તમ માર્ગ છે. આવું ચિંતન ચાલે છે તેમના મનમાં.

આ મનોમંથન એક નિર્ણયમાં પરિણમે છે. તેઓ રથને પાછો વાળી, સંસાર છોડીને ગિરનારની તળેટીમાં સાધના કરવા ચાલી નીકળે છે. ધન્ય છે પ્રભુ નેમનાથને, કે અબોલ જીવોને બચાવવા માટે નેમકુમાર રાજુલના પતિ થવાને બદલે દીક્ષા લેવા તૈયાર થઈ ગયા.

વાત વહેતી-વહેતી રાજુલના મહેલ સુધી પહોંચે છે. રંગમાં ભંગ પડ્યો. નેમકુમારનો રથ પાછો વળ્યો. પશુઓને છોડાવી તેઓ પાછા ફર્યા. હવે તેઓ નહીં પરણે... આવી બધી વાતો સાંભળી રાજુલ... એક કોડભરેલી કન્યા... જેની આંખોમાં કેટકેટલાં સપનાં હતાં લગ્નજીવનનાં... નેમકુમાર સાથે સંસાર માંડવાનાં... એ સર્વ સપનાં શોકમાં પલટાઇ ગયાં. તે ધ્રુસકે ધ્રુસકે રડે છે.

કોઈ પણ જાતના પોતાના અપરાધ વિના પોતાના ભાવિ ભરથારના હાથે પોતાનો ત્યાગ કરવામાં આવ્યો છે એ વિચારથી જ રાજુલની આંખનાં આંસુઓ રોકાતાં નથી અને પોતાની દીકરીની આ પરિસ્થિતિ જોઈ સૌ કોઈ શોકમગ્ન બની જાય છે.

*જીવનમાં દુઃખ પડે તો મુખને સદા હસાવજો, કોઈ લાખ રૂપિયા ચરણે ધરે તો ઠુકરાવજો; પણ સંબંધ રાખે જે દિલથી, તેને જીવનભર નિભાવજો.*

દ્વારકાપુરીનાં લોકો પણ રડી રહ્યાં છે. હર્ષનું વાતાવરણ ગમગીનીમાં ફેરવાઈ ગયું.

સતી રાજુલનાં માતા-પિતા, સગાં-સ્નેહી દેવીની સમજાવી રહ્યાં છે કે આપણે નેમકુમાર કરતાં પણ વિશેષ સુંદર અને ગુણવાન વર ગોતી લાવશું તમે ચિંતા ન કરો! પણ રાજુલ તો સતી હતાં. ધર્મનિષ્ઠ હતાં. રાજુલ મનોમન નક્કી કરે છે કે હવે આ ભવમાં મારે બીજો વર ન જોઈએ. સંકટ સમયે પણ ઉચ્ચ વિચારોની ચિંતવના કરતાં રાજુલ સતી પણ નેમનાથ પ્રભુના પગલે-પગલે દીક્ષા લેવાનો નિર્ણય કરે છે.

ધન્ય છે તેમની સમજણને! ધન્ય છે તેમના વૈરાગ્યને!

અને મિત્રો, જૈન ઇતિહાસ એમ કહે છે કે જેની નવ-નવ ભવની પ્રીત હતી એવા નેમનાથ ભગવાન અને રાજુલ સતીની આ અનોખી કહાણીમાં બંને જણાં દીક્ષા લઈ આત્માની સાધના-આરાધના કરી મોક્ષપદને પામે છે.

ખરેખર, કથા સાંભળી એમ થાય કે કોણ મહાન? પશુઓનો પોકાર સાંભળી સંસારત્યાગ કરનાર નેમનાથ પ્રભુ કે પતિના પગલે-પગલે ઉચ્ચ ભાવનાઓ જાગ્રત કરનાર સતી રાજુલ! તેમની વિરલ પ્રીતિને કારણે આજે પણ લોકો તે બંનેનું નામ સાથે જ લે છે. નેમ-રાજુલ!

જેમ સીતા-રામ, રાધા-શ્યામ, શંકર અને પાર્વતીનું નામ સાથે જ લેવાય છે, એમ નેમ-રાજુલનું નામ પણ સાથે જ લેવાય છે.

વિચાર કરો... પરણ્યા નથી... સંસાર માંડ્યો નથી... શરીર-સુખ-સંસાર સુખ ભોગવ્યું નથી છતાં ભાવોનું ઐક્ય કઈ કક્ષાનું હશે કે તેઓ આજે પણ અમર બની લોકહૈયે વસેલાં છે.

- **કથા સંદેશ :**

જૈન ધર્મના સિદ્ધાંતો ખૂબ જ સૂક્ષ્મ છે. આપણા જીવન જીવવા માટે કોઈ જીવની હિંસા ન થાય એવો ભાવ સતત રાખવો એ જ આપણું કર્તવ્ય છે. એ જ જાગૃતિ સતત-સતત રાખવી એ જ શ્રેષ્ઠ ધર્મ છે. ધર્મનું મૂળ અહિંસામાં જ છે.

આપણને આ જીવન મળ્યું છે. મનુષ્ય ભવમાં આવ્યા છીએ. તો શેના માટે? એનું ચિંતન કરવું.

પ્રીત કરો તો એવી કરો કે જે શાશ્વતી રહે. શરીરના મોહ અને આકર્ષણથી આગળ વધીને આત્મપ્રીત જ કલ્યાણકારી અને મંગલકારી છે.

લગ્ન એ બે શરીરોનું જ નહીં પણ બે આત્માઓનું મિલન છે. તેમાં બાહ્ય દેખાવ કરતાં આંતરિક સમૃદ્ધિનું જ મહત્ત્વ વધારે છે.

*(જૈન-પરંપરામાં આવતી કથા અનુસાર વિવેચન કરેલ છે.)*


**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'કચ્છશ્રુતિ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮**

| | |
|---|---|
| **પ્રકાશનનું સ્થળ** | : અમદાવાદ |
| **પ્રકાશનનો ગાળો** | : માસિક |
| **મુદ્રકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **મુદ્રક સ્થાન** | : વિનાયક ઓફસેટ<br>દૂધેશ્વર, અમદાવાદ. |
| **પ્રકાશકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : શ્રી કચ્છી સમાજ કાર્યાલય<br>૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **સંપાદકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સંપાદકનું સરનામુ** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **મેગેઝિન/અખબારની માલિકી** | : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ |
| **સરનામું** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |

***હું અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.***

અમદાવાદ **અશોકકુમાર સાકરચંદ મહેતા**

*તા. ૧૦-૩-૨૦૨૦* **પ્રકાશક અને મુદ્રક - 'કચ્છશ્રુતિ'**

અતીતના ઝરૂખેથી

## અતીતની અવનવી દુનિયા

# કાગળ-પત્રની રંગબેરંગી દુનિયા

• રમીલા મહેતા - ભુજ •

વાત કાગળ - પત્રની છે. પણ એ કાગળ મને આજે ભૂતકાળમાં લઈ જાય છે. સને ૧૯૫૭થી ૧૯૬૬-૬૭નો ગાળો યાદ આવે છે. અમારું ફળિયું આઠ - દસ ઘરનું. તેમાં છેલ્લું ઘર વર્ષોથી બંધ. એક કરિયાણાનો વેપારી, એક સોનાચાંદી, ઝવેરાતના વ્યવસાયમાં સંકળાયેલો, એક ભાઈ ટોકિઝમાં ટિકિટ કાપવાનું કામ કરે, એક વળી સરકારી નોકરીમાં, તો વળી એક ખાટી-મીઠી સિંગ વેચવાનો નાનો વેપાર કરી લે. નાના મોટા મળી બધા વીસ-પચ્ચીસનો કોલાહલ, આવન-જાવનથી ફળિયું ગાજતું રહેતું. પણ ભાડું ઉઘરાવનાર ફઈબા અને ભત્રીજાના દાબથી બધા શિસ્તમાં રહેલા. આખા ફળિયાનો માલિક કલકત્તામાં રહે. એટલે વહીવટ બધો ધીર ગંભીર ઠાવકા ફઈબા સંભાળતા.

આ ફળિયામાં બધા સોમવારની રાહ જોતા. એ દિવસે મીઠું ટપાલી ઘણી બધી ટપાલ લઈને આવે. મીઠું ટપાલી ભારેખમ શરીરવાળો ટપાલી. હાંફતો હાંફતો ઓટલે બેસે. સામે ઘરેથી મંજુ માટલીનું ઠંડું પાણી લઈ આવે. ટપાલી કાકા મોટા થેલામાંથી કોના માટે શું શું કાઢશે, એની બધાને આતુરતા રહેતી. નંદુબાનો દૂર કલીકટ રહેતો, દૂરનો ભાઈ દર પસલીએ અઢી રૂપિયાનો મની ઓર્ડર મોકલે. નંદુબા મની ઓર્ડરની પાવતી ને રોકડા અઢી લઈ સાડલાના છેડે બાંધીને પછી ટપાલી કહે ત્યાં અંગુઠો કરે. નાનકડી ચબરખીમાં ભાઈએ બેન માટે શું લખ્યું, એ તો રસિક વાંચે ત્યારે ખબર પડે!

છે ને કાગળની રસિક દુનિયા? ત્યાં મીઠું ટપાલી બોલે, ‘શશીકાંત, જો તો મનજીત રાઠોડ ઘરે છે?’ ગોખમાં બેસી વાંચતો શશીકાંત બેઠે બેઠે નજર નાખી ના કહી દે. એટલે ટપાલી જાતે ઉઠી પોસ્ટકાર્ડ દરવાજાની ફાંટમાંથી સરકાવી દે. સીમાની ચકોર નજર ‘અશુભ’ લખેલા અક્ષર પર પડી. શા સમાચાર હશે? હરિ જાણે! છે ને કાગળની અજબ-ગજબની વાતો. વેપારીને મુંબઈથી ટપાલ આવતી, તો ફઈબાને કલકત્તાથી ભાઈનો વિગતવાર કાગળ આવતો. સોનાના વેપારીની મોટાભાગની ટપાલ રજિસ્ટર એ.ડી.થી આવતી.

પણ વધુ આતુરતા કુસુમને રહેતી. તેની સગાઈ અમદાવાદમાં છ મહિના પહેલા થઈ હતી. એનો ભાવિ પતિ ગુલાબી કવરમાં મનની વાતો, સોનેરી સપનાની વાતો લખતો. એવા સોનેરી સપનાની વાતોનો કાગળ એકાંતમાં વાંચતી કુસુમના મનોભાવ સમજી શકો છો ને? બસ, આ જ તો કાગળ - પત્રની મજા છે / હતી.

છેક દ્વારિકાથી કથા વાંચવાનું નોતરું આવતા રાજી થતો જટાશંકર મારાજ કે લગ્નની કંકોતરી આવતા રાજી રાજી થતા વેપારીના પરિવારનો આનંદ કેમ વર્ણવી શકાય? વાત તો કાગળ - પત્રની છે પણ તેમાંય “આટલા પોસ્ટકાર્ડ નહીં લખો તો તમારું ધનોત પનોત નીકળી જશે કે બાબાજીની કૃપા તમારા પર વરસી રહેશે.” જેવા સંદેશા પણ કાગળથી આવતા. (આજે હવે આવી અંધશ્રદ્ધાની વાતો મોબાઈલમાં, વોટ્સએપમાં પણ આવે છે!!) તો આ બધી રંગબેરંગી દુનિયા કાગળ પત્રની છે. જો કે હવે પત્ર લખવાનું કે નૂતન વર્ષાભિનંદનના કાર્ડ મોકલવાની રીતરસમ સાવ બંધ જ થઈ ગઈ છે!! હા, જરૂરી પત્રો આજે પણ ટપાલીકાકા મહિને બે મહિને લઈ આવે છે!! એ રાહ જોવાના રોમાંચક દિવસો, એ ટપાલી કાકા, એ પચ્ચીસ-ત્રીસ લોકોથી ગાજતું ફળિયું... બસ, ભૂતકાળમાં ડોકિયું કર્યું. કાગળ-પત્રની અવનવી દુનિયાને સલામ!

*ભુજ, કચ્છ. • મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

**Mahalaxmi**

**INFRACONTRACT PVT. LTD.**

***Mining for Better Tomorrow***

**• CORPORATE OFFICE •**

B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713

**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**

102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

*ગમ્યું એ બધું મૃગજળ થઈ ગયું, બાકી હતું એ વાદળ થઈ ગયું; આંખોથી લખતો રહ્યો રાત આખી, સૂરજ ઉગતા એ બધું ઝાકળ થઈ ગયું.*

બોધ કથા

# ફકરા અસત્યના હોય સત્ય બે લીટીનું હોય



ભોલાભાઈ ગોલીબાર

એ વાત સાચી છે કે જીભમાં હાડકું નથી હોતું પણ એ હાડકા ભંગાવી નાખવાની શક્તિ રાખે છે. એક બીજી એ વાત પણ એટલી જ સાચી છે કે આપણી જીભ જ આપણી ઓળખ છે. જીવનમાં સફળતા મેળવનારા લોકો વિશે થોડી જાત-તપાસ કરશો તો તમને ખબર પડશે કે એમાં સ્વભાવ અને જીભની એની સફળતામાં મહત્ત્વની ભૂમિકા છે. આ સફળ લોકો એ સારી રીતે જાણતા હોય છે કે ક્યારે, ક્યાં અને કેવી રીતે બોલવું જોઈએ.

એક રાજ્યના એક રાજામાં એક બહુ મોટી ખામી હતી. એને એ વાતનું ભાન નહોતું કે ક્યારે, ક્યાં, શું બોલવું જોઈએ. કેટલીયે વખત એ ઘણી ગુપ્ત વાતોને પણ સામાન્ય લોકો સામે બોલી દેતો. રાજાની આ ટેવથી પ્રજા પણ પરેશાન હતી. એક વખત પ્રજાને ખબર પડી કે રાજાનો જન્મદિવસ આવવાનો છે. પ્રજાએ વિચાર્યું કે રાજાને કોઈ ભેટ આપી એનો આભાર માનીએ. જન્મદિવસે લોકો ભેટ આપી રાજાનો ઉપકાર માનવા લાગ્યા.

એક વ્યક્તિએ રાજાને ત્રણ ઢીંગલી ભેટમાં આપી. આ જોઈ રાજા ગુસ્સે થઈ ગયો. રાજાને ગુસ્સે થયેલો જોઈ વ્યક્તિએ રાજાની માફી માંગી અને કહ્યું, 'મહારાજ, આ કોઈ સાધારણ ઢીંગલીઓ નથી. પણ આ ઢીંગલીઓ તમને તમારી ભૂલોને સુધારવાની શીખ આપે છે.'

રાજાને કંઈ સમજાયું નહીં. એ વ્યક્તિએ રાજાને એક ધાતુનો તાર આપ્યો અને કહ્યું, 'મારી વાત સમજવા માટે તમારે ત્રણે ઢીંગલીના કાનમાં એક તાર નાખવો પડશે.'

રાજાએ પહેલી ઢીંગલીના કાનમાં તાર નાખ્યો તો બીજા કાનમાંથી બહાર આવી ગયો. ત્યારપછી રાજાએ બીજી ઢીંગલીના કાનમાં તાર નાખ્યો. આ વખતે આ તાર અંદર જ રહી ગયો. બહાર ન નીકળ્યો.

રાજાએ પેલી વ્યક્તિને પૂછ્યું, 'આ ત્રણેયમાંથી કઈ ઢીંગલી સાચી?' ત્યારે પેલી વ્યક્તિએ ચોથી ઢીંગલી બહાર કાઢી. એ વ્યક્તિએ રાજાને વારાફરતી એ ઢીંગલીના કાનમાં તાર નાખવાનું કહ્યું. રાજાએ તાર નાખ્યો તો પહેલી વખત તાર ઢીંગલીના કાનમાંથી બહાર નીકળી ગયો. પછી ફરી તાર નાખ્યો તો તાર મોઢામાંથી બહાર નીકળી ગયો. ત્યારપછી ફરીવાર તાર નાખ્યો તો તાર અંદર જ રહી ગયો. વ્યક્તિએ કહ્યું, 'રાજન, આ જ ઢીંગલી સર્વશ્રેષ્ઠ છે. જે એ જાણે છે કે કઈ વાતને એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાખવી છે. કઈ વાત મનમાં રાખવી છે અને કઈ વાતને સાંભળી, મોઢું ખોલવાનું છે.'

રાજા તો અવાક્ જ થઈ ગયો. રાજાએ એ વ્યક્તિને કિંમતી ભેટસોગાદો આપી કહ્યું, 'દોસ્ત, હવે હું પણ આ ઢીંગલીની જેમ વાતોનું મંથન કરી એના પર કામ કરીશ.'

★

મિત્રો, મારી મા કહેતી હતી કે જીભ આપણને ગધેડા પર પણ સવારી કરાવી શકે છે અને ઘોડા પર પણ. નક્કી તમારે કરવાનું છે કે ગધેડા પર સવારી કરવી છે કે ઘોડા પર. ■

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599
KCI
**KARMA**
**CHEMICAL INDUSTRIES**
**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**
**● FACTORY ●**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
**● RESIDENCE ●**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*બહુ મુશ્કેલ કામ આપી દીધું જિંદગીએ મને, કહે છે તું બધાનો થઈ ગયો - હવે શોધ એને, જે તારા હોય.*

## લઘુકથા : આચાર્ય

ધીરેનના બાળપણમાં તેની માતાનું અવસાન થઈ ગયું હતું. તેમના મોટાભાઈ અમદાવાદથી ભુજ બદલી કરાવી, ભુજ આવી ગયા. ચાર ભાઈઓનો સંયુક્ત પરિવાર હતો. ધીરેન પાટવાડી સ્કુલમાં ભણતો હતો. મોટાભાઈને સરકારી ક્વાર્ટર મળતાં આખું કુટુંબ ત્યાં રહેવા આવી ગયું હતું અને પિતાનું ખરીદેલ મકાન સ્વામિનારાયણ મંદિરને વેચી દીધું કારણકે કુટુંબને નાના ભાઈઓનાં લગ્ન માટે ખર્ચ ઉઠાવવાનો હતો, ને સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓને અક્ષર ઓરડી આવેલું મકાન ઉપયોગી હતું. હવે ધીરેન સરકારી ક્વાર્ટર નજીક વાણિયાવાડ સ્કુલમાં ભણવા જતો. નવું વાતાવરણ, નવા મિત્રો તથા નવા શિક્ષકો! થોડો સમય તો આનંદમાં રહેવા લાગ્યો. પરંતુ અચાનક ઉદાસ રહેવા લાગ્યો અને તેમના બીજા ભાઈ ગામડે રહેતા હતા તેમને ત્યાં ભણવા જવાની જીદ કરવા લાગ્યો. કારણ કોઈને ન સમજાયું.

એક દિવસ સ્કુલનાં આચાર્ય હસનભાઈ જે તેના મોટાભાઈના મિત્ર પણ હતા, તે સાંજે કોઈ કાર્યક્રમમાં જવાનું હોતા તેમની સાઈકલ સરકારી ક્વાર્ટરની બાઉન્ડ્રીને અઢેલીને મૂકવા આવ્યા હતા. સાઈકલ મૂકી ઘરમાં પ્રવેશ્યા પરંતુ મોટાભાઈ તો ઓફિસેથી ઘેર આવ્યા ન હતા. મોટા ભાભીએ ચાનો વિવેક કરી બનાવી આપી. હસનભાઈએ સહેજ વાત કરવાના મૂડમાં પૂછ્યું, 'ધીરેન, તને મારી સ્કુલમાં ફાવી ગયું છે ને?' ધીરેન તો થોડી ગડમથલ પછી શું જવાબ આપવો તે વિચારમાં રહ્યો. હસનભાઈએ ફરી પ્રશ્ન પૂછ્યો. ધીરેનની આંખમાં અશ્રુઓ ટપકવા લાગ્યા ત્યારે હસનભાઈ ચા પૂરી કરી, ધીરેનને પાસે બેસાડી, બરડા ઉપર હાથ ફેરવતા પૂછ્યું, 'કંઈ તકલીફ છે?' ધીરેને માથું હલાવી હા પાડી અને કહ્યું, 'મને સ્કુલમાં અનિલ નામનો વિદ્યાર્થી, જે મારા ક્લાસમાં છે તે મારી શારીરિક ખામીની મજાક ઉડાવી "ઠુંઠો" "ઠુંઠો" કહે છે.' હસનભાઈ ગંભીર થઈ ગયા. તેમણે શાંતિથી કહ્યું, 'આ માટે તેં તારા ક્લાસ ટીચરને વાત કરી છે?' ધીરીને કહ્યું, 'ત્રણ વાર વાત કરી છે. પરંતુ તે છોકરામાં કોઈ ફેર પડતો નથી.' બીજા દિવસે સ્કુલની રીસેસ પડતાં યજ્ઞેશ્વરીબેન તથા ધર્મિષ્ઠાબેન સાથે નાસ્તો કરવા બેસતા હતા, ત્યાં સ્કુલનો પટાવાળા ધનજીભાઈ આવીને કહી ગયા કે રીસેસ પછી આચાર્ય સાહેબની ચેમ્બરમાં ધર્મિષ્ઠાબેન તમે આવજો તથા તમારા ક્લાસનાં બે વિદ્યાર્થીઓ ધીરેન તથા અનિલને પણ સાથે લઈ આવજો.

ધર્મિષ્ઠાબેન ચેમ્બરમાં દાખલ થતા આચાર્ય સાહેબે સીધો જ પ્રશ્ન કર્યો કે આ ધીરેને તમને કોઈ ફરીયાદ કરી છે, આ અનિલ માટે?

ધર્મિષ્ઠાબેને હકારમાં માથું ધુણાવ્યું. હસનભાઈએ કહ્યું કે, 'ત્રણ-ત્રણવાર ફરીયાદ કરવા છતાં આ છોકરો સુધર્યો નથી તો તમે પગલા કેમ નથી લીધા? મને પણ જાણ કેમ નથી કરી? આ છોકરો તમારી જ્ઞાતિનો છે માટે?' પછી અનિલ સામે નજર કરીને કહ્યું કે, 'હવે આ બાબત બની તો તને સ્કુલમાંથી કાઢી મૂકીશ અને તારા લિવિંગ સર્ટી. ઉપર લાલ શાહીથી શેરો મારી દઈશ. પછી કોઈ સ્કુલ તને દાખલ કરશે નહીં. ભણશે નહીં તો ભીડ બજારમાં મજૂરી કરજે.'

આની અસર થઈ અને બીજા દિવસથી અનિલ રસ્તો બદલીને જ ચાલતો. આવા આચાર્ય હસનભાઈ માટે સૌને માન હતું. મૃદુ સ્વભાવ! પરંતુ આ સ્વરૂપ પણ જોવા મળ્યું આચાર્યશ્રીનું. ધીરેનને જિંદગીભર આચાર્ય યાદ રહી ગયા.

*ભટ્ટ ધીમંત પ્રાણશંકર*
*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

## લઘુકથા : ઘરડાઘર

*– અમિત ચૌહાણ*

શહેરના બોપલ વિસ્તારમાં સુધીરે બંગલો રાખ્યો હતો. તેના પરિવારમાં પત્ની સુનંદા, પુત્ર આકાશ અને માતા-પિતા હતા. સુધીરના મમ્મીનું નામ જયવંતીબેન અને પપ્પાનું નામ પ્રમોદરાય હતું. આ બંગલામાં આવ્યા બાદ તેમની જીવનશૈલી આધુનિક બની જવા પામી હતી. સુધીર પાસે એફ.એમ.સી.જી. પ્રોડક્ટની એજન્સી હતી જયારે સુનંદા ઇન્ટીરિયર ડિઝાઇનનો બિઝનેસ ચલાવતી હતી.

એક દિવસ સવારે સુનંદાએ આકાશને સ્કૂલ મોકલવાનો હોઈ તેના માટે ચા-નાસ્તો તૈયાર કર્યો. એ પછી આકાશને બોલાવી યુનિફોર્મ પહેરાવ્યો. એ પછી એણે આકાશના દાદા-દાદીના ઓરડામાં જઈને ચા-નાસ્તો મૂક્યો. દાદા-દાદીને થોડા દિવસો પૂર્વે જ એમનો સામાન તૈયાર કરી દેવા સુચના આપવામાં આવી હતી. સુનંદાની નજર પલંગની બાજુએ પડી. તેણે ભોંયતળિયા પર બે બેગ મૂકેલી જોઈ.

બંગલાની બહાર સુધીરે ગાડી તૈયાર કરી દીધી હતી. તેણે એક-બે વખત હોર્નની સ્વિચ ઉપર આંગળી દબાવી. આકાશ તરત જ બહાર દોડી આવ્યો. એ પછી થોડું અટક્યો અને પાછો વળ્યો. દાદા-દાદીના ઓરડામાં પહોંચી એણે વંદન કર્યા. એણે

જયવંતીબેન અને પ્રમોદરાયના ચહેરા પર ગમગીની છવાયેલી જોઈ. એણે કશું પૂછ્યું નહીં. તે બહાર આવ્યો. સુધીરની નજર તેના પર પડી. તે બોલ્યો, "બેટા, જલ્દી કરો, નહીં તો સ્કૂલે મોડું પહોંચાશે." પપ્પાના શબ્દો કાને પડતા તે તરત જ ગાડીમાં બેસી ગયો. સ્ટીયરિંગ સીટની પાસે જ આવેલી સીટમાં તે ગોઠવાઈ ગયો. સુનંદા અને દાદા-દાદી બંગલાની બહાર આવી પહોંચ્યા. એ પછી એમનો સામાન ગાડીના પાછળના ભાગમાં મૂકવામાં આવ્યો. બંગલાને તાળું મારવામાં આવ્યું. બધા ગાડીમાં બેસી ગયા. ગણતરીની સેકંડોમાં તો ગાડી ઊપડી અને મુખ્ય રસ્તા ઉપર દોડવા લાગી.

અડધા કલાક બાદ ગાડી એક બંગલા આગળ આવીને ઊભી રહી. બંગલાનું નામ હતું : "આશ્રય." સૌ ગાડીમાંથી ઉતરીને બંગલામાં જવા લાગ્યા. દાદા-દાદીને એમનો ઓરડો બતાવી દંપતિ એમના પુત્ર સાથે બહાર નીકળ્યું. બંગલાની બહાર એક કૂતરો શાંતિથી ઝાડ નીચે બેઠો હતો. તેના ધ્યાનમાં આવ્યું કે થોડી મિનિટો પૂર્વે બંગલામાં પાંચ જણે પ્રવેશ કર્યો હતો અને હવે તેમાંથી ત્રણ જણ જ બહાર નીકળી રહ્યા હતા!

એ પછી આકાશને એની સ્કૂલ પર છોડી દેવામાં આવ્યો. એ પછી સુધીર સુનંદાને પણ એની ઓફિસે મૂકી આવ્યો. છેલ્લે તે પોતાની ઓફિસે પહોંચ્યો. સાંજે સહુ એ જ ગાડીમાં ઘરે પરત આવી રહ્યા હતા. "પપ્પા, દાદા-દાદી હવે ત્યાં જ રહેશે?" આકાશે પૂછ્યું. "હા" સુધીરે જવાબ આપ્યો. "પપ્પા, દાદા-દાદીને કેમ ત્યાં લઈ ગયા?" આકાશે બીજો સવાલ પૂછ્યો. "તેઓ ઘરડા થઈ ગયા છે ને એટલે" સુધીરે જવાબ આપ્યો.

"પપ્પા, ઘરડા થઈએ એટલે બધાએ ત્યાં રહેવા જવું પડે?" સુધીર કોઈ જવાબ આપે એ પહેલા સુનંદાએ બાજી સંભાળી લીધી. "આકાશ, આજે ટીચરે શું હોમવર્ક આપ્યું છે?" સુનંદાએ પૂછ્યું. કશુંક યાદ કરતો હોય એમ આકાશની મુખમુદ્રા બદલાઈ ગઈ!

*ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા. જિ. આણંદ-૩૮૮ ૩૨૫.*
*મો. ૯૬૩૮૬ ૦૭૮૧૫*

## અવિચારી વાણી

કોઈના માટે અત્યંત વેધક કે કટાક્ષયુક્ત ટીકા કરવાનું મન થાય ત્યારે યાદ કરો કે વધારે પડતા મરીમસાલા ખોરાકને બેસ્વાદ બનાવે છે.

અવિચારી શબ્દોએ ઘણા મૂલ્યવાન સંબંધોને ખંડિત કર્યા છે, જ્યારે સદ્‌વ્યવહારથી કોઈએ ક્યારેય કંઈ ગુમાવ્યું નથી.

અન્યોને પોતાની રીતે વિકસવાની સ્વતંત્રતા આપો.

Splendid

**P & G Enterprise**

***Kitchenware, Household Products & Corporate Gifts***

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

**Parbatbhai Patel**
**M. : 98240 62711**

શિવમ

**Shivam Packaging**

**Shiv Packing Industries**

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી**
H.M., L.D., P.P. Bags
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
**Ph. : (O) 25394011, 25394311**

*ક્યાંકથી ઉઝરડા તો ક્યાંકથી મલમ મળશે, બંને પરિસ્થિતિ સ્વીકારી લો તો જીવનમાં આનંદ જ આનંદ મળશે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ નર્મદા જળ અભિયાન

"કચ્છ નર્મદા જળ અભિયાન" સંસ્થાની મેનેજિંગ કમિટીની એક મીટિંગ અખિલ ભારતીય કચ્છ કિસાન સંઘના કાર્યાલય, લાલ ટેકરી, ભુજ ખાતે શનિવાર, તા. ૨૯-૨-૨૦૨૦ના રોજ ગુજરાત સરકારશ્રીના તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ બહાર પાડવામાં આવેલ વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો અને વધારાના પાણીના કાર્યો માટે જે રકમ ફાળવવામાં આવેલ, તેની સમીક્ષા કરવા માટે યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં સંસ્થાના પ્રમુખ શ્રી જેન્તીલાલ શિવજીભાઈ પોકાર, ઉપપ્રમુખશ્રીઓ શ્રી મણિલાલભાઈ પટેલ તથા શ્રી માવજીભાઈ જાટિયા, મહામંત્રી શ્રી અશોકભાઈ મહેતા, મંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ નાકરાણી તથા શ્રી છગનભાઈ પરડવા, ખજાનચીશ્રી ભગવાનભાઈ પાચાણી, નિયમિત પાણી સમિતિના કન્વીનર શ્રી શિવજીભાઈ બરાડિયા, વધારાના પાણી સમિતિના કન્વીનર શ્રી હંસરાજભાઈ કેસરાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ M.A.F. વધારાના પાણીના કાર્યોનો અંદાજે રૂા. ૪૮૧૪ કરોડના ખર્ચનો હોવાની સામે ચાલુ વર્ષ માટે માત્ર રૂા. ૧૦૦ કરોડ ઉપરોક્ત બજેટમાં ફાળવાયેલ હોવાથી તે સામે અસંતોષની તીવ્ર લાગણી આ મીટિંગમાં ઉપસ્થિત મહાનુભાવોમાં જોવા મળેલ હતી અને તે સામે રોષ પ્રગટ કરવામાં આવેલ હતો.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, જળસિંચાઈ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, કચ્છના રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીર, કચ્છના ધારાસભ્યશ્રીઓ શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતી માલતીબેન મહેશ્વરી, શ્રીમતી સંતોકબેન આરેઠિયા તથા શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તેમજ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાને પત્રો લખી આ સંસ્થાનો અસંતોષ વ્યક્ત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું અને ગાંધીનગરના નેતાશ્રીઓને રૂબરૂ મળવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

સાથે સાથે તા. ૨૮-૨-૨૦૨૦ના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને બજેટમાં કચ્છ માટે જે ફાળવણી કરવામાં આવેલ છે તે માટે બિરદાવવા અને તેઓનું સન્માન કરવા જે જે મહાનુભાવો ગાંધીનગર ગયેલ હતા તેઓને પણ યોગ્ય પરીસ્થિતિની જાણ કરતા પત્રો લખીને મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

વાટાઘાટો દ્વારા ઉપરોક્ત પત્રનો ઉકેલ ન આવે તો આવતા દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું.

નિયમિત પાણીની મુખ્ય કચ્છ બ્રાંચ કેનાલના ટપ્પર ડેમથી માંડવીના મોડકુવા સુધી તરતમાં પહોંચાડવા, બ્રાંચ કેનાલના કામો પૂરા કરવા તથા શાખા - પ્રશાખાઓના કામ ઝડપથી પૂર્ણ કરવા સરકારશ્રીને અનુરોધ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

કચ્છ નર્મદા જળ અભિયાન અને કચ્છ ભારતીય કિસાન સંઘ સાથે રહી આગળની કાર્યવાહી હાથ પર લે તેવું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

કચ્છ નર્મદા જળ અભિયાનની નિયમિત પાણી સમિતિના કન્વીનરશ્રી તથા વધારાના પાણી સમિતિના કન્વીનરશ્રી હવે પછી તરતમાં પોતાની કાર્યવાહી શરૂ કરી દેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

મહાનુભાવો પર લખવામાં આવનાર પત્રોનો જવાબ આવી ગયેથી આગળની કાર્યવાહીનું આયોજન કરવાનું વિચારાયું હતું.

મેનેજિંગ કમિટીની આ મીટિંગમાં "કચ્છ નર્મદા જળ અભિયાન"ના બંધારણના મુસદ્દાનું વાંચન કરી તેને સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતું. તેના અનુસંધાને સોમવાર, તા. ૧૬-૩-૨૦૨૦ના રોજ કારોબારી સમિતિની મીટિંગ બોલાવી આ બંધારણને પાસ કરાવી સંસ્થાના રજિસ્ટ્રેશન માટેની કાર્યવાહી કરવાનું અને બેંક એકાઉન્ટ ચાલુ કરાવવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

## ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી

### જૈન સમાજે વૈશ્વિક દૃષ્ટિ અપનાવી વિશ્વભરના જૈનોનું સંગઠન સાધવાની જરૂર છે

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીની આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિમાં જાણીતા લેખક, લંડનના મહાવીર ફાઉન્ડેશનના અગ્રણી શ્રી વિનોદ કપાસીએ વક્તવ્ય આપતા કહ્યું કે હવે જૈન સમુદાયને માટે પોતાનાં પ્રશ્નો વિશે સહિયારો વિચાર કરવાનો સમય આવી

ચૂક્યો છે અને જેમ રાજકારણમાં યહૂદી લોકો પોતાનું વર્ચસ્વ ધરાવે છે, તેવી રાજકીય જાગૃતિ પણ સમાજમાં લાવવાની જરૂર છે. જૈન સમુદાયની આવતીકાલ વિશે એમણે કહ્યું કે મોડર્ન ટેક્નોલોજીનો આપણે ઉપયોગ કરતાં નથી અને તેના પરિણામે આજે સમગ્ર વિશ્વમાં જૈન વિચારધારાનો પરિચય મેળવવો અન્ય લોકો માટે મુશ્કેલ છે, એ વિશે ગંભીર પ્રયત્નો થવા જોઈએ. જૈન ધર્મ લોજિકલ છે, વૈજ્ઞાનિક છે અને આવતીકાલના પ્રશ્નોનો જવાબ આપી શકે તેમ છે. જ્યારે સંગોષ્ઠિના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું કે જૈન તત્ત્વજ્ઞાનનાં શાશ્વત તત્ત્વોનો વધુને વધુ પ્રસાર કરવાની જરૂર છે. અહિંસા પરમ ધર્મ છે, પણ અહિંસક આંદોલનેમાં જૈન સમાજ આજે અગ્રણી ભાગ ભજવતો નથી. એવી જ રીતે વિશ્વના પર્યાવરણના પ્રશ્નો અંગે જૈન સમાજે એની વિચારધારા જગતને આપવી જોઈએ, જે અત્યંત સૂક્ષ્મ અને દૂરદર્શી છે. માનવચિત્તની શાંતિને માટે સામાયિક અથવા તો માનવજગતની શાંતિ માટે અનેકાંતવાદનો પ્રચાર કરવો જોઈએ. ન્યુજર્સીમાં રહેતા જૈન ધર્મના વિખ્યાત અગ્રણી ચંદ્રકાન્ત મહેતાએ કહ્યું કે કર્મવાદ એ જૈન ધર્મની વિશિષ્ટ ધરોહર છે અને આપણા ધર્મોની અને વર્તમાન જીવનમાં પ્રશ્નોની સાચી સમજ "કર્મ કેમ નડે છે" એ સમજ મેળવી શકીએ. જ્યારે અમેરિકાના જૈના સમાજના પૂર્વપ્રમુખ શ્રી દિલીપ શાહ એક છત્ર હેઠળ જૈન સમાજ વિશે વાત કરતા કહ્યું કે હવે જૈન ડાયસ્પોરાનો સમય પાકી ચૂક્યો છે. અમેરિકા, ઈંગ્લેન્ડ અને જુદા જુદા દેશોમાં જૈનો વસે છે. તેઓનો બૌદ્ધિક ઉપયોગ અને ભારતમાં રહેલી જૈન સંસ્કૃતિનો ઉપયોગ કરીને પરસ્પર આદાનપ્રદાન કરવાની જરૂર છે. આ પ્રસંગે જીતોના ચેરમેન શ્રી જીગીશભાઈ શાહે સંગોષ્ઠિનું ઉદ્‌ઘાટન કર્યું હતું કે નાની વયમાં ધર્મના સંસ્કારો મળે તો તે જીવનભર જળવાઈ રહેશે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ જેવી જૈન ધર્મની વિચારધારાએ દેશને આઝાદી અપાવી છે અને નવો પ્રકાશ અપાવી શકે અને વિનોદ કપાસીના અંગ્રેજીમાં લખાયેલા 'ભક્તામર સ્તોત્ર' પુસ્તકનું હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી સુબોધભાઈ શાહે વિમોચન કર્યું હતું. શ્રી શ્રીયકભાઈ શેઠ, શ્રી અરવિંદભાઈ બારોટ, રાજીવ શાહ તથા અન્ય મહાનુભાવોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને ભવિષ્યમાં જુદા જુદા દેશોમાં ફેલાયેલા જૈન પ્રતિનિધિઓને એકત્ર કરીને જૈન ડાયસ્પોરાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો.

*દરેક મુશ્કેલીથી લડતા શીખ, આંસુઓને પીને હસતા શીખ,*
*રાખ ઉમંગ મંઝીલને પામવાની,*
*આ દુનિયા તકલીફનો સાગર છે, તેમાં ડૂબીને બહાર નીકળતા શીખ.*

## ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન

### *Seminar on "Students – Start Up – Success"*

તા. ૨૬-૦૨-૨૦૨૦, બુધવારના રોજ, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી અને ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે અને નવા ઉદ્યોગ સાહસિકો માટે ભુજ ખાતે કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એકેડેમિયા ફોરમ (KIAF) દ્વારા "Studnets – Start Up – Success" પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિયા), કચ્છ કલેક્ટોરેટ અને કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીના પ્રોત્સાહનથી સમગ્ર ગુજરાતમાં જેની પ્રથમ વખત પહેલ કરી છે તે કચ્છ ઈન્ડસ્ટ્રી એકેડેમિયા ફોરમ (કે.આઈ.એ.એફ.)નો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનું અંતર ઘટાડવાનું છે અને આ દ્વારા કચ્છના વિદ્યાર્થીઓની Employability Skill વધારી અને રોજગારીની સારી તકો પૂરી પાડવાનો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ થાય તથા સમગ્ર જિલ્લામાં સ્ટાર્ટ-અપની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ ઊભું કરવાનું કામ પણ KIAF કરે છે.

KIAF ના ઉદ્દેશના ભાગરૂપે આ સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ સત્રમાં ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમ પર અને બીજા સત્રમાં બિઝનેસ ડેવલપમેન્ટ અને એન્જલ ઈન્વેસ્ટમેન્ટ માટે સ્ટાર્ટ અપ્સ સાથે વ્યુહાત્મક ભાગીદારી વિશેની માહિતી આપવામાં આવી હતી.

યુ.એસ.એ. અને ચીન પછી ભારત તેના 'સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ'ની દૃષ્ટિએ વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. ગ્લોબલ ઇનોવેશન ઈન્ડેક્સમાં ભારત હાલમાં ૫૭મા સ્થાને છે અને સ્ટાર્ટ અપ ખોલનારા વિશ્વના સર્વશ્રેષ્ઠ શહેર તરીકે બેંગલુરુ ત્રીજા ક્રમે છે. ભારતે એકલા ૨૦૧૮માં ૧૨૦૦+ સ્ટાર્ટ અપ્સ ઉમેર્યા હતા અને 'એડવાન્સ્ડ ટેક' સ્ટાર્ટ અપ્સની સંખ્યામાં ૫૦%થી વધુ વૃદ્ધિ જોવા મળી હતી. ગુજરાત રાજ્ય સરકાર હાલમાં ૧૮૪ સ્ટાર્ટ અપ્સને સપોર્ટ કરે છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં લક્ષ્ય ૭૦૦૦ કરોડના ખર્ચે ૨૦૦૦ સ્ટાર્ટ અપ્સને ટેકો આપવાનું છે. આ ઉપરાંત ભારતના કુલ ફન્ડેડ સ્ટાર્ટ અપમાં ૪૩% સ્ટાર્ટ અપ સાથે ગુજરાત મોખરે છે.

આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે શ્રી રવિન સંઘવી

(ફ્રિલાન્સર, સ્ટાર્ટ એપ મન્ટોર, MSME ગ્રોથ એડવાઇઝર, ફન્ડિંગ ફેસિલીટેટર એન્ડ એન્જલ ઇન્વેસ્ટર) સહભાગીઓને નવી સ્કેલેબલ સાહસ શરૂ કરવાની પ્રક્રિયા, પડકારો, જોખમો અને પારિતોષિકોને સમજાવામાં સહાય ઉપરાંત પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી સાધનોથી અવગત કરવામાં આવેલ હતા. તેમજ પ્રારંભિક મૂલ્યો અને સફળતાપૂર્વક પોતાનો વ્યવસાય શરૂ કરવા અને ચલાવવા માટેની માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત પ્રારંભિક ભંડોળ ઊભું કરવા અને ધિરાણની પધ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

સેમિનારમાં ફોકિયાના એમ.ડી. શ્રી નિમિષ ફડકેએ મેમેન્ટો આપીને ડૉ. દર્શના સી. ધોળકિયા, વાઇસ ચાન્સેલર, કચ્છ યુનિવર્સિટીનું સ્વાગત કર્યું હતું. તેમજ ખાસ ઉપસ્થિત રહેલા ગવર્નમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ - ભુજના પ્રિન્સિપાલ ડૉ. પ્રવીણ પી. રાઠોડ તેમજ મુખ્ય વક્તા શ્રી રવિન સંઘવી, ફ્રિલાન્સરનું મેમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કચ્છ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડૉ. તુષાર હાથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં વિવિધ કોલેજોના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિો, અનુભવી ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો, ઇન્ટરેક્ટીવ વર્કિંગ પ્રોફેશનલ્સ સહિત બંને સત્રમાં કુલ ૩૫૦થી વધારે લોકો હાજર રહ્યા હતા.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા યોજાયો ભવ્ય કચ્છી કલા પ્રદર્શન અને સેલ

ભાવનગર કચ્છ સમાજ, એ ભાવનગરમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર અગ્રગણ્ય સંસ્થા છે.

હાલમાં તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ શ્રી એંકરવાલા સંકુલ અને શ્રી જગશી જેઠાભાઈ કચ્છ લાયજાવાલા સભાગૃહમાં ૨૨મું કચ્છી કલા પ્રદર્શન યોજાયું. તા. ૨૫ જાન્યુઆરીના સવારે ૮.૩૦ કલાકે માં આશાપુરાના જય ઘોષ સાતે સમાજના જ વડીલ સભ્યોએ અને આમંત્રિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરી કચ્છી હસ્તકલા પ્રદર્શન અને સેલ જાહેર જનતા માટે ખૂલ્લું મૂક્યું હતું. સંસ્થાના ૧૩૦ જેટલા સ્વયંસેવકોએ બે દિવસ માટે કરેલા આ સેવાયજ્ઞમાં અંદાજે ૭૫,૦૦૦થી વધુ લોકોએ મુલાકાત લીધી અને રૂપિયા ત્રીસ લાખની કચ્છી હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓનું માતબર વેચાણ થયું હતું. કચ્છની પ્રખ્યાત દાબેલીનું કાઉન્ટર પણ ખૂબ જ લોકપ્રિય રહ્યું હતું. કચ્છના વિશિષ્ટ ડિઝાઇનવાળા સૂડી ચપ્પુ અને તલવારો વગેરેએ જબરું આકર્ષણ ઊભું કર્યું હતું. તેવી જ રીતે કચ્છી પેંડા, ગુલાબ પાક અને બીજોરાના અથાણાં જેવી ખાદ્ય ચીજવસ્તુઓ માટે મુલાકાતીઓએ પડાપડી કરી હતી. આ સેલમાં મોટા જથ્થામાં સેંકડોની સંખ્યામાં અને વિવિધતાસભર ચીજવસ્તુઓની વિશાળ પંસદગીની તક મળતી હોઈ સૌ મુલાકાતીઓએ ઉત્સાહભેર પ્રદર્શનનો લાભ લીધો હતો. જેના કારણે કચ્છના સેંકડો જરૂરિયાતમંદ કારીગરોની ચીજવસ્તુઓનું વેચાણ થતાં તેઓને ઘણી મોટી મદદ મળી હતી.

સંસ્થાની સ્થાપના તા. ૪-૧૦-૧૯૮૬ના રોજ થઈ અને ૧૯૯૦થી અત્યાર સુધીમાં ૨૨ વખત કચ્છી કલા પ્રદર્શનો યોજાયા. આ મહા અભિયાનમાં કામ કરી રહેલા સ્વયંસેવકોમાં એક પણ વ્યક્તિ પગારદાર નહોતી. દરેક સભ્ય પોતાની ફરજ ગણી સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાની ઉમદા ભાવનાથી પોતાના વ્યવસાય રોજગાર એક દિવસ માટે બંધ રાખીને આ સેવાયજ્ઞમાં આહૂતિ આપવા આવ્યા હતા. એટલું જ નહીં, કૃષ્ણકુમારસિંહજી બોર્ડિંગમાં અભ્યાસ અર્થે રહેતા કચ્છના વતની એવા ૩૨ વિદ્યાર્થીઓએ પણ પોતાના વતન પ્રેમને ખાતર સેવા આપી, એ તમામ નોંધનીય બાબતો હતી.

ભાવનગરના અનેક મહાનુભાવોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી અને કચ્છીઓના વતનપ્રેમને બિરદાવ્યો હતો. ભાવનગરના મેયર શ્રી મનહરભાઈ મોરી, ભાવનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી યુવરાજસિંહ ગોહીલ, ડેપ્યુટી કમિશ્નરશ્રી, સેલ્સટેક્ષ કમિશ્નરશ્રી, યુનિવર્સિટીના ભુતપૂર્વક કુલપતિશ્રી વગેરે અનેક મહાનુભાવોએ મુલાકાત વેળા સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ અને તેમની સમગ્ર આયોજક ટીમને ધન્યવાદ આપ્યા હતા.

પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ તમામ સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ અને કચ્છથી આ કાર્યક્રમમાં આવેલા વેપારીઓ તથા મહાવીર મંડપ સર્વિસ, સુદિત ઇલેક્ટ્રોનિક્સ વગેરે આ સેલમાં ઉપયોગી થનાર તમામનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

## મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ના પદાધિકારીઓ જાહેર

તાજેતરમાં મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના મળેલ કારોબારી સમિતિની બેઠકમાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ – એમ

*ક્યાંક તડકો દેખાય તો કહેજો ને, રૂ જેવી હલકી અને ભીંજાઈ ગયેલી ગેરસમજો સૂકવવી છે.*

આગામી ચાર વર્ષ માટે હેમરાજ શાહ (મુંબઈ) પ્રમુખ, જયપ્રકાશ પારેખ (નાગપુર) ઉપાધ્યક્ષ, રાજેશ હીરાલાલ શાહ (પૂણે) - મહામંત્રી, દિગ્વિજય કાપડિયા (નાસીક) મંત્રી અને લખમશી માલશી શાહ (મુંબઈ) ખજાનચીની નિમણુંક કરવામાં આવી હતી. કારોબારી સમિતિના અન્ય સભ્યોમાં ભરતભાઈ કે. શાહ (પૂણે), સૌ. નીતા સુભાષ શેઠ (મહાડ) માજી મંત્રી, અનિલ પટેલ (ઔરંગાબાદ), અરુણભાઈ શેઠ (સાંગલી), કેતન કુલીનકાંત નાગડા (નાંદેડ), સૌ. શૈલા મયુર (જલગાંવ), ઍડ. સંજીવ વાણી (ધુલીયા), બિપીનભાઈ એમ. પટેલ (સોલાપુર), રમેશ સી. પટેલ (જાલના), સુરેશભાઈ બી. વોરા (અકોલા), બિપીન નાગડા (ભીવંડી), વિજય જાની (અકોલા), શ્યામલાલ ગુજરાતી (ચોપડા), શરદચંદ્ર કે. સરાફ (પૂણે), નારાયણભાઈ પટેલ (શ્રીરામપુર), લલીતભાઈ કે. શાહ (લાતુર), ડૉ. મહેશ શાહ (સાંગલી), સી.વી. શાહ (પેરેડાઇઝ) મુંબઈ, રાજેસ દોશી (મુંબઇ) અને ત્રણ કો-ઓપ્ટ સભ્યોમાં ચીમન મોતા (મુંબઈ), નીલેશ પટેલ - યેવલા (નાસીક) અને પ્રદીપ કાપડિયા (કોલ્હાપુર)નો સમાવેશ થાય છે. હવે પછીની મીટિંગ રાજેશ હીરાલાલ શાહના સહકારથી પૂનામાં યોજાશે એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ દ્વારા રંગારંગ કાર્યક્રમ સાથે ૨૦ ગૌરવ એવોર્ડ એનાયત

મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના ઉપક્રમે મુંબઈના યોગી સભાગૃહમાં તા. ૨૨-૨-૨૦૨૦ને શનિવારે સાંજે ઍવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં બે વિશ્વ ગૌરવ, પાંચ ભારત ગૌરવ અને ૧૩ મહારાષ્ટ્ર ગૌરવ ઍવોર્ડ એનાયત કરાયા હતા.

દુહા, છંદ, લોકગીતો અને સુગમ ગીતો સહિતના રંગારંગ સમારોહમાં પ્રમુખ હેમરાજ શાહે ગુજરાતીઓએ રાજકારણમાં સક્રિય થવા અને કર્મભૂમિની ભાષા મરાઠી શીખવા અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે ગુજરાત અને મહારાષ્ટ્રને જોડવાના ભાગરૂપે આ વખતે ૪ મરાઠી વ્યક્તિઓને ઍવોર્ડ આપ્યા છે. મહામંડળે ૩૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. હવે પછી પૂણે, નાસીક, જલગામમાં મહામંડળની બેઠક યોજીશું.

સંગીતકાર આણંદજીભાઈ શાહે જણાવ્યું કે હેમરાજ શાહમાં એ શક્તિ છે કે એકલા હાથે આયોજન સફળ કરી શકે છે અને ૮૦ વર્ષના થયા છે છતાં સદાબહાર છે.

વિખ્યાત અભિનેત્રી સરીતા જોષીએ કહ્યું કે સન્માન એ કલાકારો માટે સોગાદ છે. હું ગૌરવની લાગણી અનુભવું છું.

અભિનેતા દિલીપ જોશીએ કહ્યું કે સરીતા જોશીએ મને કમર્શિયલ રંગભૂમિ પર સ્થાપિત કર્યો અને આજે એમની સાથે મારું સન્માન થાય છે ત્યારે ગૌરવ અનુભવું છું. આસિતકુમાર મોદીએ મને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં જેઠાલાલનું પાત્ર ભજવવાનો મોકો આપ્યો, માટે તેમનો ઘણો આભાર માનું છું.

આસિતકુમાર મોદીએ કહ્યું કે સમાજે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ૫૦૦ એપિસોડ વખતે અમારું સન્માન કર્યું હતું. દસ વર્ષ પછી પણ અમારા કલાકારોનું સન્માન કર્યું હતું. આવા પ્રોત્સાહનથી કલાકારોને બળ મળે છે.

મોઝામ્બિકથી આવેલા રીઝવાન આડતિયાએ કહ્યું કે મારા પર ફિલ્મ બની છે અને તે ભારતના ૫૦૦ થિયેટરમાં દર્શાવાશે. તેની આવક હું રીઝવાન આડતિયા ફાઉન્ડેશનમાં આપીશ અને અમો એ રકમમાંથી ભારતના ૯૦ ગામો દત્તક લઈશું અને એ ગામોનો વિકાસ કરીશું.

લોકનતના ગ્રુપ તંત્રી દિનકર રાયકરે જણાવ્યું કે હેમરાજ શાહ સાથે ૪૫ વર્ષોનો સંબંધ છે. એ પણ મારી જેમ એક્રેડીટેડ પત્રકાર છે અને એમને ઘણાં વર્ષોથી ગુજરાતી સમાજ માટે કાર્ય કરતાં જોઉં છું. એમના કાર્યોની મહારાષ્ટ્ર સરકારે નોંધ લેવી જોઈએ.

સાહિત્યકાર પદ્મશ્રી મધુ મંગેશ કર્ણિકે કહ્યું કે મહામંડળ ગુજરાતી અને મહારાષ્ટ્રીયન પ્રજાને જોડવાનું કામ કરે છે, તે ઘણી આવકાર્ય વાત છે.

આ સમારોહમાં રીઝવાન આડતિયા (મોઝામ્બિક) અને સીરાઝ અણદાણીને વિશ્વ ગૌરવ એવોર્ડ, પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, પદ્મશ્રી સરિતા જોશી, સિનેસ્ટાર દિલીપ જોશી, પ્રોડ્યુસર આસિતકુમાર મોદી અને નાગપુરના વીરેન ઠક્કરને ભારત ગૌરવ એવોર્ડ લોકમત ગ્રુપના દિનકર રાયકર, એબીપી માઝાના રાજીવ ખાંડેકર, સિનેતારીકા નિવેદીતા સરાફ, સાહિત્યકાર પદ્મશ્રી મધુમંગેશ કર્ણિક, દિલીપભાઈ લખી, ગાયનેકોલોજિસ્ટ ડૉ. મેઘના સરવૈયા, લોકગાયક ચેતન ગઢવી, ટી.વી.-૯ ના નીરૂ ઝિંઝુવાડિયા - આડેસરા, અરુણભાઈ મૂછાળા, ઉદ્યોગપતિ અરવિંદ મહેતા, હીરાલાલ મૃગ, ભરત લક્ષ્મીચંદ દૌલત અને યેવલાના માજી નગરાધ્યક્ષ નીલેશ પટેલને મહારાષ્ટ્ર ગૌરવ ઍવોર્ડ એનાયત થયા હતા. સંચાલન દિલીપ રાવલે કર્યું હતું.

આ પ્રસંગે ચેતન ગઢવી, વિક્રમ નિઝામા વગેરેએ લોકસંગીત અને ડાયરાનો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં પૂણે, મહાડ, સાંગલી, નાંદેડ, જલગામ, સોલાપુર, ચોપડા, શ્રીરામપુર, નાસીક અને નાગપુરના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

*સંબંધોની ક્યારેય પરીક્ષા ના લેશો, સામેવાળા નાપાસ થશે તો તમે જ દુઃખી થશો.*

## કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ - વાત્રક

### મહાવીર સ્કૂલ / કોલેજ ઓફ નર્સિંગ - વાત્રક ખાતે શપથ સમારોહ યોજાયો

શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ - વાત્રક સંચાલિત મહાવીર સ્કૂલ / કોલેજ ઓફ નર્સિંગ, વાત્રક ખાતે ચાલુ વર્ષે પ્રવેશ પામેલ પ્રથમ વર્ષ G.N.M. તેમજ B.Sc. નર્સિંગના નવા તાલીમાર્થીઓનો શપથ સમારોહ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ યોજાયો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી બિરાજમાન હતા જ્યારે સાબરકાંઠા આરોગ્ય મંડળના પ્રમુખ શ્રી સી.કે. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય ઉપસ્થિતોમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, મુંબઈથી પધારેલ શ્રી ચંપકભાઈ ગંગર, શ્રી દિનેશભાઈ વોરા, શ્રી મહેન્દ્રભાઈ વોરા, શ્રી રમણિકભાઈ (ઇન્કમટેક્ષ સલાહકાર), શ્રી રોહિત વલ્લભજી ગડા તેમજ અમદાવાદથી પધારેલ શ્રી દિનેશભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી હિમાંશુભાઈ શાહ તથા કચ્છથી પધારેલ શ્રી લાલભાઈ રાંભિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. સાબરકાંઠા મંડળના શ્રી કોદરભાઈ, શ્રીમતી ધર્મિષ્ઠાબેન વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા. લગભગ ૫૦૦ વ્યક્તિ તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ સમારોહ ઉજવાયેલ હતો. લગભગ ૧૨૫ તાલીમાર્થીઓએ નર્સિંગના શપથ લીધેલ હતા.

# પ્રતિભાવ

### કચ્છશ્રુતિ – ફેબ્રુઆરી-૨૦૨૦ : પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો ફેબ્રુઆરી-૨૦૨૦નો અંક સંપૂર્ણ વાંચી ગયો. દરેક લેખ ઉમદા છે. તેથી દરેકને અલગ અલગ અભિનંદન નથી આપતો. સહુ લેખકોને ખૂબ ખૂબ અભિનંદન.

***યશેશ વોરા - અમદાવાદ***

★

સવિનય. આપના દ્વારા કચ્છને નર્મદાના નીર થકી થતા અન્યાય અન્વયે ફાળવાયેલા પાણી માટેની સરકારશ્રીની નિષ્ફળતા તથા તુમારશાહી કે આંખ આડા કાન કરવાની વૃત્તિ સામે ગાંધી ચિંધ્યા માર્ગે થઈ રહેલા પ્રયત્નોની હું પ્રશંસા કરું છું અને મારો સહકાર હંમેશાં આપની સાથે રહેશે એવી ખાત્રી આપું છું.

કચ્છના વતનીની સાથે કચ્છના ખેડૂત તરીકે, ભલે મારા ગામ કે ખેતરને નર્મદાના નીરનો લાભ મારી હયાતીમાં મળે કે ન મળે પરંતુ કચ્છ પ્રત્યેની સંવેદના હંમેશાં જાગૃત રહેશે અને આપ આ જ રીતે આગળ વધીને સરકાર પાસે ફાળવાયેલા પાણીને મેળવીને કચ્છને લીલુંછમ બનાવો એવી મારી શુભેચ્છા છે.

ફાળવાયેલા નીર મળી જાય પછી પણ આઝાદીના પછીના વર્ષોથી થતી કચ્છની ઉપેક્ષા હવે કચ્છી પ્રજા વધુ નહીં સહન કરે, તે રાજ્યની ગમે તે પક્ષની સરકાર હોય તેને સમજણ પડે એ અનિવાર્ય અને જરૂરી છે.

આ ફાળવાયેલા નીર ઉપરાંત બીજા પણ હજી ઘણા પ્રશ્નો છે. જેના માટે આપના જેવા સક્રિય કાર્યકર્તા જરૂરથી એક પછી એક પૂરા કરશે તેવી આશા સાથે સૌનો સાથ અને સહકાર આપની સાથે છે તેની ખાત્રી આપી વિરમું છું.

***બલવીરસિંહ જાડેજા - અમદાવાદ***

### વિવિધતા આચરણમાં હોવી જોઈએ

સામાન્ય રીતે સમાજમાં સારું જ્ઞાન ધરાવતા, સારું પ્રવચન આપતા કે સારું લખતા મહાનુભાવોને આપણે વિદ્વાન કહેતા હોઈએ છીએ. આ બધા વિદ્વાનો ઊંચી ઊંચી વાતો કરતા હોય છે, ઉપદેશો આપે છે, અખબારો અને સામાયિકોમાં લેખો - કોલમો વગેરે લખતા હોય છે. આવા વિદ્વાનોના માન-સન્માન થાય છે અને તેઓને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકાર દ્વારા પારિતોષિક - એવોર્ડ પણ અપાતા હોય છે. સમાજમાં આ લોકો આદરપાત્ર જણાતા હોય છે. પરંતુ ઘણીવાર સવાલ થાય છે કે શું બધા વિદ્વાનો તેમના વાસ્તવિક જીવનમાં પણ સારા હોય છે ખરા? માત્ર વિદ્વાન હોવું એ પૂરતું નથી, પરંતુ વિદ્વતા આચરણમાં પણ હોવી જોઈએ. જો વિદ્વતા આચરણમાં ન હોય તો તમે ગમે તેટલા Ph.D. થયા હો, નકામું છે. ગમે તેટલા સારા પ્રવચનો આપતા હો કે વાકછટા ધરાવતા હો, પણ બધું અર્થ વગરનું છે.

ઘણા લેખકો બહુ સારું લખતા હોય, અખબારોમાં તેમની કોલમ વખણાતી હોય કે તેઓએ ઘણાં સારા પુસ્તકો લખી નાખ્યા હોય પણ સવાલ એ થાય કે લેખક જેટલું સારું લખે છે તેટલો તે વાસ્તવમાં સારો હોય છે ખરો? જો ન હોય તો તેમના લખાણો - વિદ્વતાનો કોઈ મતલબ નથી હોતો. એ ખાલી લખાણપટ્ટી જ બની જાય છે.

ઘણા ધર્મગુરુઓ - કથાકારો પણ ઊંચા ઊંચા ઉપદેશો આપતા હોય છે. પણ પછી એ ઉપદેશોનું જો પોતે જ પાલન ન કરતા હોય તો ઉપદેશો લોકોમાં - શ્રોતાઓમાં કોઈ અસર કરતા નથી હોતા.

ટૂંકમાં, વિદ્વતા માત્ર ડિગ્રીમાં - લખાણોમાં - પુસ્તકોમાં કે માત્ર પ્રવચનો પૂરતી ન હોવી જોઈએ. વિદ્વતા આચરણમાં પણ જોવા મળવી જોઈએ. આચરણ વગરના ચરણ ક્યારે મંઝીલ સુધી નથી ખુદ પહોંચી શકતા કે નથી અન્યને પણ પહોંચાડી શકતા.

***રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ***

*શિયાળો એટલે સતત કોઈની હૂંફ ઈચ્છતી એક પાગલ ઋતુ.*

વિવિધતા

# ભારતની પ્રથમ મહિલા ગેમ



ભાવના એ. ઝવેરી

આ ગેમ તમે સ્કુલના વિદ્યાર્થીઓને, સ્કુલની પિકનિકમાં, કિટી પાર્ટીમાં અને ૮ માર્ચના ''મહિલા દિન'' નિમિત્તે પણ રમાડી શકો. આ ગેમ તમે બે-ત્રણ રીતે રમાડી શકો છો....

**રીત-૧** : મહિલાના હોદ્દાની કેટેગરી લખીને આપવાની. જવાબમાં તેમને પ્રથમ મહિલાઓના નામ લખવાના રહેશે. (ટાઈમ લીમીટ : ૧૦ મિનિટમાં)

દા.ત. ***ક્લુ :*** પ્રથમ I.A.S. ★ ***જવાબ :*** અન્ના જ્યોર્જ.

**રીત-૨** : મહિલાઓના નામ ક્લુમાં આપો. જવાબમાં તેમને તેમની કેટેગરી લખવાની રહેશે. (ટાઈમ લીમીટ : ૧૦ મિનિટમાં)

દા.ત. ***ક્લુ :*** કિરણ બેદી ★ ***જવાબ :*** I.P.S. અધિકારી.

**રીત-3** : મહિલાઓના હોદ્દા ક્લુમાં આપો અને તેમના નામ ફકરામાં સાથે જ આપો. તેમાંથી ગોતીને હોદ્દાની સામે લખવાના રહેશે.

આ ત્રણેય ગેમમાં કાગળ, પેન, ગીફ્ટની તૈયારી રાખવાની રહેશે.

**રીત-૪** : આ ગેમ રમવા માટે રમનારની સંખ્યા પ્રમાણે ૪-૫ ગ્રુપ કરી નાખો. બધા ગ્રુપને વારાફરતી મહિલાઓના હોદ્દાની કેટેગરી કહેવાની. જવાબમાં તેમણે નામ બોલવાના. સાચું પડે તો એ ગ્રુપને ૧ પોઈન્ટ આપવાનો. અંતમાં જે ગ્રુપના સૌથી વધારે પોઈન્ટ, તે ગ્રુપ વિજેતા બનશે.

***ટ્વીસ્ટ :*** ગ્રુપ ખોટો જવાબ આપે તો એક પોઈન્ટ માઈનસ કરવાનો.

આ ગેમ રમવાની મજા આવશે. સાથે જ જ્ઞાનનો પણ વધારો થશે.

---

***૮ માર્ચ : મહિલા દિન : સ્ત્રી કા સમ્માન સબકા પરમ કર્તવ્ય હૈ.***

*કોઈ ભી દેશ કે શિખર પર, તબ તક નહીં પહુંચ શકતા, જબ તક ઉસકી મહિલાયેં કંધે સે કંધા મિલાકર ના ચલે. અપને કર્તવ્યો સંગ નારી ભર રહી હૈ અબ ઉડાન.*

*ના હૈ કોઈ શિકાયત, ના કોઈ થકાન, યહી હૈ નારી કી પહેચાન.*

*જીવનકી કલા કો અપને હાથોંસે સાકાર કર, નારીને સભ્યતા ઔર સંસ્કૃતિ કા રૂપ નિખારા હૈ. નારી કા અસ્તિત્વ હી સુંદર જીવનકા આધાર હૈ.*

## ભારતની પ્રથમ મહિલાઓ

| | મહિલાનો હોદ્દો | નામ |
|---|---|---|
| ૧. | પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ | પ્રતિભાસિંહ પાટીલ |
| ૨. | પ્રથમ મહિલા પ્રધાનમંત્રી | ઇંદીરા ગાંધી |
| ૩. | પ્રથમ લોકસભા અધ્યક્ષ | મીરા કુમાર |
| ૪. | પ્રથમ રાજ્યસભા ઉપાધ્યક્ષ | વાયલેટ અલ્વા |

*મળીએ ત્યારે આંખમાં હરખ અને અલગ પડતી વેળાએ આંખમાં થોડી ઝાકળ!*

| | | |
|---|---|---|
| ૫. | પ્રથમ મહિલા સાંસદ | રાધાબાઈ સુબ્બારામન |
| ૬. | પ્રથમ મહિલા રાજ્યપાલ (ઉત્તર પ્રદેશ) | સરોજિની નાયડુ |
| ૭. | પ્રથમ મહિલા શાસિકા | રઝીયા સુલતાન |
| ૮. | પ્રથમ આઈ.એ.એસ. | અન્ના જ્યોર્જ |
| ૯. | પ્રથમ આઈ.પી.એસ. અધિકારી | કિરણ બેદી |
| ૧૦. | પ્રથમ મુખ્યમંત્રી (ઉત્તર પ્રદેશ) | સુચેતા કૃપલાની |
| ૧૧. | પ્રથમ કેન્દ્રિય મંત્રી | રાજકુમારી અમૃત કૌર |
| ૧૨. | પ્રથમ કોંગ્રેસ અધ્યક્ષા | એની બેસન્ટ |
| ૧૩. | સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ | ફાતિમા બીબી |
| ૧૪. | ઉચ્ચ ન્યાયાલયના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ | લીલા શેઠ (હિમાચલ પ્રદેશ) |
| ૧૫. | પ્રથમ મહિલા સત્ર ન્યાયાધીશ | અન્ના ચાંડી (કેરાલા) |
| ૧૬. | અશોકચક્ર મેળવનાર પ્રથમ ભારતીય મહિલા | નીરજા બારોટ |
| ૧૭. | સંયુક્ત રાષ્ટ્રસંઘની રાજદૂત | વિજ્યાલક્ષ્મી પંડિત |
| ૧૮. | ઇંગ્લીશ ચેનલ પાર કરનાર પ્રથમ મહિલા | આરતી સાહા |
| ૧૯. | નોબેલ પુરસ્કાર વિજેતા | મધર ટેરેસા |
| ૨૦. | એવરેસ્ટ શિખર પર પહોંચનાર | બચેન્દ્રી પાલ |
| ૨૧. | પ્રથમ મહિલા મિસ વર્લ્ડ | કુ. રીતા ફરિયા |
| ૨૨. | એવરેસ્ટ પર બે વાર ચઢનાર | સંતોષ યાદવ |
| ૨૩. | મિસ યુનિવર્સ બનનાર પ્રથમ મહિલા | સુસ્મિતા સેન |
| ૨૪. | 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા | ઇંદીરા ગાંધી |
| ૨૫. | જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા | આશાપૂર્ણા દેવી |
| ૨૬. | ઓલિમ્પિકમાં કાંસ્ય પદક જીતનાર | કર્ણમ મલ્લેશ્વરી |
| ૨૭. | અર્જુન અને રાજીવગાંધી ખેલરત્ન પુરસ્કાર મેળવનાર | કુંજરાની |
| ૨૮. | પ્રથમ મહિલા સ્નાતક - પ્રતિષ્ઠા શ્રેણીમાં | કામીન રોય |
| ૨૯. | પ્રથમ મહિલા સ્નાતક - બે | કાદમ્બિની ગાંગુલી, ચંદ્રમુખી બસુ |
| ૩૦. | પ્રથમ વાયુસેનાની પાઇલટ બની | હરીના કૌર દયાલ |
| ૩૧. | પ્રથમ એર બસ પાઇલટ કેપ્ટન | દુર્બા બેનર્જી |
| ૩૨. | પ્રથમ લેફ્ટન્ટ જનરલ | પુનીતા અરોરા |
| ૩૩. | પ્રથમ એરવાઇસ માર્શલ | પી. ચંદ્રોપાધ્યાય |
| ૩૪. | ચેરપર્સન ઓફ ઇન્ડિયા એરલાઇન્સ | સુષ્મા ચાવલા |
| ૩૫. | પ્રથમ મહિલા અંતરીક્ષ યાત્રી | કલ્પના ચાવલા |
| ૩૬. | ઓસ્કાર પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા | ભાનુ અપૈય્યા |
| ૩૭. | એશિયાઇ ખેલમાં સ્વર્ણ પદક વિજેતા | કમલજીત સંધુ |
| ૩૮. | દક્ષિણ ધ્રુવ પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા | રીના કૌશલ ધર્મશક્તિ |
| ૩૯. | સાત પ્રમુખ સાગર તરીને પાર કરનાર | બુલા ચૌધરી |
| ૪૦. | ગોબી રેગિસ્તાન પાર કરનાર પ્રથમ મહિલા | સુચેતા કદેથાનકર |

***અમુક રાતે તમને ઊંઘ નથી આવતી અને અમુક રાતે તમે સૂવા નથી માંગતા.***

| | | |
|---|---|---|
| ૪૧. | રાજ્યસભાની પ્રથમ મહિલા સચિવ | વી. એસ. રમાદેવી |
| ૪૨. | રાજ્યસભા માટે નામાંકિત થનાર પ્રથમ અભિનેત્રી | નરગીસ દત્ત |
| ૪૩. | સાહિત્ય અકાદમી જીતનાર | અમૃતા પ્રીતમ |
| ૪૪. | ઓલિમ્પિક ખેલમાં ભાગ લેનાર | મેરી લીલા રાવ |
| ૪૫. | ભારતીય સિનેમાની પ્રથમ અભિનેત્રી | દેવિકારાની રોરીક |
| ૪૬. | રાષ્ટ્રીય આયોગની પ્રથમ મહિલા | જ્યોતિ પટનાયક |
| ૪૭. | પ્રથમ દૂરદર્શન સમાચાર વાચક | પ્રતિમા પૂરી |
| ૪૮. | વિશ્વ બેડમિન્ટન ખિતાબ જીતનાર અને ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર | પી.વી. સિંધુ |
| ૪૯. | ઓલિમ્પિક બેડમિન્ટનમાં સીંગલ સ્પર્ધામાં કાંસ્ય પદક જીતનાર | સાઇના નહેવાલ |
| ૫૦. | કુસ્તીમા પદક જીતનાર પ્રથમ મહિલા | સાક્ષી મલીક |
| ૫૧. | ઓલિમ્પિકમાં મુક્કેબાજીમાં કાંસ્ય પદક જીતનાર | મેરીકોમ |
| ૫૨. | પ્રથમ મહિલા વિદેશ સચિવ | ચોકિલા ઐયર |
| ૫૩. | રાજ્યસભા ઉપસભાપતિ - પ્રથમ મહિલા | નજમા હેપતુલ્લા |
| ૫૪. | ઓલિમ્પિકમાં ક્વોલીફાય થનાર જિમ્નેસ્ટીક | દીપા કરમાકર |
| ૫૫. | આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની વ્યક્તિગત સદસ્ય બનનાર મહિલા | નીતા અંબાણી |
| ૫૬. | એન્ટાર્કટીકા પહોંચનાર પ્રથમ મહિલા | મેહર મૂસા |
| ૫૭. | યુ.પી.એસ.સી. ભારતની પ્રથમ મહિલા અધ્યક્ષ | રોજ મિલિયન બૈથ્યુ |
| ૫૮. | પ્રથમ મહિલા મેયર (ચેન્નાઇ) | તારા ચેરિયન |
| ૫૯. | અર્જુન પુરસ્કારથી વિભૂષિત થનાર (હોકીમાં) | એન. લમ્સડેન |

## રાજા અને તત્ત્વજ્ઞાની

એક રાજા તેના કૂતરા સાથે હોડીમાં મુસાફરી કરી રહ્યો હતો. એ હોડીમાં અન્ય મુસાફરો સાથે એક તત્ત્વજ્ઞાની પણ હતો. કૂતરો ક્યારેય હોડીમાં મુસાફરી કરી શક્યો ન હતો તેથી તે હેરાન પરેશાન હતો. આરામ અનુભવી શક્યો નહીં. કુદાકુદ કરી રહ્યો હતો અને કોઈને શાંતિથી બેસવા પણ દેતો ન હતો.

કૂતરાથી નાવિક પણ પરેશાન થઈ ગયો હતો. સાથે આવી સ્થિતિમાં મુસાફરોના ગભરાટને કારણે હોડી ડૂબી જશે તો? – એ વાતથી ચિંતિત હતો. કૂતરો તો ડૂબી જશે અને બીજાને પણ ડુબાડશે. પરંતુ કૂતરો તેની પ્રકૃતિને લીધે ગુંચવાયો હતો.

આવી પરિસ્થિતિને જોઈને રાજા પણ ગુસ્સે થયો. પણ તે કૂતરાને સુધારવાની કોઈ રીત સમજી શક્યો નહીં.

નૌકામાં બેઠેલા તત્ત્વજ્ઞાનીથી આ સહન થતું ન હતું. તેથી તે સમ્રાટ પાસે ગયો અને કહ્યું : સરકાર, જો તમે મંજૂરી આપો તો હું આ કૂતરાને ભીની બિલાડી બનાવી શકું છું.

રાજાએ તાત્કાલિક મંજૂરી આપી.

તત્ત્વજ્ઞાનીએ બે મુસાફરોની મદદ લીધી અને હોડીમાંથી કૂતરાને ઉપાડીને નદીમાં ફેંકી દીધો.

હવે કૂતરાએ તરતા તરતા હોડીના ડટ્ટાને પકડવાનું શરૂ કર્યું અને જીવ બચાવવા માટે મરણિયા પ્રયાસ કરી રહ્યો હતો. થોડા સમય પછી તત્ત્વજ્ઞાનીએ તેને હોડીમાં પાછો ખેંચી લીધો. કૂતરો છાનોમાનો એક ખૂણામાં જઈને બેઠો.

નૌકાના મુસાફરોની સાથે કૂતરાની વર્તણુંક જોઈ રાજા પણ આશ્ચર્યચકિત થઈ ગયા. રાજાએ તત્ત્વજ્ઞાનીને પૂછ્યું : પહેલા તો તે કૂદકા મારી ભસાભસ કરતો હતો. હવે જુઓ, તે પાળેલી બકરીની જેમ કેવી રીતે બેઠો છે?

તત્ત્વજ્ઞાનીએ કહ્યું : કોઈને મુશ્કેલીનો સ્વાદ ચાખ્યા વિના પોતાના સુખનો અને પોતાના સુખ સગવડનો અહેસાસ થતો નથી. જ્યારે મેં આ કૂતરાને પાણીમાં ફેંકી દીધો, ત્યારે તે પાણીની શક્તિ અને હોડીની ઉપયોગીતાને સમજી ગયો.

ભારતમાં આવા ભસતા લોકોને સીરિયા, ઇરાક અથવા પાકિસ્તાનમાં ૬ મહિના માટે ફેંકી દેવા જોઈએ. ત્યારબાદ ભારત આવ્યા પછી, તે આપમેળે ભીની બિલાડી બની જશે અને એક ખૂણામાં સૂઈ જશે. ■

*વેદના અને આનંદ વચ્ચે આ ફેર છે : ક્યાંક અઢળક પણ ઓછું પડે અને ક્યાંક એક સ્મિત અઢળક થઈ પડે.*

# શબ્દ શોધ : ૯૨

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | | ■ |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | | | ૧૭ | ■ | ■ | ૧૮ | | |
| | ■ | ૧૯ | | | ૨૦ | | ■ | |
| ૨૧ | ૨૨ | | | ■ | ૨૩ | | ૨૪ | |
| ૨૫ | | ■ | ૨૬ | ૨૭ | | ■ | | ■ |
| | ■ | ૨૮ | | | ■ | ૨૯ | | |

## આડી ચાવીઓ

૧. શાંતિ, સુખચેન, આરામ (૩)
૩. વર્તમાન પત્રમાં શું આપો તો પૈસા ચૂકવવા પડે? (૪)
૬. ઉનાળામાં સામાન્ય રીતે પાણી પુરવઠામાં શું મૂકવામાં આવે છે? (૨)
૭. આકાશ (૩)
૮. પાણી, નીર (૨)
૯. સામસામા એકબીજાને વારંવાર માર મારવાની અને મારી નાખવાની ક્રિયા (૪)
૧૧. શંકા (૩)
૧૨. કાંઠો, આરો, કિનારો (૨)
૧૩. ધણી, પતિ, નાથ (૨)
૧૪. “_____ માલીની” – એક અભિનેત્રી (૨)
૧૬. સમૃધ્ધિ, સિધ્ધિ, લાભ (૪)
૧૮. વળવું એ, વકીભવન (૩)
૧૯. સૌરાષ્ટ્રનો એક પ્રખ્યાત મેળો (૫)
૨૧. ભૂલ, ચૂક (૪)
૨૩. કાવ્યગત રસનો આસ્વાદ આપનારું (૪)
૨૫. અનાજ પીસાય તો શું મળે? (૨)
૨૬. ગાંડું, દીવાનું (૩)
૨૮. દસમી તિથિ (૩)
૨૯. ‘તારક મહેતા કા ઊલટા ચશ્મા’ ટી.વી. શ્રેણીમાં જેઠાલાલના પપ્પાનું નામ શું છે? (૩)

## ઊભી ચાવીઓ

૧. અપાર, સામો છેડો નથી તેવું (૫)
૨. શહેર, પૂર (૩)
૩. પશુ, ઢોર (૪)
૪. રાજાનું વિશાળ ભવન (૫)
૫. એક તેલીબિયું (૨)
૬. કામિની, સુંદર સ્ત્રી (૨)
૧૦. મારામારી અને કાપાકાપી (૫)
૧૫. સન્માન સાથે ઈલકાબનો ચંદ્ર (૪)
૧૬. એક જાતની મોટો અવાજ આપતી આતશબાજી (૫)
૧૭. ઊંડી ખોજ, બારીક તપાસ (૫)
૧૮. બાર મહિનાનો સમયગાળો (૩)
૨૦. ચંચળ, અસ્થિર (૩)
૨૨. ધિક્કાર કે ફિટકારનો ઉદ્‌ગાર (૨)
૨૪. દીવો, દીવડો, દીપ (૩)
૨૭. અફસોસ (૨)

## શબ્દશોધ : ૯૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સા | ન | ■ | ■ | અં | જા | ર |
| મ | દ | ■ | ઠા | વ | કું | ■ | ■ | સી |
| દા | ■ | અ | રું | ધ | તી | ■ | વા | દ |
| વા | દ | ળ | ■ | ■ | ■ | ■ | ચ | ■ |
| દ | ળ | વી | ■ | બ | દ | ચ | લ | ન |
| ■ | ■ | ત | ર | લ | ■ | ર | ■ | વ |
| મ | તા | રું | ■ | રા | જ | મ | હે | લ |
| હે | ■ | ■ | ના | મ | ના | ■ | વા | ■ |
| શ | બ | ન | મ | ■ | બ | હે | ન | ■ |

### શબ્દ શોધ : ૯૧નો ઉકેલ મોકલાવનારના નામ

- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- વસંતબેન વજેરામ ગોર - ગાંધીનગર
- અશોક મહેતા - ભુજ (કચ્છ)

## બુરાઈ વોહી કરતે હૈં જો બરાબર નહીં કર સકતે

બસ એક તજુર્બા લિયા હૈ જિંદગીસે અપનો કે
નજદીક રહના હૈ તો ‘ખામોશ રહો’
ઔર અપનો કો નજદીક રખના હૈ તો કોઈ ભી બાત દિલ પર મત લો.

*સાંભળ્યું છે પ્લે સ્ટોરમાં બધું જ મળે છે, ચાલો, વિખરાયેલા સંબંધોની સર્ચ કરીએ!*

## દૂર થઈ ગયા

કેટલા નજદીક હતા, ને દૂર થઈ ગયા
એવા તે કયા મજબુર થઈ ગયા

પાનખરમાં પાન જેમ
ખરી ગયા
આપણા પણ મન એમ
મરી ગયા.

આઈના હતા જે ચૂર થઈ ગયા
એવા તે કયા મજબુર થઈ ગયા.

ફૂલ અને સુગંધનો જે
નાતો હતો
સૂરજ પણ ચાંદનીથી
નહાતો હતો.

આંખે અંધારા ભરપૂર થઈ ગયા
એવા તે કયા મન મજબૂર થઈ ગયા

દિવસ ને રાત ન મળી શક્યા
હતા સામે વાત ન કરી શક્યા

હોઠ શાને આટલા ક્રૂર થઈ ગયા
કેટલા નજદીક હતા ને દૂર થઈ ગયા.

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*

## મારી અભ્યર્થના

*મારા સંકલ્પ - વિકલ્પ દૂર કરો*
*મારા હૈયામાં શાંતિનું પૂર ભરો*
*અંતર મહીં ઉલ્લાસની છાયા ઘડી ઘેરી બને*
*બીજી પળે વિષાદ ચોપાસથી ઘેરી વળે*
*એવા ઉર્મિના મોજાને સ્થિર કરો*
*અંતર કૂણું આઘાત-પ્રત્યાઘાતથી ખંડિત બને*
*એને બનાવો વજ્ર સહેવા સુખને સંતાપને*
*વિકારોની સામે એને વીર કરો.*
*આપો પ્રભુ દિવ્યદૃષ્ટિ રહું સૌમ્ય હું સુખદુઃખમાં*
*સંપદ વિપદમાં પણ રહો સંતોષના શબ્દો મુખમાં*
*મારી શંકા-કુશંકા નિર્મૂળ કરો*
*ધનહીન કે ધનવાન હું, ધર્મિષ્ઠ રહું હરપળે*
*આશા નિરાશાની સહુ ભાવના મારી ટળે*
*મારા અધીર હૈયાને ધીર કરો.*

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

## મનોવ્યથા

સ્વર બનું? કે વ્યંજન બનું?
અક્ષર બની જાઉં? કે શબ્દ બની જાઉં?
વિચારોને આકાર કઈ રીતે આપું?...

અહીં તો કાનો, માત્રા, મિંડી, પદથી અર્થ બદલાય છે
તો લાગણીઓ ક્યાં કાયમ સચવાય છે?

અંક બનું? કે આંકડો બનું?
અહીં તો શૂન્યના સ્થાન સાથે પણ રમત રમાય છે...

સ્વાર્થી બનું? કે સહારો બનું?
મિત્ર બનું કે શત્રુ બનું?
અહીં તો સમયે સમયે સંબંધની વ્યાખ્યા બદલાય છે...

પ્રેમ કરું? કે લાગણી રાખું?
કઠોર રહું? કે ક્રૂર બનું?
હવે હૃદયના ધબકારા ક્યાં કોઈને સંભળાય છે...

સપનામાં આવું? કે હિચકીથી આવું?
હવે તો સામા મળ્યેય ક્યાં સ્મિત અપાય છે?

વાહ રે દુનિયા!
શું પરિવર્તન આવ્યું છે?
જે સહે છે તે વધુ શોષાય છે...

હવે તો બસ સ્વાર્થ જ પોષાય છે...
મનને લખવું? કે હકીકત લખવી?

હવે તો જેને જે ગમે એ જ વંચાય છે...
વગર કહે જે સમજાઈ જતું,
હવે કહીને પણ ક્યાં સંભળાય છે?

કહોને હવે...
વિચારોને આકાર કઈ રીતે આપું?

*સૌ. પ્રિયંકા પરીનકુમાર ગડા (કચ્છ ગામ : સાભરાઈ, હાલે ડિગ્રસ)*

## ભણેલા અને ગણેલા વચ્ચે શું ફરક છે?

પરીક્ષામાં પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ક્રિકેટમાં એક ઓવરમાં કેટલા બોલ હોય છે?

ભણેલાએ જવાબ આપ્યો, ‘છ બોલ.’

ગણેલાએ જવાબ આપ્યો, ‘બોલ એક જ હોય છે, પણ નાખવાનો છ વાર હોય છે.’

*પ્રેમ અને મોતની પસંદગી તો જુઓ... એકને હૃદય જોઈએ તો બીજાને ધબકારો!*

જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૮)



તુલસી કંસારા




***Pentathlon* = *પેન્ટાથ્લોન*** = *ઉમેદવારે ભાગ લેવાના જુદા જુદા પાંચ બનાવોવાળી વ્યાયામની હરીફાઈ.* આ નામ ગ્રીક ભાષામાંથી ઉતરી આવેલ છે. જેનો મતલબ થાય છે કે પાંચ (પેન્ટા) અને એથ્લોન એટલે કે હરીફાઈ. આવી પહેલી હરીફાઈ જૂના ગ્રીસમાં તે સમયના ઓલિમ્પિક રમતોના ભાગ તરીકે રેકોર્ડ થયેલ છે. આમાં એક જ દિવસમાં પાંચ રમતોની હરીફાઈ યોજવામાં આવેલ, જેમાં લોંગ જમ્પ = લાંબો કૂદકો, જ્વેલિન થ્રો = ભાલા ફેંક, ડિસ્કસ થ્રો = ડિસ થ્રો, સ્ટેડીઓન = ટૂંકા પગલાની હરીફાઈ અને કુસ્તી. પેન્ટાથેટલેટ્સ - આ રમતમાં ઉતરનાર એથ્લેટો ખૂબ જ ચુસ્ત હરીફો માનવામાં આવતા હતા અને તેમને મિલીટરી જેવી ટ્રેઈનિંગ મોટેભાગે મિલીટરી સર્વિસની ટ્રેઈનિંગ હતી. આ પાંચેય રમતોને ત્યારે લડાઈમાં ઉપયોગી માનવામાં આવતી હતી.

***Quid pro quo* = *ક્વિડ પ્રો ક્વો*** = *નુકસાન ભરપાઈ (તરીકે આપેલી વસ્તુ).* કોઈ વ્યક્તિનું કામ કરી આપવા બદલ, તેની તરફદારી કરવાના બદલામાં કોઈ વસ્તુ કે રોકડ નાણાં આપવા – તેને અંગ્રેજીમાં ક્વિડ પ્રો ક્વો કહેવાય છે. આના સમાનાર્થી શબ્દોમાં આપણે એક્ષચેન્જ, બદલો, ટ્રેડ ઑફ, સ્વેપ, રીવર્સ, બાર્ટર, સબસ્ટીટ્યુટ, રેસીપ્રોકેસિટી જેવા અંગ્રેજી શબ્દો મૂકી શકીએ.



***Virus* = *વાઈરસ*** = *એક નાનો જંતુ જે પોતાને ફરીથી જન્માવી શકતો નથી.* એક વખત તે આપણા શરીરમાં કોઈ પણ નબળા સેલને ચેપ લગાવી દે પછી તે સેલ પોતે જ બીજા તેવા જ અનેક વાઈરસો પેદા કરે છે. મોટાભાગના વાઈરસોના આર.એન.એ. કે ડી.એન.એ. તેમના જિનેટીક મટીરિયલ જેવા જ હોય છે. આ આખા ચેપ લગાડનાર વાઈરસના એક કણમાં ન્યુક્લિઈક એસિડ હોય છે અને તેનો બહારનો ભાગ પ્રોટીનનો હોય છે. સાદામાં સાદા વાઈરસમાં ચાર ગણા પ્રોટીનને બનાવવા જેટલા આર.એન.એ. કે ડી.એન.એ. હોય છે અને જે ખૂબ જ જટીલતા ધરાવતો હોય તેવા વાઈરસમાં ૧૦૦થી ૨૦૦ ગણા તેવા જ પ્રોટીનોને કે વાઈરસનો જન્માવવા જેટલા આર.એન.એ. કે ડી.એન.એ. હોય છે. હાલમાં જ કોરોના વાઈરસ જે ઝડપથી ફેલાઈ રહ્યો છે તે ખૂબ જ અત્યંત જટીલ વાઈરસ છે. આ વાઈરસનું નામ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોવિડ-૧૯ રાખેલ છે. ■



## જે આપે છે તે જ પામે છે...

એક ભિખારીએ સોનાના રથમાં બેસી કોઈ મહારાજને પોતાની તરફ આવતા જોયા. ભિખારીને થયું કે બસ આજે તો મારું ભાગ્ય ફળશે, મહારાજાધિરાજ આવે છે. રથ તેની પાસે આવીને ઊભો રહ્યો. ભિખારીના આશ્ચર્ય વચ્ચે રાજાએ પોતે જ રથમાંથી ઊતરીને ભિખારી સામે યાચક બનીને હાથ લાંબો કર્યો. પેલો ભિખારી તો વિચારમાં પડી ગયો, શું આપું? લોભ લલચાવે છે, આપવાનું મન થતું જ નથી. પણ રાજા હાથ પાછો ખેંચતો જ નથી.

આખા રાજ્યનાં સુખનો સવાલ છે : 'તારે કાંઈક આપવું જ પડશે.' ભિખારી છેવટે પોતાની ઝોળીમાંથી એક દાણો કાઢી રાજાના હાથમાં મૂકે છે. રાજા તો દાણો લઈને ચાલ્યો જાય છે. ભિખારી વિચારવા લાગ્યો કે – 'વાહ, રાજા વાહ. મારી ખીચડીમાંથી એક દાણો ઓછો કર્યો.' દુઃખ સાથે તે ઘેર ગયો અને ઝોળી ખાલી કરી તો તેમાં એક સોનાનો દાણો દેખાયો! તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યા. અરેરે...! મેં મારી આખી ઝોળી શા માટે ઠાલવી ના દીધી?

– ***રવીન્દ્રનાથ ટાગોર***

*મેડીક્લેઈમ તો આખા શરીરનો હતો, પણ ખાલી દિલ તૂટ્યું એટલે ક્લેઈમ પાસ ના થયો.*

## સંસ્થા સમાચાર

### પરિણય મિલન

- **રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૯**
  **ચિ. નિર્મલ,** MBA (UK) શ્રીમતી ઇંદુબેન મહેન્દ્રભાઈ હરજીવનદાસ મોરબિયા (ભુજ - અમદાવાદ)ના સુપુત્ર
  *સંગ*
  **ચિ. સુરભી,** B.D.S. શ્રીમતી રીનાબેન પ્રફુલભાઈ કોઠારી (ભાવનગર)ની સુપુત્રી
- **શનિવાર, તા. ૪-૧-૨૦૨૦**
  **ચિ. શૈલ** શ્રીમતી મીતાબેન મનોજભાઈ શાંતિલાલ સાવલા (તુંબડી - અમદાવાદ)ના સુપુત્ર
  *સંગ*
  **ચિ. વિધિ** શ્રીમતી રશ્મિ રાજેન્દ્ર ગાલાના સુપુત્રી
- **શનિવાર, તા. ૧-૨-૨૦૨૦**
  **ચિ. મૌલી** શ્રીમતી છાયાબેન સુરેશભાઈ ઉગરચંદ ગઢેચા (ફતેહગઢ - અમદાવાદ)ની સુપુત્રી
  *સંગ*
  **ચિ. મિત** શ્રીમતી સંગીતાબેન કુમારભાઈ શાહના સુપુત્ર
- **મંગળવાર, તા. ૪-૨-૨૦૨૦**
  **ચિ. સલોની** શ્રીમતી સોનલબેન ચંદ્રેશભાઈ પ્રભુલાલ (ગોળવાળા) (કાંડાગરા - અમદાવાદ)ની સુપુત્રી
  *સંગ*
  **ચિ. વત્સલ** શ્રીમતી રૂપાબેન જયેશભાઈ સંઘવીની સુપુત્ર
- **શુક્રવાર, તા. ૧૪-૨-૨૦૨૦**
  **ચિ. મોક્ષા** શ્રીમતી અમીબેન ચેતનભાઈ કાંતિલાલ વોરા (ખાંડવાલા) (અંજાર - અમદાવાદ)ની સુપુત્રી
  *સંગ*
  **ચિ. હરિઓમ** શ્રીમતી આશાબેન રાજેન્દ્રકુમાર પટેલના સુપુત્ર
- **રવિવાર, તા. ૨૩-૨-૨૦૨૦**
  **ચિ. દર્શન** શ્રીમતી બિંદુબેન હિતેશભાઈ લક્ષ્મીચંદ શાહ (ભુજ - અમદાવાદ)ના સુપુત્ર
  *સંગ*
  **ચિ. તન્વી** શ્રીમતી રીનાબેન પ્રશાંતભાઈ મોતીલાલ શાહ (ભુજ - નાગપુર)ની સુપુત્રી
- **રવિવાર, તા. ૧-૩-૨૦૨૦**
  **ચિ. મલય** શ્રીમતી અલ્પાબેન ડૉ. અતુલ પોપટલાલ ધરોડ (પત્રી - અમદાવાદ)ના સુપુત્ર
  *સંગ*
  **ચિ. નીલય** શ્રીમતી કાલિંદી કુમારસિંઘ ચંદ્રાકરની સુપુત્રી

***નવદંપતિઓને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા કચ્છશ્રુતિની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....***

### અવસાન નોંધ

- **બુધવાર, તા. ૫-૨-૨૦૨૦**
  શ્રી અમૃતલાલ નાનજી રવજી પોલડિયા (ઉં.વ. ૭૪) (તલવાણા - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૨૩-૨-૨૦૨૦**
  શ્રી વિરેન્દ્રભાઈ દામજી છેડા (સુથરી - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્ગતશ્રીઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના.*

*ગરમ ચા જેવા મગજને ઠંડું કરવાનો ઉપાય? પ્રેમની પહોળી રકાબીમાં એને રેડી દેવો.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ – ૨૦૨૦

★ **શનિવાર, તા. ૬-૨-૨૦૨૦**

- માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર સમાજ પર આવ્યા હતા. વર્ષ ૨૦૧૯-૨૦ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના બીલનું વિશ્લેષણ કરી તેનું પેમેન્ટ ક્લિયર કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૧૧-૨-૨૦૨૦**

- ફેબ્રુઆરી-૨૦૨૦ના કચ્છશ્રુતિના અંકનું પ્રુફ રીડિંગ લગભગ પરિપૂર્ણ કરી લેવામાં આવ્યું.
- વિવિધ મહાનુભાવોની બાકી રહેતી ઉઘરાણીની રકમ માટે પત્રો લખવાનું શરૂ કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૧૭-૨-૨૦૨૦**

- આજરોજ શ્રી હિમાંશુ ઠક્કર સમાજની ઓફિસ પર આવ્યા હતા. તેમની સાથે રહી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯નો હિસાબ પૂર્ણ કર્યો.
- આજરોજ કચ્છના અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહજી જાડેજા સમાજની ઓફિસ પર આવેલ હતા. તેમની સાથે કચ્છના પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી. મુખ્યત્વે નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો અને વધારાના પાણીના કાર્યો બાબતે ચર્ચા કરવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૨૦-૨-૨૦૨૦**

- રજિસ્ટ્રાર ઑફ ન્યુઝ પેપર્સની વર્તમાનપત્રોમાં આવેલ નોટીસ સામે 'કચ્છશ્રુતિ'ના જરૂરી પેપર્સ તૈયાર કરાવી તેને ન્યુઝ પેપર્સની રજિસ્ટ્રાર ઑફિસ, ન્યુ દિલ્હી ખાતે ઓનલાઈન અને સાથે સાથે પોસ્ટથી પણ મોકલી આપ્યા.

★ **શુક્રવાર, તા. ૨૮-૨-૨૦૨૦**

- આજરોજ શ્રી હિમાંશુભાઈ ઠક્કર સાથે રહી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની આગામી ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગનું આયોજન કરી તેનો એજન્ડા નક્કી કર્યો. તા. ૭-૩-૨૦૨૦ના રોજ મીટિંગ બોલાવવાનું નક્કી કરી તેના સરક્યુલર મોકલી આપવાનું આયોજન કર્યું.

★ **શનિવાર, તા. ૨૯-૨-૨૦૨૦**

- કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિની મેનેજિંગ કમિટીની મીટિંગ આજરોજ ભુજ ખાતે યોજાયેલ હતી કે જેમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

★ **સોમવાર, તા. ૨-૩-૨૦૨૦**

- કચ્છના રાપર વિભાગના ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન આરેઠિયાના પતિ શ્રી બચુભાઈ આરેઠિયા આજરોજ સમાજની ઓફિસ પર આવેલ હતા. તેમની સાથે કચ્છના નર્મદા નદીની કેનાલોના અને કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી તથા વધારાના પાણી પ્રશ્ને ચર્ચા કરવામાં આવી.

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

શ્રી હિમાંશુભાઈ શાહ - ગાંધીનગર તરફથી વિશ્વ ગુજરાતી કોષના ખંડ ૧ થી ખંડ ૧૦ (૧૦ વોલ્યુમ) શ્રી કચ્છી સમાજ - અમદવાદ સંચાલિત ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરીને બુધવાર, તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ સપ્રેમ ભેટ મળેલ છે. તેઓનો અત્રેથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથો ખૂબ જ ઉપયોગી અને માહિતીપ્રદ હોવાથી સમાજના સભ્યોને તેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*સારું થયું કે ઈશ્વરે મુસીબતો મોકલી, ભ્રમ તૂટી ગયો કે અંગત ઘણા છે.*

# ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લી.

ભુજ-માધાપર-અંજાર-ગાંધીધામ-નખત્રાણા-અમદાવાદ
H.O.: Mithakhali Six Road, Ahmedabad. Ph. 079 26400968
E-mail : bhujbank@gmail.com • www.bhujbank.com

**BMCB-Winner of 1st Rank in India**
With Prestigious
Banco Puraskar 2019




તાજેતરમાં ગોવા મુકામે ભારતમાં નંબર-૧ બેન્કનો "બેન્કો" પુરસ્કાર મેળવતી **ભુજ મર્કન્ટાઇલ બેન્ક** વતી એવોર્ડ સ્વીકારે છે... ચેરમેન **રશ્મી પંડયા, ડાયરેક્ટર નીલાબેન ચોકસી, ચેતનભાઈ મેહતા** અને **G.M. CA સ્મીત મોરબીઆ**

B.M.C.B. ગ્રાહક સેવામાં સદાય તત્પર... સદાય અગ્રેસર...

## FDR ▶ 100 DAYS ▶ 8% @ વ્યાજ

## (FOR SENIOR / SUPER SENIOR CITIZENS 8.50% / 8.75% @ વ્યાજ

## BMCB ડબલ ડિપોઝીટ 105 માસમાં (FOR SENIOR CITIZENS)

### :: બેંકની વિશેષતાઓ ::

- C/A ચાલુખાતા (Flexi Deposit )માં વ્યાજ 5.50% @
- RTGS / NEFT / DD / SMS Alert & Cheque Book Charges, Service Charges- NIL (Zero)*
- Cash / RTGS નો સમય સવારે ૧૦ થી સાંજે ૬ સુધી
- Lockers • ઈ-સ્ટેમ્પીંગ • ઈ-સ્ટેટમેન્ટ
- POS / Swiping Machine ફક્ત રૂા. ૧૫૦૦/-માં *
- પ્રધાનમંત્રી જીવન વિમા અને અકસ્માત વિમાની સગવડ
- S/B બચતખાતા (Flexi Deposit)માં વ્યાજ 6.00% @
- BMCB Rupay / ATM Card & E-com Payment
- GST / INCOME TAX / Govt Pyts. ભરવાની સગવડ
- રાષ્ટ્રીયકૃત બેંકો જેવું/જેટલું જ થાપણ વીમા કવરેજ
- મિની સ્ટેટમેન્ટ માટેની સુવિધા : 95120 04409
- 24x7 ફ્રી બેલેન્સ એલર્ટ સુવિધા : 95120 04408

BMCB-ફંડ/થાપણો/લોન EXCEEDING RS. 300 CRORES!!

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફૂલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટોલટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જીનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઇવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH ER | ... | cGreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

જીવદયા  કરૂણા  અહિંસા  લુણી  પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---

## SCHOOL MANAGEMENT SOFTWARE

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**

406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



## HOME DESIGN
FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

**Office** : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.

**Factory** : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.

E-mail : homedesign3202@gmail.com

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

---

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

[illegible]

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળોમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી ભાવશી ભેદા-બોખા (પાણા)

કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી ભાવશી ભેદા-બોખા (પાણા)

૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુળ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

---

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

## શ્રી મૂકેશભાઈ એમ. સાવલા

૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

---

## જાહેરાત આવકાર્ય

---

## જાહેરાત આવકાર્ય

---

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

BUILDERS WE PRESENT
& Many More...
BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axiom,
Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058.
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

PRIME PROPERTY
- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties

SILICON
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.:

INDOTEX PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh



DEEP Industries Limited
Oil & Gas Exploration Production & Services
- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)